અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક


# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

25 APRIL-2026 SATURDAY | Vol. : 17 | Issue : 292 | Page: 08 | PRICE: 2-00/- | Ahmedabad

Ahmedabad


તંત્રી: પટેલ સુરેશ રમણલાલ

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રો, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886

3

બંગાળમાં મોદીએ કહ્યું- TMCનો દીવો ઓલવાઈ રહ્યો છે: શાહે કહ્યું- આગામી મુખ્યમંત્રી અહીં જન્મેલા જ હશે.....

4

બંગાળની આ બેઠકો પર કોંગ્રેસે સ્પર્ધા રસપ્રદ બનાવી

6

સમિરા રેડ્ડીનો ખુલાસો : "મારે કોઈ ફિચરલેસ હોય એવા વિષય સાથે કમબેક કરવું હતું"

7

ક્રૂડ ઉછળી 106 ડોલર ઉપર ગયા પછી ફરી તૂટ્યું : હવે ચીન ક્રૂડ વેચવા નિકળ્યું

## નીતિન નબીને રાઘવ ચઢ્ઢાને લાડુ ખવડાવીને પાર્ટીમાં તેમનું સ્વાગત કર્યું

# રાઘવ ચઢ્ઢા સહિતના કેટલાક સાંસદોએ કર્યો પક્ષપલટો, આપ છોડી વિધિવત ભાજપમાં સામેલ

### રાઘવ ચઢ્ઢા સહિત 7 સાંસદોએ રાજીનામાં આપ્યો, જેમાં સંદીપ પાઠક, સ્વાતિ માલિવાલ, હરભજન સિંહ, અશોક મિત્તલ અને વિક્રમજીત સાહની સામેલ

**નવી દિલ્હી, તા.24**

આમ આદમી પાર્ટીમાંથી રાઘવ ચઢ્ઢા સહિત સાત સાંસદોએ આજે(૨૪ એપ્રિલ) રાજીનામાં આપ્યા હતા. રાજ્યસભાના સાંસદ રાઘવ ચઢ્ઢા, અશોક મિત્તલ અને સંદીપ પાઠકે પ્રેસ કોન્ફરન્સ કરીને ભાજપમાં જોડાવાની જાહેરાત કરી હતી. ત્યારબાદ હવે શુક્રવાર સાંજે નવી દિલ્હી ખાતે ભાજપ હેડક્વાર્ટર તમામ પહોંચ્યા હતા, જ્યાં તેમનું ભાજપ અધ્યક્ષ નીતિન નબીન દ્વારા સ્વાગત કરાયું હતું.



ભાજપ હેડક્વાર્ટરમાં નીતિન નબીને રાઘવ ચઢ્ઢાને લાડુ ખવડાવીને પાર્ટીમાં તેમનું સ્વાગત કર્યું. આ દરમિયાન ચઢ્ઢાએ ભાજપ અધ્યક્ષને ગુલદસ્તો ભેટ કર્યો. આ સત્તાવાર મિલનની સાથે ચઢ્ઢા સત્તાવાર રીતે ભાજપમાં સામેલ થઈ ગયા. પાર્ટી કાર્યકર્તાઓમાં આ રાજકીય ઘટનાક્રમમાં જશ્નનો માહોલ છે. આમ આદમી પાર્ટીની સ્થિતિ હવે રાજ્યસભામાં ખુબ નબળી થઈ ગઈ છે.

રાઘવ ચઢ્ઢા સહિત આમ આદમી પાર્ટીમાંથી ૭ સાંસદોએ રાજીનામાં આપ્યા છે. જેમાં સંદીપ પાઠક, સ્વાતિ માલિવાલ, હરભજન સિંહ, અશોક મિત્તલ અને વિક્રમજીત સાહની સામેલ છે.

રાઘવ ચઢ્ઢાએ એક અત્યંત ગંભીર અને ચોંકાવનારો ખુલાસો કરતા પક્ષ સાથેના તમામ સંબંધો તોડવાની જાહેરાત કરી છે. આ અંગે તેમણે કહ્યું કે, આમ આદમી પાર્ટીને મેં મારા લોહી-પરસેવાથી સીંચી છે અને મારા જીવનના મહત્ત્વના ૧૫ વર્ષ આપ્યા છે, તે પાર્ટી હવે તેના સિદ્ધાંતો, મૂલ્યો અને નૈતિકતાથી ભટકી ગઈ છે. હવે આ પાર્ટી દેશના હિતમાં નહીં, પણ પોતાના અંગત સ્વાર્થ માટે કામ કરી રહી છે. છેલ્લા કેટલાક સમયથી મને સતત એવું લાગી રહ્યું હતું કે હું એક ખોટી પાર્ટીમાં ફસાઈ ગયેલો સાચો માણસ છું. એટલા માટે જ આજે હું મારી જાતને આપથી અલગ કરી રહ્યો છું અને હવે જનતાની સેવામાં જોડાઈ રહ્યો છું, તેમજ મારી સાથે આમ આદમી પાર્ટીના બે તૃતીયાંશ (૨/૩) સાંસદો પણ ભાજપમાં જોડાઈ રહ્યા છે.

બીજી તરફ દિલ્હીમાં મીડિયા સાથે વાતચીત કરતા આમ આદમી પાર્ટીના વરિષ્ઠ નેતા સંજય સિંહે ભારતીય જનતા પાર્ટી અને તેના ટોચના નેતૃત્વ પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે આરોપ લગાવ્યો કે કેન્દ્ર સરકાર ઓપરેશન લોટસ દ્વારા પંજાબ સરકારને અસ્થિર કરવાનો પ્રયાસ કરી રહી છે. ઓપરેશન લોટસ ખરેખર હલકી રાજનીતિનું એક ઉદાહરણ છે. તે માત્ર સત્તા કબજે કરવાનો પ્રયાસ નથી, પરંતુ પંજાબમાં ચાલી રહેલા જનહિતના કાર્યોને રોકવાનું એક ષડયંત્ર છે.

આરોપ લગાવ્યો કે, આમ આદમી પાર્ટીના રાજ્યસભાના સાત સાંસદોને તોડીને ભાજપમાં સામેલ કરવામાં આવ્યા છે. પંજાબની જનતાએ આ નામો યાદ રાખવા જોઈએ, કારણ કે આ લોકોએ ગદ્દારી કરી છે. આ સંદર્ભમાં રાઘવ ચઢ્ઢા, સંદીપ પાઠક, રાજેન્દ્ર ગુપ્તા, અશોક મિત્તલ, સ્વાતિ માલીવાલ અને હરભજન સિંહ જેવા નામોનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું કે, જનતાએ આ તમામને સામાન્ય સ્તરેથી ઉઠાવીને સંસદ સુધી પહોંચાડ્યા, પરંતુ હવે તેઓએ જનતા સાથે વિશ્વાસઘાત કર્યો છે.

પંજાબના મુખ્યમંત્રી ભગવંત માને પણ AAPમાંથી ભાજપમાં ભળેલા સાંસદોની ઝાટકણી કાઢતા કહ્યું કે, ભાજપે પંજાબ સાથે ગદ્દારી કરી, ભાજપનું પંજાબમાં કોઈ અસ્તિત્વ જ નથી, ભાજપનું પોતાનું કઈ જ નથી માટે આ પ્રકારના તુક્કા લગાવી રહી છે. ભાજપ પંજાબ જીતી શકતી નથી, આ પ્રકારે વોશિંગ મશીનનો ઉપયોગ કરીને શરદ પવારની પાર્ટી અને શિવસેના ઉદ્ધવ ઠાકરેની તેમજ કોંગ્રેસની પાર્ટીને તોડી નાખવામાં આવી હતી.

પંજાબમાં ભાજપનો કોઈ જ જનાધાર નથી. ભાજપ તેની સાથે વિલય કરનારા લોકોને પણ ગળી જાય છે, આ સાત લોકો પાર્ટીનો ભાગ નથી, ગદ્દારોના જવાથી કોઈ ફર્ક પડતો નથી, જનતાના પ્રેમની કોઈ કિંમત હોતી નથી, પંજાબની જનતાનો પ્રેમ કોઈ પણ કિંમતે ખરીદી શકાશે નહીં.

## CJI બોલ્યા- બંગાળનો મતદાર ટર્નઆઉટ જોઈને ખૂબ ખુશ છું

### SIR યાદીમાંથી બહાર ચૂંટણી અધિકારીઓની અરજી પર કહ્યું- આ વખતે મત આપી શકશે નહીં

**નવી દિલ્હી, તા.24**

સુપ્રીમ કોર્ટે પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીના પ્રથમ તબક્કામાં થયેલા રેકોર્ડ મતદાનની પ્રશંસા કરી. શુક્રવારે થયેલી સુનાવણી દરમિયાન CJI સૂર્યકાંત, જસ્ટિસ જોયમાલ્યા બાગચી અને જસ્ટિસ વિપિન પંચોલીની બેન્ચે રાજ્યમાં ચૂંટણી હિંસા ન થવા પર સંતોષ વ્યક્ત કર્યો. CJIએ કહ્યું- ભારતના નાગરિક તરીકે, મને મતદાનની ટકાવારી જોઈને ખૂબ આનંદ થયો. જ્યારે લોકો પોતાના મતાધિકારનો ઉપયોગ કરે છે, ત્યારે તેનાથી લોકતાંત્રિક વ્યવસ્થા મજબૂત બને છે. સુપ્રીમ કોર્ટે કહ્યું કે, જેમના નામ મતદાર યાદીમાંથી હટાવી દેવામાં આવ્યા છે, તેઓ સમાધાન માટે કોર્ટ દ્વારા નિયુક્ત 19 અપીલીય ટ્રિબ્યુનલોનો સંપર્ક કરે. કોર્ટ બંગાળમાં SIRને પડકારતી અરજીઓની સુનાવણી કરી રહ્યું હતું. સુપ્રીમ કોર્ટે ચૂંટણી પહેલા આ પ્રક્રિયાને રોકવાનો ઈનકાર કર્યો હતો.



કોર્ટે અપીલીય ટ્રિબ્યુનલોને કહ્યું કે તેઓ એવા લોકોને પહેલા સુનાવણીનો મોકો આપે, જેઓ મતદાર યાદીમાં નામ ઉમેરવા માટે તાત્કાલિક સુનાવણીની વિનંતી કરે છે. સુપ્રીમ કોર્ટે 24 એપ્રિલે એવા વિવિધ લોકોની અરજી પર સુનાવણી કરવાનો ઈનકાર કર્યો હતો, જેમના નામ પશ્ચિમ બંગાળમાં મતદાર યાદીના વિશેષ સઘન સુધારા (SIR) દરમિયાન મતદાર યાદીમાંથી કાપી નાખવામાં આવ્યા હતા; જેમાં લગભગ 65 ચૂંટણી ફરજ અધિકારીઓ પણ સામેલ હતા. અરજદારના વકીલ એમઆર શમશાદે જણાવ્યું હતું કે ઘણા અધિકારીઓના નામ કોઈ કારણ વગર મનસ્વી રીતે મતદાર યાદીમાંથી હટાવી દેવામાં આવ્યા હતા. તેમના ડ્યુટી ઓર્ડરમાં EPIC નંબરનો ઉલ્લેખ છે. હવે તે નંબર હટાવી દેવામાં આવ્યા છે. હવે ચૂંટણી કરાવનારા લોકો મતદાન કરી શકતા નથી. આ મનસ્વી છે. ઘણા કિસ્સાઓમાં કારણો પણ જણાવવામાં આવ્યા નથી.'

આના પર જસ્ટિસ બાગચીએ કહ્યું, 'આ ચૂંટણીમાં કદાચ તેઓ મતદાન કરી શકશે નહીં. તેમનું નામ જાળવી રાખવાનો મહત્વપૂર્ણ અધિકાર સુરક્ષિત રહેશે.'

એડવોકેટ કલ્યાણ બેનર્જી: દાખલ કરાયેલી 27 લાખ અપીલોમાંથી માત્ર 136નો જ નિકાલ કરવામાં આવ્યો છે. આ ખૂબ જ દુઃખદ બાબત છે. આ વખતે 92% મતદાન થયું. દૂર-દૂરથી પ્રવાસી મજૂરો મતદાન કરવા આવ્યા છે. હિંસાની કોઈ ઘટના પણ બની નથી. SG તુષાર મહેતા: આ ઐતિહાસિક મતદાન છે. પરંતુ હું બેનર્જી સાથે સહમત છું... કેટલીક ઘટનાઓને બાદ કરતાં આ એક શાંતિપૂર્ણ ચૂંટણી હતી.

SIR: રાજ્યમાં 91 લાખથી વધુ નામો દૂર કરવામાં આવ્યા, જેનાથી કુલ મતદારોની સંખ્યા ઘટી ગઈ છે. આંકડા દર્શાવે છે કે 2024ની લોકસભા ચૂંટણીમાં આ જ 152 બેઠકો પર મતદાન લગભગ 80% અને 2021ની વિધાનસભા ચૂંટણીમાં લગભગ 82.17% રહ્યું હતું. એટલે કે કુલ મતદારો ઘટ્યા, પરંતુ મતદાન કરનારાઓની સંખ્યા લગભગ સમાન અથવા વધુ રહી.

એન્ટી ઈન્કમ્બન્સી: રાજ્યમાં 15 વર્ષથી તૃણમૂલ સરકાર છે. નેતાઓ પ્રત્યે અસંતોષ, રોજગાર, ભ્રષ્ટાચાર, સિન્ડિકેટ જેવા મુદ્દાઓ પણ વધુ મતદાનનું કારણ હોઈ શકે છે. તે જ સમયે, મુસ્લિમ બહુમતીવાળા જિલ્લાઓ અને સરહદી વિસ્તારોમાં તેને SIR અને NRCના ડરથી ઉદ્ભવેલી પ્રતિક્રિયા પણ માનવામાં આવી રહી છે. આ વખતે ધ્રુવીકરણ પણ જબરદસ્ત છે. તેથી એવું માનવામાં આવે છે કે હિન્દુ મતદારોની પણ મતદાન ટકાવારી વધુ રહી હશે.

પ્રવાસી કામદારો: આ પણ એક મોટો 'ટર્નિંગ પોઈન્ટ' છે. મોટી સંખ્યામાં પ્રવાસી મજૂરો અન્ય રાજ્યોમાંથી માત્ર મતદાન કરવા બંગાળ પાછા ફર્યા છે. તેમને લાગ્યું કે જો આ વખતે મત નહીં આપે તો હંમેશા માટે અધિકાર છીનવાઈ શકે છે. TMCએ આરોપ લગાવ્યો કે ભાજપ ટ્રેન ભરીને લોકોને મતદાન કરવા લાવી રહી છે.

આયોગની કડકાઈ: ચૂંટણી પંચની અભૂતપૂર્વ દેખરેખ અને 2.40 લાખ કેન્દ્રીય દળોની તૈનાતીને કારણે મતદારોએ કોઈપણ ડર વિના મતદાન કર્યું.

પશ્ચિમ બંગાળમાં લગભગ 90 લાખ મતદારોને હટાવતી SIR યાદી પ્રકાશિત થયા પછી ચૂંટણીઓ યોજાઈ રહી છે. ગુરુવારે થયેલા મતદાનમાં મહિલા મતદારોની સંખ્યા પુરુષો કરતાં વધુ રહી. મહિલા મતદારો 92.69% રહ્યા, જ્યારે પુરુષ મતદારો 90.92% રહ્યા. થર્ડ જેન્ડરના મતદારો 56.79% હતા.

## PM મોદીએ હૂગલી નદીમાં હોડીમાં સવારી કરી: ફોટોગ્રાફી કરી, નાવિકને ભેટી પડ્યા, ₹1000 ભાડું આપ્યું....

**કોલકાતા, તા.24**

પીએમ નરેન્દ્ર મોદીએ શુક્રવારે હુગલી નદીમાં બોટની સવારી કરી હતી. આ દરમિયાન પીએમએ જાતે ફોટોગ્રાફી પણ કરી હતી. તસવીરોમાં તેમના હાથમાં કેમેરો દેખાય છે. તેમણે નાવિકો સાથે વાતચીત પણ કરી હતી. હુગલીમાં બોટની સવારી કરાવનાર નાવિકને એક હજાર રૂપિયા પણ આપ્યા હતા.



પીએમએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર બોટની સવારીની તસવીરો શેર કરી હતી. તેમણે લખ્યું, 'દરેક બંગાળી માટે ગંગાનું એક ખૂબ જ ખાસ સ્થાન છે. એ કહેવું ખોટું નહીં હોય કે ગંગા બંગાળના આત્મામાં વહે છે.' આ પહેલા પીએમ 19 એપ્રિલે ચૂંટણી પ્રચાર દરમિયાન ઝાડગ્રામમાં રસ્તામાં એક દુકાન પર રોકાયા હતા અને ઝાલમુડી ખાધી હતી.

પીએમ મોદીએ કોલકાતાના હુગલી ઘાટ પર બોટની સવારી કર્યા બાદ નાવિક ગૌરાંગો બિસ્વાસને ભેટ્યા અને 1000 રૂપિયા આપ્યા. પીએમએ X પર એક વીડિયો શેર કરીને લખ્યું- ગઈકાલે સાંજે હાવડાથી કોલકાતા સુધીના લાંબા રોડ શો દરમિયાન હાવડા બ્રિજ પર હતો. આજે સવારે તેને હુગલી નદીમાંથી જોયો.

પીએમ મોદી રવિવારે 19 એપ્રિલે પશ્ચિમ બંગાળના પ્રવાસે હતા. ચૂંટણી પ્રચાર દરમિયાન તેઓ ઝાડગ્રામમાં એક દુકાન પર રોકાયા અને ઝાલમુરી ખાધી. ઝાલમુરી બનાવતી વખતે દુકાનદારે પૂછ્યું, 'તમે ડુંગળી ખાઓ છો?' પીએમએ જવાબ આપ્યો, 'હા, ડુંગળી ખાઓ છું, પણ મગજ નહીં.' આ સાંભળીને દુકાનદાર હસવા લાગ્યો.

પીએમએ દુકાનદાર સાથેની આ મુલાકાતનો લગભગ 40 સેકન્ડનો વીડિયો પોતાના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર શેર કર્યો. સાથે જ કેટલીક તસવીરો પણ શેર કરી.

## ટ્રમ્પ પાસે યુદ્ધ ચાલુ રાખવા માટે 7 દિવસ: 1 મે પહેલા અમેરિકી સંસદની મંજૂરી જરૂરી, પાર્ટીના 10 સાંસદો વિરોધમાં

**વોશિંગ્ટન, તા.24**

ટ્રમ્પ ઈરાનને વારંવાર યુદ્ધવિરામની મુદત આપીને વાટાઘાટો માટે ઉત્સુક બની રહ્યા છે. પડદા પાછળ તેનું એક મોટું રાજકીય ગણિત છે, જે તેમને પરેશાન કરી રહ્યું છે. ટ્રમ્પ સંસદ (સેનેટ)ની મંજૂરીથી દૂર ભાગી રહ્યા છે. અમેરિકી બંધારણ અનુસાર, કોઈપણ યુદ્ધને 60 દિવસમાં સંસદની મંજૂરી લેવી પડે છે. અહીં પણ ટ્રમ્પે રમત કરી. યુદ્ધ 28 ફેબ્રુઆરીએ શરૂ કર્યું, સંસદને 2 માર્ચે જાણ કરી. હવે 1 મે પહેલા તેમને સંસદ પાસેથી યુદ્ધની મંજૂરી લેવાની છે. રિપોર્ટ્સ અનુસાર ટ્રમ્પ સંસદનો સામનો કરવા માંગતા નથી. 100 સભ્યોવાળી સેનેટમાં ટ્રમ્પના 53 સાંસદો છે. જ્યારે વિપક્ષી કમલા હેરિસની ડેમોક્રેટિક પાર્ટી પાસે 47 છે. ટ્રમ્પની રિપબ્લિકન પાર્ટીના જ લગભગ 10 સાંસદો ઈરાન યુદ્ધના વિરોધમાં અવાજ ઉઠાવી ચૂક્યા છે. જ્યારે વિપક્ષી ડેમોક્રેટ્સ એકજૂટ રહેવાના છે. આવી સ્થિતિમાં હવે ટ્રમ્પ 1 મે પહેલા કોઈપણ રીતે યુદ્ધ સમાપ્ત કરવા માંગે છે. આ કાયદામાં 60 દિવસ પછી એક વધુ વિકલ્પ છે. રાષ્ટ્રપતિ એક વાર માટે 30 દિવસનો વધારાનો સમય લઈ શકે છે, પરંતુ આ ફક્ત સૈનિકોની સુરક્ષિત વાપસી માટે હોય છે, યુદ્ધ ચાલુ રાખવા માટે નહીં. એક વધુ મોટો સવાલ એ છે કે શું ટ્રમ્પ આ સમય મર્યાદાને અવગણી શકે છે. અમેરિકાના ઘણા રાષ્ટ્રપતિઓ પહેલા પણ આ દલીલ કરતા રહ્યા છે કે બંધારણ તેમને સેનાના પ્રમુખ તરીકે ઘણા મોટા અધિકારો આપે છે, તેથી આ પ્રકારની કાનૂની મર્યાદાઓ સંપૂર્ણપણે લાગુ પડતી નથી. ઉદાહરણ તરીકે, 2011માં રાષ્ટ્રપતિ બરાક ઓબામાએ લિબિયામાં 60 દિવસથી વધુ સમય સુધી સૈન્ય કાર્યવાહી ચાલુ રાખી હતી અને કહ્યું હતું કે આ કાયદો લાગુ પડતો નથી કારણ કે ત્યાં 'સતત લડાઈ' જેવી સ્થિતિ નહોતી.



ટ્રમ્પે પણ તેમના પહેલા કાર્યકાળમાં 2019માં એક પ્રસ્તાવને વીટો કરી દીધો હતો, જેમાં યમન યુદ્ધમાં અમેરિકાની ભૂમિકા સમાપ્ત કરવાની વાત હતી. તેમણે તેને પોતાના બંધારણીય અધિકારોને નબળા પાડવાનો પ્રયાસ ગણાવ્યો હતો. પરંતુ જો આ વખતે ટ્રમ્પ 60 દિવસની સમય મર્યાદાને અવગણશે, તો તે રિપબ્લિકન પાર્ટી માટે પણ રાજકીય રીતે મુશ્કેલી ઊભી કરી શકે છે. ઈઝરાયલ-લેબનાન સીઝફાયર વધારાયું: ડોનાલ્ડ ટ્રમ્પે વ્હાઈટ હાઉસમાં ઈઝરાયલ અને લેબનાનના રાજદૂત સ્તરની બીજી વાતચીત પછી બંને દેશો વચ્ચે સીઝફાયરને ત્રણ અઠવાડિયા માટે વધારવાની જાહેરાત કરી. ભારતની એડવાઈઝરી: ભારત સરકારે પોતાના નાગરિકોને ઈરાનની યાત્રા ન કરવાની સલાહ આપી છે. વિદેશ મંત્રાલયે કહ્યું છે કે વર્તમાન પરિસ્થિતિને જોતા લોકોએ ત્યાં જવાનું ટાળવું જોઈએ. હોર્મુઝમાં ટોલ વસૂલી: ઈરાને ગુરુવારે પહેલીવાર હોર્મુઝમાં જહાજો પાસેથી ટોલ વસૂલ્યો છે. તેને બેંકમાં જમા પણ કરાવી દેવામાં આવ્યો છે. જોકે, રકમનો ખુલાસો કર્યો નથી. નિર્વાસિત ક્રાઉન પ્રિન્સનો વિરોધ: ઈરાનના નિર્વાસિત ક્રાઉન પ્રિન્સ રેઝા પહેલવી પર બર્લિનમાં એક પ્રેસ કોન્ફરન્સમાંથી બહાર નીકળતી વખતે લાલ રંગ ફેંકવામાં આવ્યો.



# ગુજરાતમાં હવે પ્રચાર પડઘમ શાંત: જાહેર સભા, રેલી કરી શકાશે નહીં

## ગુપ્ત બેઠકો ને રાજકીય સોગઠાબાજીઓ ગોઠવાશે, મતદાન પહેલાં રાજકીય પાર્ટીઓ જોર લગાવી દેશે

**અમદાવાદ, તા.24**

સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની આવનારી ચૂંટણીને લઈને આજે સાંજે 6 વાગ્યાથી પ્રચાર પડઘમ સંપૂર્ણ રીતે શાંત થઈ ગયા હતા.આ સાથે જ મતદાન પહેલાંના 48 કલાક માટે આદર્શ આચારસંહિતાનો કડક અમલ શરૂ થઈ ગયો છે.

રાજ્ય ચૂંટણી આયોગના નિર્દેશ મુજબ ઉમેદવારો અને રાજકીય પક્ષો હવે જાહેર સભાઓ, રેલીઓ તેમજ પ્રચાર-પ્રસારના તમામ સાધનોનો ઉપયોગ કરી શકશે નહીં. મતદારોને નિષ્પક્ષ અને દબાણમુક્ત વાતાવરણમાં મતદાન કરવાની તક મળે તે માટે આદર્શ આચારસંહિતા લાગું કરવામાં આવે છે.

તે પહેલાં આજે પ્રચારના અંતિમ દિવસે રાજકીય પાર્ટીઓએ એડીચોટીનું જોર લગાવી દીધું હતું. જેમાં અમદાવાદમાં CM અને ભાજપ પ્રદેશ પ્રમુખે રોડ શો કર્યો હતો. તો સાંસદ મનોજ તિવારી અને ભાજપ નેતા અને એક્ટર હિતુ કનોડિયાએ પણ ભાજપનો પ્રચાર કર્યો હતો. કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી (AAP)એ પણ મતદારોને રિઝવવા માટે એડીચોટીનું જોર લગાવી દીધું હતું. સમગ્ર રાજ્યમાં ઠેર-ઠેર રેલીઓ અને સભાઓ યોજાઈ હતી.

ચૂંટણી પંચે એજન્ટોની નિમણૂકમાં ગુનાહિત પ્રવૃતિ સાથે જોડાયેલા હોય તેવા એજન્ટોની નિમણૂક ન કરવાના પરિપત્રને રદ કરી દીધો છે જેનો કોંગ્રેસે વિરોધ કર્યો હતો.

ગુજરાત કોંગ્રેસના પ્રમુખ અમિત ચાવડા અને ઉપપ્રમુખ ડો. હેમાંગ વસાવડાએ રાજ્ય ચૂંટણી પંચને લેખિત રજૂઆત કરી છે કે ચૂંટણીઓ યોજાય તે પહેલાં આ પરિપત્ર તાત્કાલિક પાછો ખેંચવામાં આવે, અન્યથા આ ચૂંટણી અન્યાયી અને અલોકતાંત્રિક ગણાશે.

ડો. હેમાંગ વસાવડાએ ભાજપ પર આકરા પ્રહાર કરતા જણાવ્યું હતું કે ગુજરાત ગુંડોઓના હવાલે થઈ ગયું છે અને ચૂંટણીનું ચીરહરણ થયું છે. હાર ભાળી ગયેલી ભાજપ ગુંડાઓના શરણે ગઈ છે.

ગીર સોમનાથના કોડીનાર તાલુકાના વેલણ જિલ્લા પંચાયતની ચૂંટણીમાં ભાજપના નેતાઓ અને શિક્ષણ મંત્રીએ નાના બાળકો અને વિદ્યાર્થીનો રાજકીય પ્રચારમાં દુરુપયોગ કરતા NSUIએ સખત વિરોધ પ્રદર્શન કર્યું હતું. જે હાથોમાં પુસ્તક હોવા જોઈએ ત્યાં પક્ષના ઝંડા પકડાવી બાળકોના ભવિષ્ય સાથે ચેડાં થઈ રહ્યા છે.ચૂંટણી પંચ અને બાળ આયોગ આ મામલે તાત્કાલિક કડક પગલાં લે તેવી માગ NSUIએ કરી હતી.

અમરાઈવાડીમાં ભાજપના ઉમેદવારની રેલી યોજાઈ છે. દિલ્હીના ભાજપના સાંસદ મનોજ તિવારી આ રેલીમાં જોડાયા છે. અમરાઈવાડી વોર્ડમાં કોંગ્રેસની એક સીટ છે જ્યારે ત્રણ ભાજપની છે ત્યારે અમરાઈવાડી વોર્ડમાં આખી પેનલને જીતાડવા માટે ભાજપે એડીચોટીનું જોર લગાવ્યું છે. અમરાઈવાડી વોર્ડમાં વધુ મતદારો હિન્દીભાષી હોવાથી ભાજપના સાંસદ મનોજ તિવારીને રેલી માટે બોલાવવામાં આવ્યા છે.

રાજકોટની મુલાકાતે આવેલા આમ આદમી પાર્ટીના નેતા અને દિલ્હીના પૂર્વ ડેપ્યુટી સીએમ મનીષ સિસોદિયાએ સત્તાધારી પક્ષ ભાજપ પર આકરા પ્રહારો કરી રાજકીય માહોલ ગરમાવી દીધો હતો. તેમણે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે ગુજરાત અને રાજકોટની જનતા ભાજપની ગુલામ નથી. હવાલાકાંડમાં ભાજપના નેતાઓ સામેલ હોવાનો વળતો પ્રહાર કરીને આખા દિવસના સીસીટીવી જાહેર કરવા પડકાર પણ ફેંક્યો હતો. સાથે જ સામાન્ય જનતા ભાજપથી ત્રાસી ગઈ હોવાનું જણાવી આવનારી મહાનગરપાલિકાની ચૂંટણીમાં આમ આદમી પાર્ટી એક મજબૂત વિકલ્પ તરીકે ઉભરી પૂર્ણ બહુમત સાથે સત્તા હાંસલ કરશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

મોટા વરાછાના નિર્મળનગર ખાતે આમ આદમી પાર્ટીના ગઢમાં મોટું ગાબડું પડ્યું છે. 'આપ'ના



અનેક સમર્થકોએ પાર્ટીનો સાથ છોડી વિધિવત રીતે ભાજપનો ભગવો ધારણ કરી લેતા રાજકીય સમીકરણો બદલાયા છે. ખાસ કરીને અલ્પેશ કથીરિયાના હસ્તે આ કાર્યકરોએ કેસરીયો ખેસ ધારણ કર્યો હતો, જે આ વિસ્તારમાં 'આપ' માટે મોટો ફટકો માનવામાં આવે છે. વરાછા, લસકાના અને સરથાણા વિસ્તારમાં મોટી સંખ્યામાં લોકો ભાજપમાં જોડાયા છે, એટલું જ નહીં, સ્થાનિકોએ 'વરાછાવાસીઓ આપ કે કોંગ્રેસને મત નહીં આપે' તેવા બેનરો લગાવી પોતાનો વિરોધ પ્રદર્શિત કર્યો છે.

ભાવનગરમાં ભાજપના દિગ્ગજ નેતા અને મંત્રી પરસોત્તમ સોલંકીની અધ્યક્ષતામાં 'વિજય વિશ્વાસ બેઠક' યોજાઈ હતી. આ સભામાં સોલંકીએ પોતાના આગવા અંદાજમાં કાર્યકરો અને મતદારોને સંબોધતા મજબૂતાઈથી ભાજપની તરફેણમાં મતદાન કરવા આહ્વાન કર્યું હતું. સભાને સંબોધતા પરસોત્તમ સોલંકીએ ભાવનાત્મક કાર્ડ રમતા જણાવ્યું હતું કે, તમે બધા સમજો છો, ભાજપ સામે કોઈ નહીં આવે. મજબૂત રહેજો, હું 28 તારીખ સુધી અહીં જ છું. બહેનો-દીકરીઓને ખાસ કહેવાનું કે તમારો ભાઈ, તમારો વીરો અહીં બેઠો છે. સુખ-શાંતિથી જીવો અને જો કોઈ તકલીફ આવે તો તમારો હાવજ બેઠો છે, અડધી રાત્રે મારે બંગલે વયા આવજો. તેમણે કાર્યકરોને ટકોર કરતા કહ્યું કે, આટલામાં તમે બધું સમજી જાઓ કે હું શું કહેવા માંગુ છું.

વડોદરા જિલ્લા ભાજપના પ્રભારી ઋત્વિજ પટેલ વાઘોડિયામાં પ્રચાર માટે પહોંચ્યા હતા. જ્યાં ભાજપના વાઘોડિયાના ધારાસભ્ય ધર્મેન્દ્રસિંહ વાઘેલાએ કહ્યું હતું કે, પ્રોપેગન્ડા ચલાવનારને ખુલ્લી ધમકી આપું છું, વાઘોડિયાનું વાતાવરણ બગાડવાનો પ્રયત્ન ન કરતા, ચૂંટણી પછી તમે છો અને હું છું. તો સામે પક્ષે ભાજપના નિલેશ પુરાણીએ વીડિયો જાહેર કરીને કહ્યું કે, ધર્મેન્દ્રસિંહ વાઘેલા ડામર ચોર, ઓઈલ ચોર અને ભૂમાફિયો છે. ધર્મેન્દ્રસિંહ તંત્ર પર હાવી થઈને લોકશાહીના લીરેલીરા ઉડાવે છે. મારી પાર્ટીની સીટ 400ના બદલે 250 આવા લોકોને કારણે આવી છે. પાર્ટી ન્યાય કરીને આવા લોકોનું સ્થાન ચોક્કસ બતાવશે, તેવી મને આશા છે.

જૂનાગઢ જિલ્લા ભારતીય જનતા પાર્ટીના રાજકારણમાં આંતરિક વિખવાદ જોવા મળ્યો હતો. કેશોદ શહેર ભાજપ સંગઠન સાથે વર્ષોથી જોડાયેલી અને પક્ષને વફાદાર રહેલી મહિલા નેતાઓએ જિલ્લા પ્રમુખ ચંદુ મકવાણા સામે મોરચો માંડ્યો છે. કારણ કે પ્રદેશ કક્ષાએથી કેશોદ નગરપાલિકાની ચૂંટણીમાં આ મહિલાઓની ઉમેદવારી માટે નામોની જાહેરાત કરવામાં આવી હતી તે લિસ્ટમાં આ ત્રણેય મહિલાઓના નામ હતા, પરંતુ જિલ્લા કક્ષાએથી આ ત્રણેય મહિલાઓના નામ કાઢી નાખવામાં આવ્યા હતા. જેન લઈ આ મહિલા હોદ્દેદારોમાં ભારે અસંતોષ અને રોષ જોવા મળી રહ્યો છે. તેઓનો મુખ્ય આક્ષેપ છે કે પક્ષમાં વર્ષોથી સેવા આપનાર કાર્યકરોની અવગણના કરીને, જેઓ ક્યારેય સક્રિય નહોતા તેવા લોકોને નાણાકીય લેવડ-દેવડના આધારે ટિકિટો વહેંચવામાં આવી છે.

વડોદરાના બીલ ગામમાં ભાજપના કાર્યકરો રેલી લઈ પહોંચતા સ્થાનિકોએ વિરોધ કરતા બબાલ થઈ હતી. પોલીસે ઘટનાસ્થળે પહોંચી મામલો થાળે પાડ્યો હતો.

સુરત મહાનગપાલિકાની ચૂંટણી પૂર્વે જ સુરતનું રાજકારણ ગંદું બનતું જઈ રહ્યું છે. વોર્ડ નંબર 11ના આમ આદમી પાર્ટીના મહિલા ઉમેદવાર ડોનિકા પટેલે એક વીડિયો જાહેર કરી ભારતીય જનતા પાર્ટીના કાર્યકરો પર અત્યંત ગંભીર અને ચોંકાવનારા આક્ષેપો કર્યા હતા. મોનિકા પટેલે રડતા રડતા જણાવ્યું હતું કે, તેમને અને તેમના પરિવારને માનસિક ત્રાસ આપી પ્રચાર ન કરવા માટે ધમકાવવામાં આવી રહ્યા છે.

ડોનિકા પટેલે રડતા રડતા આક્ષેપ કર્યો છે કે છેલ્લા બે-ત્રણ દિવસથી મને ભારતીય જનતા પાર્ટીના લોકો ફોન કરે છે, અડાજણની ભારતીય જનતા પાર્ટીના કાર્યકરો દ્વારા મને ફોન પર ધમકીઓ આપવામાં આવે છે. મારી મમ્મીને ફોન કરે છે, તેઓ મારી મમ્મીને ધમકાવે છે કે તમારી છોકરીને કહો પ્રચારમાં બહાર ના નીકળે. મને ફોન કરીને તેઓ જણાવે છે કે તું પ્રચારમાં બહાર ના નીકળતી, નહીં તો તને ઉચકી લઈશું, તારા AI વિડીયો બનાવીને અમે વાઈરલ કરીશું, તારા બધા જ ફોટો-વિડીયો અમારી પાસે છે.

રાજકોટ વોર્ડ નંબર 10ના કોંગ્રેસના મહિલા ઉમેદવાર RJ આભાએ મતદારોને અપીલ કરતા કહ્યું કે મારે મારી ગ્રાન્ટમાંથી બાંકડા નથી મુકાવવા. મારે જનતાની સાચી જરૂરિયાતો પૂર્ણ કરવી છે. હું મારી ગ્રાન્ટનો એક-એક રૂપિયાનો હિસાબ મારા વિસ્તારની જનતાને આપીશ. મારા ઘરના દરવાજા કાયમ માટે વિસ્તારના લોકો માટે ખુલ્લા રહેશે. જરૂર પડ્યે RMCમાં અવાજ ઉઠાવીશ, જરૂર પડ્યે રાજકીય પક્ષ સામે અવાજ ઉઠાવીશ અને જરૂર પડ્યે મારી પાર્ટીમાં પણ અવાજ ઉઠાવીશ. આ વખતે હાથ બદલશે હાલાતના સૂત્ર સાથે જનતા પાસે વોટની માંગણી કરી સોશિયલ મીડિયા મારફત મતદારો પાસે મતની અપીલ કરી છે.

# વિધાનસભાની પેટા ચૂંટણી: ઉમરેઠમાં 62 ટકા મતદાન, ગરમીમાં 93 હજાર મતદારો ડોકાયા જ નહીં

**આણંદ, તા.24**

ઉમરેઠ વિધાનસભાની 2022માં જાન્યુઆરીમાં યોજાઇ હતા. જેના કારણે ઠંડીનો માહોલ હોવાથી વધુ મતદાન થયું હતું. પરંતુ પેટા ચૂંટણીનું ગુરૂવારે યોજાયેલ મતદાન સમયે બપોરના સમયે પારો 41 ડિગ્રી વટાવતા ખેત મજૂરોએ ખેતરમાંથી કામ પરવારીને આવ્યાં બાદ ગરમીને કારણે મતદાન રસ ના દાખવ્યો ન હતો. જેના કારણે સવારના 11થી બપોરના 3 વાગ્યા સુધીના 4 કલાક દરમિયાન માત્ર 51532 મતદારો મતદાન કર્યું છે.આમ દર મિનિટે માત્ર 215 મતદારો મતદાન કર્યુ હતું. જો કે અસહ્ય ગરમીમાં 93 હજારથી વધુ મતદારો મતદાન કરવા માટે બહાર નીકળ્યા ન હતા. જેથી 62 ટકા મતદાન નોંધાયુ હતું.



ઉમરેઠ વિધાનસભાની પેટા ચૂંટણીમાં 1,26,545 પુરુષ અને 1,19,072 મહિલા મતદારો તથા 06 અન્ય મતદારો મળીને કુલ 2,45,623 મતદારોમાંથી 152287 મતદારો દ્વારા ભાજપ કોંગ્રેસ સહિત 6 ઉમેદવારો ભાવિ ઈવીએમ સીલ કર્યા છે. 2022ની વિધાનસભા ચૂંટણીમાં કુલ 68.75 ટકા મતદાન થયું હતું. તેની સામે પેટા ચૂંટણીમાં 62 ટકા જેટલું મતદાન થતાં 6.75 ટકા મતદાન ઓછુ થયું છે. બપોરે ગરમીને કારણે લોકોએ ઘરની બહાર નીકળવાનું ટાળ્યું હોવાથી ઓછુ મતદાન થયું હતું .

વિધાનસભા પેટા ચૂંટણી અને સ્થાનિક સ્વરાજ્ય ચૂંટણી એમ બે વખત મતદાન કરવામાં આવવું બહાર રહેતા મતદારોને થાય તેમ છે. જેથી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં પોતાના વિસ્તારના ઉમેદવાર તેને ઓળખતા હોવાથી તે સમયે મતદાન કરવા આવવાના હોવાથી આવ્યા ન હતા.જેના કારણે 2 ટકા મતદાન ઘટયું છે.

2022ની ચૂંટણીમાં ભાજપના ઉમેદવાર ગોવિંદ પરમારને 95,639 મત મળ્યા હતા, જ્યારે કોંગ્રેસના સહકારથી ઉભેલા એનસીપીના ઉમેદવારને 68,922 મતો મળ્યા હતા. આમ ભાજપ 26717 મતોની સરસાઈથી વિજય થઈ હતી. 2022માં 68.75 ટકા મતદાન થયું હતું. જ્યારે ગોવિંદ પરમારના નિધન બાદ યોજાયેલી પેટા ચૂંટણીમાં 62 ટકા મતદાન થતાં 6.75 ટકા જેટલું ઘટયું છે. જેમાં મોટાભાગના ઉજળિયાત વર્ગના લોકો મતદાન કરવા બહાર નીકળ્યા ન હોવાથી તેની સીધી અસર ભાજપના મતો પર પડવાની સંભાવના છે.

ઉમરેઠ વિધાનસભાની પેટા ચૂંટણી વહેલી જાહેર થઇ ગઇ હતી. જેથી ચૂંટણી કારણે કેટલાંક લગ્નની તારીખ ફેરફાર કર્યો હતો. જ્યારે ગ્રામ્ય વિસ્તારમાં પાંચેક જગ્યાએ લગ્ન હતા. જેથી મતદાનમાં પર તેની કોઇ અસર જોવા મળી ન હતી. લગ્નમાં જવાનું હોવાથી મતદારોએ સવારમાં મતદાન પતાવી દીધું હતું.

ઉમરેઠ વિધાનસભાની પેટા ચૂંટણી માટે 306 મતદાન મથકો પર મતદાન યોજાયું હતું. જેમાં 264 જેટલાં મતદાન મથકો પર સાંજે 6 વાગ્યા મતદાન પૂર્ણ થઇ ગયું હતું. જ્યારે 42 મતદાન મથકો મતદારો 6 વાગ્યા પહેલા પ્રવેશી ચૂંક્યા હતા. તેથી મતદાન ચાલુ હતું. જેથી સાંજના 6 વાગ્યા સુધીમાં 59.4 ટકા મતદાન થયું હતું. જ્યારે બાકી રહેલા મતદાન મથકો બાકી હતી. તેથી 2 થી 3 ટકા જેટલું મતદાન વધવાની સંભાવના છે.

રાજકીય વિશ્લેષણ મુજબ, કોંગ્રેસના ગઢ ગણાતા ભાલેજ, અજપુરા અને શીલી સહિત ગામોમાં જેવા અંદાજે 70 હજાર મતોમાંથી 46 % જેટલું મધ્યમ મતદાન થયું છે. તેની સામે ભાજપના પ્રભુત્વવાળા વિસ્તારોમાં 56 ટકા જેટલું ઊંચું મતદાન નોંધાયું છે. ભાજપના નેતાઓ આશાવાદી છે કે પદાધિકારીઓની નિષ્ક્રિયતા છતાં મતદારોએ સ્વયંભૂ પક્ષ તરફી મતદાન કર્યું છે.

ભાજપમાં ભડકો પદાધિકારીઓની નિરાશા અને ક્રોસ વોટિંગ'ની ભીતિ ઉમરેઠમાં મતદાન બાદ ભાજપના કાર્યકરોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. અનેક બૂથો પર ભાજપના કાઉન્સિલરો ફરક્યા પણ ન હોવાથી કાર્યકરોએ બળાપો કાઢ્યો હતો. પદાધિકારીઓની નિરાશા વચ્ચે ઉમરેઠમાં પટેલ સમાજના મતો અન્ય તરફે ક્રોસ પડ્યા હોવાની પ્રબળ સંભાવનાથી ભાજપ અને કોંગ્રેસના ઉમેદવારોમાં ચિંતા વ્યાપી છે.

# ભર ઉનાળે પાણીની મોકાણ સર્જાઇ: જિટોડીયા કોર્ટ વિસ્તારમાં પાણીની મોટર ફુંકાઇ જતાં 400 પરિવારને રઝળપાટ

**આણંદ, તા.24**

આણંદ મનપા હસ્તક આવેલ જીટોડીયા કોર્ટ નજીક નવાપુરા અને ઈન્દીરા નગરી સહિત અન્ય વિસ્તારોમાં પાણીની મોટર બળી ગઈ હોય ભર ઉનાળે પીવાના પાણી માટે રઝળપાટ કરવાનો વખત આવ્યો છે.

ત્યારે રહીશોએ મનપા તંત્રને ફરિયાદ કરવા છતાંય દિવસ દરમ્યાન 1 પાણીની ટેન્કર મોકલવામાં 400થી વધુ પરિવારોને દુર દુરની સોસાયટીઓમાં ખાનગી બોરકુવા થકી પાણી ભરવાનો વખત આવતા સત્તાધિશો સામે આક્રોશ વ્યકત કર્યો હતો.



પ્રાપ્ત વિગત મુજબ આણંદ મનપા હસ્તક જીટોડીયા ગ્રામ પંચાયતનો સમાવેશ કર્યા બાદ સમગ્ર વિસ્તારના રહીશો હાલાકીઓનો ભોગ બની રહેલ છે.ત્યારે જીટોડીયા કોર્ટ પાસે આવેલીપાણીની ટાંકી થકી વિસ્તારમાં પાણી વિતરણ કરવામાં આવે છે.જો કે પાણીની મોટર ઈલેક્ટ્રીક શોર્ટ સર્કિટ થતા બળી ગઇ હતી.

જેના પગલે તંત્રએ તાત્કાલિક ધોરણે રીપેરીંગ નહીં કરાતા બે દિવસ થી રહીશો પીવાના પાણી માટે હાલાકીઓનો ભોગ બની રહ્યાં છે.આ અંગે રહીશોએ મનપા સત્તાધિશોને ફરિયાદ કરવા છતાંય પરિણામ શૂન્ય આવે છે.

આ અંગે રહીશોએ જણાવેલ કે 400 પરિવાર વચ્ચે ફક્ત એક પાણીની ટેન્કર મોકલવામાં આવે છે.જેના પગલે કોર્ટ નજીક આવેલ સોસાયટીઓમાં આવેલ ખાનગી બોરકુવાનું પાણી લાવીને તરસ છીપાવાનો વખત આવતા આક્રોષ વ્યક્ત કર્યો હતો.જો કે ટેક્સ ભરવા છતાંય મળવા પાત્ર સુવિધાઓથી વંચિત રહેવુ પડે છે.

બીજી તરફ નવી પાણીની ટાંકી તૈયાર કરવામાં આવી રહેલ હોય ઠેર ઠેર પાણીની પાઇપ લાઇન તુટી ગઇ હોવાથી પાણી ભરાઇ રહેતા હોવાથી રહીશોને રોગચાળો ફાટી નિકળવાનો ભય સતાવી રહેલ છે.

આ અંગે આણંદ મનપા એન્જીનીયર જગતભાઈએ જણાવેલ કે ફરિયાદ મળતાની સાથે મોટર રીપેરીંગની કાર્યવાહીઓ હાથ ધરાઇ હતી.

# કરમસદ પોલીસે જપ્ત કરેલા વાહનોમાં આગ લાગી : 3 ટેમ્પો- એક કાર ખાખ

**આણંદ, તા.24**

કરમસદ પોલીસ સ્ટેશનની બાજુમાં જપ્ત કરેલ વાહનોમાં આકસ્મિક આગ લાગતા ત્રણ થી વધુ જપ્ત કરેલા વાહનો બળીને ખાખ થઇ ગયા હતા.આણંદ ફાયરની ટીમોએ પાણીનો મારો ચલાવીને આગ બુજાવી દીધી હતી.

આગ લાગવાના બે બનાવોમાં કોઈ જાનહાનિ થયેલ નહીં હોવાનું ફાયરવિભાગના સુત્રો દ્વારા જાણવા મળેલ છે.

પ્રાપ્ત વિગત મુજબ કરમસદ પોલીસે જુદાજુદા ગુન્હા બદલ વાહનો જપ્ત કરીને બાજુમાં ખુલ્લી જગ્યાએ પાર્ક કરવામાં આવ્યા હતા.ત્યારે આકસ્મિક



વાહનોમાં ભીષણ આગ લાગતા વિસ્તારમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.ઘટનાની જાણ થતા આણંદ ફાયર બ્રિગેડની ટીમો સ્થળ પર પહોંચી આગને કાબૂમાં લેવા માટે

પાંચ હજાર ઉપરાંત લીટર પાણીનો મારો ચલાવીને 2 કલાકની જહેમત બાદ આગ બુજાવી દીધી હતી.જો કે આગના ધુમાડાના ગોટા દૂર સુધી દેખાતા હોવાથી આસપાસના વિસ્તારોમાં પણ ભયનો માહોલ છવાયો હતો.આગ લાગવાનું કારણ હજી અકબંધ છે. આગ લાગતા ત્રણ વાહનો બળીને ખાખ થઈ ગયા હતા.

# પટાવાળા દ્વારા સગર્ભા મહિલાને ઇન્જેક્શન આપવાના આક્ષેપ: મહુધા આરોગ્ય કેન્દ્રમાં ગંભીર બેદરકારી સામે આવી

**નડિયાદ, તા.24**

ખેડા જિલ્લાના મહુધા તાલુકાના સણાલી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં ગંભીર બેદરકારીનો કિસ્સો સામે આવ્યો છે. અહીં એક સગર્ભા મહિલાને ડોક્ટર કે નર્સને બદલે પટાવાળા દ્વારા ઈન્જેક્શન અને બોટલ ચઢાવવામાં આવ્યા હોવાના આક્ષેપો સાથેનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે. આરોગ્ય વિભાગના જ એક કર્મચારીએ આ મામલો ઉજાગર કરતા જિલ્લાના આરોગ્ય તંત્રમાં વિવાદ સર્જાયો છે.

મહુધાના સાસ્તાપુર ગામના રહેવાસી રેશ્માબેન (સગર્ભા મહિલા) સારવાર માટે સણાલી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર પહોંચ્યા હતા. રેશ્માબેન આઠ મહિનાનો ગર્ભ ધરાવતા હતા અને તેમનું હિમોગ્લોબિન માત્ર પાંચ ટકા હતું. આ સંવેદનશીલ સ્થિતિમાં તેમને નિષ્ણાત ડોક્ટરની દેખરેખ હેઠળ સારવાર મળવી જોઈતી હતી, પરંતુ કેન્દ્રમાં હાજર પટાવાળાએ તેમને ઈન્જેક્શન આપ્યું હોવાનું સામે આવ્યું છે.

વાયરલ થયેલા વીડિયોમાં સાસ્તાપુર સબસેન્ટરના આરોગ્ય કર્મચારીએ દાવો કર્યો છે કે સણાલી કેન્દ્રમાં પટાવાળા તરીકે ફરજ



બજાવતી મહિલા દ્વારા જ સગર્ભાને બોટલ ચઢાવવામાં આવી હતી. આ ઘટના સમયે કેન્દ્રમાં જવાબદાર મેડિકલ સ્ટાફ હાજર હોવા છતાં, બિનઅનુભવી કર્મચારી પાસે આ કામગીરી કરાવવામાં આવી હતી. વીડિયોમાં પીડિત મહિલાએ પણ પોતાની સાથે બનેલી ઘટનાની વિગતો જણાવી છે.

તબીબો અને નર્સિંગ સ્ટાફની ઉપલબ્ધતા હોવા છતાં પટાવાળા પાસે ઈન્જેક્શન જેવી કામગીરી કરાવવી એ દર્દીના સ્વાસ્થ્ય સાથે ચેડા સમાન ગણાય છે. સગર્ભા મહિલાનું હિમોગ્લોબિન ઓછું હોવા છતાં દાખવવામાં આવેલી બેદરકારીથી સ્થાનિકોમાં નારાજગી જોવા મળી રહી છે. આરોગ્ય વિભાગના જ એક કર્મચારીએ આ કિસ્સો ઉજાગર કરતા વિભાગની આંતરિક ખામીઓ ખુલ્લી પડી છે.

મહુધા પંથકમાં આરોગ્ય વિભાગ વિવાદોમાં સપડાયો હોય તેવી આ બીજી ઘટના છે. ચાર દિવસ પહેલા જ એક અન્ય વીડિયો વાયરલ થયો હતો, જેમાં આરોગ્ય વિભાગના કર્મચારી દ્વારા નાણાં લઈને બદલી કરાવવાની વાત સામે આવી હતી. એક જ સપ્તાહમાં બે મોટા વિવાદો સામે આવતા જિલ્લા આરોગ્ય વિભાગની કામગીરી અને શિસ્ત પર સવાલો ઉભા થયા છે.

આ મામલે જિલ્લા આરોગ્ય અધિકારી વી.એ. ધ્રુવે પ્રતિક્રિયા આપતા જણાવ્યું કે સામે આવેલી વિગતો અને આક્ષેપો ગંભીર છે. આ ઘટના સંદર્ભે સણાલી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના જવાબદાર કર્મચારીઓને કારણદર્શક નોટિસ ફટકારવામાં આવી છે.

# હોન્ડાના ગોડાઉનમાંથી 23 લાખના 31 ટુ-વ્હીલરની ચોરી, 3 ઝડપાયા

**અમદાવાદ, તા.24**

અમદાવાદ શહેરના નવાનરોડા વિસ્તારમાં આવેલા ટુ-વ્હીલરના ગોડાઉનમાંથી રહસ્યમય રીતે ગાયબ થયેલા 31 વાહનોનો ભેદ ઝોન-5 LCB સ્કોડે ઉકેલી નાખ્યો છે. આ ચોરીમાં અન્ય કોઈ નહીં પણ ગોડાઉનમાં જ કામ કરતા કર્મચારીઓ સૂત્રધાર નીકળ્યા છે. પોલીસે આ મામલે બે શખ્સ અને એક સગીરની ધરપકડ કરી 23.25 લાખની કિંમતના 31 વાહનો પૈકી 26 એક્ટિવા રિકવર કર્યા છે.

નવાનરોડાના સાગર ટેનામેન્ટમાં રહેતા ધર્મપાલ ચૌહાણે નિકોલ પોલીસ સ્ટેશનમાં અજાણ્યા શખ્સ વિરૂદ્ધ 23.25 લાખની 31 ટુ-વ્હીલર ચોરીની ફરિયાદ કરી હતી. ધર્મપાલ નિકોલ વિસ્તારમાં આવેલા અક્ષર આર્કેડની બાજુમાં સિંગલ ઓટો મેટીર પ્રાઈવેટ લીમીટેડના હોન્ડા ટુ-વ્હીલર શોરૂમમાં ગોડાઉન મેનેજર તરીકે નોકરી કરે છે. કંપનીનું ગોડાઉન નવા નરોડા ખાતે આવેલા શેલ્બી હોસ્પિટલની પાછળ આવેલુ છે, જેમાં અંદાજીત 1200 જેટલા ટુ-વ્હીલરનો સ્ટોક હોય છે. ધર્મપાલે ચાર મહિનાના ગાળામાં ટુ-વ્હીલરની આવક જાવકનો હિસાબ બારીકાઈથી કર્યો હતો, ત્યારે જાણવા મળ્યું કે, 30 એક્ટિવા અને એક બાઈક ગાયબ હતું. ધર્મપાલે



નિકોલ પોલીસ સ્ટેશનમાં 31 વાહન ચોરીની ફરિયાદ કરી હતી.

ફરિયાદ થતા સ્થાનિક પોલીસ સાથે ઝોન-5 એલસીબી પણ તપાસ કરી રહ્યું હતું. ત્યારે LCBના PSI કે.કે જાડેજાની ટીમે બાતમીના આધારે શાહિદ શેખ, દિગુસિંહ અને એક સગીર આરોપીની ધરપકડ કરીને 26 ચોરીના એક્ટિવા રિકવર કર્યા છે. આરોપીઓ પૈકી સગીર અને શાહિદ હોન્ડાના શો રૂમના ગોડાઉનમાં જ નોકરી કરતા હતાં. જ્યારે દીગુસિંહ બાજુમાં આવેલા TVSના શો રૂમમાં નોકરી કરતો હતો.

આરોપી શાહિદે ચોરીનો પ્લાન બનાવ્યો હતો. શાહિદે આ અંગે દીગુસિંહ અને સગીરને વાત કરી હતી. શાહિદ શોરૂમમાંથી જે પ્રમાણે ઓર્ડર આવે તે પ્રમાણે એક્ટિવા મોકલતો હતો. એક્ટિવાની સંખ્યામાં એક એક્ટિવા વધારી દેતો જે શોરૂમ પહોંચ્યા પહેલા જ રસ્તામાં દિગુસિંહને આપી દેતો હતો. દિગુસિંહ આ ચોરીનું એક્ટિવા ગ્રામ્ય વિસ્તારમાં વેચી દેતો હતો. શાહિદ 18થી 25 હજાર રૂપિયા લેતો, જ્યારે દિગુસિંહ એક્ટિવા પર 5000 રૂપિયા કમાતો હતો.

આરોપીઓ ચોરીના એક્ટિવા ગ્રામ્ય વિસ્તારોમાં 'કંપનીના ડેમેજ પીસ' છે તેમ કહીને માત્ર 30 હજાર રૂપિયામાં વેચી દેતા હતા. ગ્રાહકોને વિશ્વાસમાં લેવા માટે આરસી બુક બાબતે ખોટા બહાના બતાવી માત્ર રોકડ પેમેન્ટ લઈને વાહનો પધરાવી દેવામાં આવતા હતા. હાલ પોલીસે આ ટોળકી પાસેથી 26 વાહનો કબજે કરી વધુ તપાસ હાથ ધરી છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

# બંગાળમાં મોદીએ કહ્યું- TMCનો દીવો ઓલવાઈ રહ્યો છે: શાહે કહ્યું- આગામી મુખ્યમંત્રી અહીં જન્મેલા જ હશે, પરંતુ તે દીદીના ભત્રીજા નહીં હોય

**નવી દિલ્હી, તા.24**

પીએમ મોદીએ શુક્રવારે પશ્ચિમ બંગાળના દમદમમાં રેલી કરી. તેમણે કહ્યું- ટીએમસીની દીવો ઓલવાઈ રહ્યો છે. પરિણામો પછી, ટીએમસીના ગુંડાઓને છુપાવવા માટે ક્યાંય જગ્યા નહીં મળે. મોદીએ કહ્યું બંગાળમાં પરિવર્તનની લહેર છે. ગઈકાલના પહેલા તબક્કાના મતદાને એ વાત પર મહોર લગાવી દીધી છે. મહિલા અનામત અંગે પીએમએ કહ્યું કે ભાજપ દીકરીઓના સપનાઓને કચડી નાખવા દેશે નહીં.

બંગાળમાં પહેલા તબક્કાના મતદાન પછી ગૃહમંત્રી અમિત શાહે કહ્યું કે બંગાળમાં બમ્પર મતદાન ભયથી વિશ્વાસની યાત્રા છે. ભાજપ પહેલા તબક્કાની 152 બેઠકોમાંથી 110 બેઠકો જીતી રહી છે. રાજ્યમાં 4 મેના રોજ અમારી સરકાર બનશે. અમારી સરકારની પ્રથમ પ્રાથમિકતા મહિલાઓની સુરક્ષા હશે. તેમણે કહ્યું કે મુખ્યમંત્રી મમતા બેનર્જી અફવા ફેલાવી રહ્યા છે કે જો ભાજપનું શાસન આવશે તો બંગાળના લોકોને બહાર કાઢી દેવામાં આવશે. હું દીદીને જણાવવા માંગીશ કે આગામી સીએમ બંગાળના જ હશે. તે ફક્ત તમારા ભત્રીજા નહીં હોય, ભાજપના કાર્યકર્તા હશે.

આજે શરૂઆતમાં ગૃહમંત્રી અમિત શાહે એક પ્રેસ કોન્ફરન્સ યોજી હતી. તેમણે કહ્યું હતું કે- 4 મેના રોજ અમારી સરકાર બનશે. બંગાળના આગામી મુખ્યમંત્રી અહીં જન્મેલા જ હશે. પણ તે દીદીનો ભત્રીજો નહીં હોય.

બંગાળમાં પહેલા તબક્કામાં 152 બેઠકો પર રેકોર્ડ 92.72% મતદાન થયું છે. બીજા તબક્કામાં 29 એપ્રિલે મતદાન થશે. પરિણામ 4 મેના રોજ આવશે.

જે રાજ્યના મુખ્યમંત્રી કહેતા હોય કે મહિલાઓને 7 વાગ્યા પછી રસ્તાઓ પર નીકળવાની જરૂર શું છે. હું કહેવા માંગીશ કે 5 તારીખ પછી એક નાની બાળકી પણ રાત્રે ડર વગર નીકળી શકશે.

અમારી સરકાર ભ્રષ્ટાચાર મુક્ત શાસન તો આપશે જ, જેમણે ભ્રષ્ટાચાર કર્યો છે તેમની વિરુદ્ધ સુપ્રીમ કોર્ટના નિવૃત્ત ન્યાયાધીશ દ્વારા તપાસ કરાવીશું.

અમે અપીલ કરી છે કે પરિવર્તન થશે. એનો મતલબ ધારાસભ્ય બદલવાનો નથી. સરકાર ચલાવતી પાર્ટી બદલવાનો નથી. એનો મતલબ મુખ્યમંત્રી બદલવાનો નથી. એનો મતલબ ઘૂસણખોરી મુક્ત બંગાળ બનાવવાનો છે.

આ પહેલા પીએમ નરેન્દ્ર મોદીએ શુક્રવારે હુગલી નદીમાં હોડીની સવારી કરી હતી. આ દરમિયાન પીએમએ જાતે ફોટોગ્રાફી પણ કરી હતી. તસવીરોમાં તેઓ હાથમાં કેમેરા લઈને જોવા મળી રહ્યા છે. તેમણે નાવિકો સાથે વાતચીત પણ કરી



હતી. પીએમએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર હોડીની સવારીની તસવીરો શેર કરી. તેમણે લખ્યું- દરેક બંગાળી માટે ગંગાનું એક ખૂબ જ ખાસ સ્થાન છે. એ કહેવું ખોટું નહીં હોય કે ગંગા બંગાળની આત્મામાં વહે છે.

અહીં, ગૃહમંત્રી અમિત શાહે ગુરુવારે બંગાળના આરામબાગમાં એક ચૂંટણી રેલીમાં કહ્યું કે હું દીદી (મમતા બેનર્જી) ના ગુંડાઓને ચેતવણી આપું છું કે તેઓ 29 તારીખે પોતાના ઘરોમાંથી બહાર ન નીકળે. જો મતદાનના દિવસે લોકોને પરેશાન કરવામાં આવશે, તો 5 તારીખ પછી તેમને ઊંધા લટકાવીને પાઠ ભણાવવાનું કામ કરીશું. જ્યારે તેઓ હોડીમાં ચઢ્યા, ત્યારે તેમણે હોડી ચલાવનાર ગોરાંગો બિસ્વાસને પણ ભેટી પડ્યા. મીડિયા સાથે વાત કરતા ગોરાંગો બિસ્વાસએ કહ્યું, 'મને તેમને જોઈને ખૂબ જ આશ્ચર્ય થયું. તેમના કહેવા પર, હું હોડીને ગંગા નદીની વચ્ચે લઈ ગયો. મને ખૂબ આનંદ છે કે વડાપ્રધાન મારી હોડીમાં બેઠા; મેં ક્યારેય કલ્પના પણ નહોતી કરી કે આવું થશે. તે સ્વપ્ન જેવું લાગે છે. તેમનું ભેટવું એ કોઈ મોટા આશીર્વાદથી ઓછું નહોતું. તેમણે માત્ર મારો આદર જ નહોતો કર્યો પણ મારી મહેનતની પણ કદર કરી. હું હોડીમાંથી ઉતર્યા પછી, તેઓ આગળ આવ્યા અને મને ભેટી પડ્યા અને ભાડા માટેના 1,000 રૂપિયા પણ આપ્યા.

ગૃહમંત્રી અમિત શાહ આજે કોલકાતામાં પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણી સંબંધિત મહત્વપૂર્ણ મુદ્દા પર સંબોધન કરશે.

બંગાળના કમરહાટીમાં આસામના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમાએ કહ્યું- બંગાળમાં BJPની સરકાર બન્યા પછી, અમે તે લોકોને પાઠ ભણાવીશું, જેમણે BJP ઉમેદવારો પર હુમલો કર્યો.

પીએમ નરેન્દ્ર મોદીએ કહ્યું, અમે ઈચ્છીએ છીએ કે દરેક યોજનામાં મહિલાઓની ભાગીદારી વધે. જોકે, થોડા દિવસો પહેલા, ટીએમસી અને તેના સાથી પક્ષોએ સંસદમાં મહિલા અનામતનો વિરોધ કર્યો હતો. દેશ ઈચ્છે છે કે રાજકારણમાં મહિલાઓની ભાગીદારી વધે, પરંતુ ટીએમસી આ ઈચ્છતી નથી.

બંગાળમાં અમારા કાર્યકરો ઘરે ઘરે જઈને 'માતૃ શક્તિ ભરોસા કાર્ડ'નું વિતરણ કરી રહ્યા છે. દરેક બહેનને માસિક 3,000 રૂપિયા અથવા વાર્ષિક 36,000 રૂપિયાની સહાયની ખાતરી આપવામાં આવી રહી છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે છેલ્લા 15 વર્ષમાં, ટીએમસી સરકારે બંગાળની ઓળખ ખતમ કરીછે. ઘુસણખોરોને અહીં લાવીને સ્થાયી કરવામાં આવી રહ્યા છે. તેઓ બંગાળની જમીન પર કબજો કરી રહ્યા છે અને સ્થાનિક લોકોની આજીવિકા છીનવી રહ્યા છે.

પીએમ નરેન્દ્ર મોદીએ જાધવપુરમાં કહ્યું કે મતદાનના પહેલા તબક્કાએ સ્પષ્ટ કરી દીધું છે કે ટીએમસી ઘણા જિલ્લાઓમાં પોતાનું ખાતું પણ ખોલી શકશે નહીં. બીજા તબક્કામાં, તમારે ટીએમસીની હાર સુનિશ્ચિત કરવી પડશે અને વિકસિત બંગાળના સંકલ્પ પર મહોર લગાવવી પડશે.

ભાજપનો વિજય, ભલે તે મોટો હોય કે નિર્ણાયક, બંગાળમાં ઝડપી વિકાસના નવા યુગની શરૂઆત કરશે. તમારે 29 એપ્રિલે આના પર કાર્ય કરવું પડશે. બંગાળ માટે આ એક મોટી તક છે, તેથી એક પણ મત ચૂકવો જોઈએ નહીં.

ટીએમસી સરકાર હેઠળ ઉછેરવામાં આવેલા ગુનેગારો અને ગુંડાઓ, અને મહિલાઓ સામે બળાત્કાર જેવા ગુનાઓ માટે જવાબદાર લોકોને કાયદા દ્વારા સૌથી કડક સજા મળશે, અને અમે આ સુનિશ્ચિત કરીશું. ટીએમસી શાસનમાં અહીં દીકરીઓ સુરક્ષિત નહોતી, પરંતુ ભાજપ સરકાર હેઠળ, કોઈ બળાત્કારી કે ગુનેગાર સુરક્ષિત રહેશે નહીં. બધાનો હિસાબ થશે, આ મોદીની ગેરંટી છે.

## "ક્યારેક ભારત આવો અને જુઓ, પછી બોલો"

# ભારત પર 'નરક'વાળી ટિપ્પણી મામલે ઈરાને ટ્રમ્પને બતાવ્યો અરીસો, આપ્યો જડબાતોડ જવાબ

**નવી દિલ્હી, તા.24**

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ જાતિવાદી અને એન્ટી ઈન્ડિયા પોસ્ટ કરીને વિવાદમાં ઘેરાયા છે. રાષ્ટ્રપતિએ કટ્ટરપંથી અમેરિકન લેખક અને વિવેચક માઈકલ સેવેજના ત્રણ અઠવાડિયા જૂના વીડિયોનો ટેક્સ્ટ પોસ્ટ કર્યો હતો, જેમાં તેમણે ભારત અને ચીન જેવા દેશોને 'નરકના દરવાજા' ગણાવ્યા હતા. ભારતના વિદેશ મંત્રાલયના વાંધા બાદ, ઈરાને હવે ટ્રમ્પને અરીસો બતાવ્યો છે, જેમાં તેમને કહ્યું છે કે ક્યારેક ભારત આવીને જુઓ અને પછી બોલો.

અમેરિકાના જન્મજાત નાગરિકતા કાયદાઓને સંબોધતી આ પોસ્ટમાં ભારત અને ચીનને 'નરકના દરવાજા' ગણાવવામાં આવ્યા હતા. હવે, મુંબઈમાં ઈરાની કોન્સ્યુલેટ જનરલે મહારાષ્ટ્રના સમૃદ્ધ સાંસ્કૃતિક અને ભૌગોલિક વારસાનો એક વીડિયો શેર કર્યો અને કહ્યું કે ટ્રમ્પને 'સાંસ્કૃતિક ડિટોક્સ'ની જરૂર છે. ડિટોક્સનો અર્થ છે અંદરથી ઝેર (અહીં, ભારત વિશેની નકારાત્મક ટિપ્પણીઓ) ઓકવા સાથે છે.

ઈરાની કોન્સ્યુલેટે પોસ્ટમાં લખ્યું, 'કદાચ કોઈએ શ્રી ટ્રમ્પ માટે સાંસ્કૃતિક ડિટોક્સ ટ્રીપ બુક કરાવવી જોઈએ, તેનાથી



તેમની રેન્ડમ બકબક ઓછી થઈ શકે છે. ક્યારેક ભારત આવો, પછી વાત કરો.'

ભારતે યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની સોશિયલ મીડિયા પોસ્ટને 'અજ્ઞાનતાપુર્ણ' અને 'અયોગ્ય' ગણાવી છે. જોકે, યુએસ એમ્બેસીએ એક સંદેશ જારી કરીને આ ટિપ્પણીઓથી થયેલા નુકસાનને ઘટાડવાનો પ્રયાસ કર્યો જેમાં કહેવામાં આવ્યું હતું કે ટ્રમ્પ માને છે કે ભારત 'તેમના એક સારા મિત્ર' ના નેતૃત્વ હેઠળનો 'મહાન' દેશ છે. પરંતુ ભારતનો જવાબ હજુ બાકી હતો. ભારતીય વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે કહ્યું, "અમે ટિપ્પણીઓ જોઈ છે, તેમજ યુએસ દૂતાવાસે જવાબમાં જારી કરેલું નિવેદન પણ જોયું છે."

તેમણે કહ્યું-આ ટિપ્પણીઓ સ્પષ્ટપણે અજ્ઞાન, અયોગ્ય અને અપમાનજનક છે. તે ચોક્કસપણે ભારત-અમેરિકા સંબંધોની વાસ્તવિકતાને પ્રતિબિંબિત કરતી નથી, જે લાંબા સમયથી પરસ્પર આદર અને સહિયારા હિતો પર આધારિત છે.

ભારત પર ટ્રમ્પની ટિપ્પણી પર ઈરાનનો કરારો જવાબ માટે વ્યાપક પ્રશંસા મળી રહી છે. શિવસેના (UBT) રાજ્યસભા સાંસદ પ્રિયંકા ચતુર્વેદીએ ઈરાનના પગલાંની પ્રશંસા કરી. તેમણે કહ્યું કે જ્યારે ભારતના વિદેશ મંત્રાલયે 'નરક' ટિપ્પણી પર સંયમથી પ્રતિક્રિયા આપી, ત્યારે મુંબઈમાં ઈરાની દૂતાવાસે ડોનાલ્ડ ટ્રમ્પને જડબાતોડ જવાબ આપ્યો.

# મુખ્ય ચૂંટણી કમિશનરને હટાવવા માટે રાજ્યસભામાં નોટિસ: આના પર 73 સાંસદોની સહી, માર્ચમાં બંને ગૃહોમાં પ્રસ્તાવ રદ થઈ ચૂક્યો છે

**નવી દિલ્હી, તા.24**

મુખ્ય ચૂંટણી કમિશનર (CEC) જ્ઞાનેશ કુમારને હટાવવા માટે વિપક્ષે શુક્રવારે રાજ્યસભામાં નોટિસ આપી. તેના પર 73 સાંસદોની સહીઓ છે.

આ પહેલા માર્ચમાં વિપક્ષે જ્ઞાનેશ કુમારને હટાવવા માટે સંસદમાં નોટિસ આપી હતી. જોકે, લોકસભા અધ્યક્ષ ઓમ બિરલા અને રાજ્યસભાના સભાપતિ સીપી રાધાકૃષ્ણને આ નોટિસોને ફગાવી દીધી હતી. તેમણે કહ્યું કે જ્ઞાનેશ કુમાર વિરુદ્ધ લગાવવામાં આવેલા આરોપો તેમને હટાવવા માટે જરૂરી



ઉચ્ચ બંધારણીય માપદંડોને પૂર્ણ કરતા નથી.

લોકસભામાં CEC ને હટાવવાના પ્રસ્તાવ માટે ઓછામાં ઓછા 100 સાંસદોની સહીઓ જરૂરી હોય છે. રાજ્યસભામાં તેના માટે ઓછામાં ઓછા 50 સાંસદોની સહીઓ જરૂરી હોય છે.

મુખ્ય ચૂંટણી કમિશનરને સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશને જે રીતે હટાવવામાં આવે છે તે જ રીતે હટાવી શકાય છે. અન્ય ચૂંટણી કમિશનરોને હટાવવા માટે મુખ્ય ચૂંટણી કમિશનરની ભલામણ જરૂરી હોય છે.

જજિસ (ઈન્કવાયરી) એક્ટ 1968 અનુસાર, જો બંને ગૃહોમાં એક જ દિવસે નોટિસ આપવામાં આવે તો તપાસ સમિતિ ત્યારે જ બનશે જ્યારે બંને ગૃહોમાં પ્રસ્તાવ સ્વીકારવામાં આવશે. આ પછી લોકસભા સ્પીકર અને રાજ્યસભા ચેરમેન મળીને એક સંયુક્ત તપાસ સમિતિ બનાવશે.

# તેલંગાણામાં બસ ડ્રાઈવર પેટ્રોલ છાંટીને સળગ્યો, મોત: RTC કર્મચારીઓનું પ્રદર્શન, સરકારમાં વિલિનીકરણની માંગ પર 3 દિવસથી હડતાળ.....

**વારંગલ, તા.24**

તેલંગાણાના વારંગલ જિલ્લામાં બસ ડ્રાઈવરે પોતાના પર પેટ્રોલ છાંટીને આગ લગાવી દીધી હતી. 50 વર્ષીય RTC કર્મચારી શંકર ગૌડ અન્ય ડ્રાઈવરો સાથે રાજ્ય સરકાર વિરુદ્ધ પ્રદર્શન પર બેઠા હતા. આગને કારણે તેઓ ગંભીર રીતે દાઝી ગયા.

શંકરને વારંગલની સરકારી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, જ્યાંથી તેમની હાલત બગડતાં તેમને હૈદરાબાદની સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યા. સારવાર દરમિયાન શુક્રવારે વહેલી સવારે



લગભગ 1:30 વાગ્યે તેમનું મોત થયું.

ખરેખરમાં, RTC કર્મચારીઓની સંયુક્ત કાર્યવાહી સમિતિ (JAC) એ 22 એપ્રિલથી વિરોધ કાર્યક્રમોની જાહેરાત કરી હતી. તેઓ શાંતિપૂર્ણ માર્ચ અને જનપ્રતિનિધિઓને આવેદનપત્ર આપવાના હતા. કર્મચારીઓ 32 માંગણીઓને લઈને અનિશ્ચિતકાળની હડતાળ પર છે, જેમાં RTCના સરકારી વિલિનીકરણની માંગ મુખ્ય છે.

ઘટના પર મુખ્યમંત્રી એ. રેવંત રેડ્ડીએ શોક વ્યક્ત કર્યો છે. તેમણે શોકગ્રસ્ત પરિવાર પ્રત્યે સંવેદના વ્યક્ત કરતા ખાતરી આપી કે સરકાર શક્ય તમામ મદદ કરશે અને તેમની સાથે ઊભી રહેશે.

RTC કર્મચારીઓની ચાલુ હડતાળને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકારે કર્મચારીઓને કોઈપણ પ્રકારનું ખોટું પગલું ન ભરવા અપીલ કરી છે અને વાતચીત માટે આમંત્રિત કર્યા છે. મુખ્યમંત્રીએ કહ્યું કે સરકાર કર્મચારીઓની સમસ્યાઓના નિરાકરણ માટે ગંભીર પ્રયાસો કરશે.

નલગોંડામાં પણ અન્ય એક RTC કર્મચારી દ્વારા આત્મહત્યાનો પ્રયાસ કરવામાં આવ્યો હોવાના સમાચાર છે, જોકે તેને કોઈ ઈજા થઈ નથી. જ્યારે ખમ્મમમાં સામે આવેલા અન્ય એક કેસને પોલીસે હડતાળ સાથે અસંબંધિત ગણાવીને પારિવારિક કારણો સાથે જોડાયેલો ગણાવ્યો છે.

મુખ્યમંત્રીએ ગુરુવારે નાયબ મુખ્યમંત્રી મલ્લુ ભટ્ટી વિક્રમાર્કને મંત્રીઓને કર્મચારી યુનિયનોને વાતચીત માટે બોલાવવાના નિર્દેશ આપ્યા હતા.

# તમે ભલે રાષ્ટ્રપિતા હો, પણ અમારા પિતા નથી જ...

રાષ્ટ્રની ચેતના જગાવનાર મહાપુરુષોને જીવનના અંતિમ સમયે ક્યાં તો કલંકિત વિખવાદો ઘેરી વળે છે અથવા તો કોઈ ઝનૂનીની ગોળી એમનો પ્રાણ હરે છે.

દક્ષિણ આફ્રિકાના નેતા અને અશ્વેત પ્રજાના તારણહાર ગણાતા નેલ્સન મંડેલા ૨૦૧૩માં હોસ્પિટલમાં કથળેલા સ્વાસ્થ્ય સાથે શ્વાસ લેતા હતા, ત્યારે જાહેરમાં એમના કુટુંબીજનોનાં કૌભાંડો અને એમના વિશેની કાલિમાયુક્ત કથાઓ ચોતરફ સંભળાતી હતી. ત્રણ વાર વિવાહ કરનાર, સાત પુત્રો, સત્તર પૌત્રો અને ચૌદ જેટલાં પ્રપૌત્રો ધરાવનાર નેલ્સન મંડેલા જીવનના અંતે પોતાના પરિવારજનોનાં મ્હેણાં-ટોણાં અને અદાલતી કેસનો સામનો કરી રહ્યા હતા.

ભવ્ય જાહેર જીવન જીવનારની કેવી આ કરુણતા? માનવજાતને માટે ઝઝૂમતા માનવીઓનાં જીગરમાં કેટલી બધી વેદના અને દુર્ભાગ્ય ધરબાયેલા હશે? રાષ્ટ્રના ઘડવૈયા અને વિશ્વનાં માર્ગદર્શક પોતાના કુટુંબજીવનમાં આઘાતજનક જાકારો સહન કરતા રહે છે.

મહાત્મા ગાંધીજી અને એમના પુત્ર હરિલાલના જીવન પર નજર નાખીએ, તો જ આ મહામાનવના દિલની વેદના જાણી શકાશે. એ જ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના વિચારોનો પ્રભાવ અનુભવનારા મંડેલાના જીવનની એવી જ કહાની છે અને સૌથી વધુ તો કુટુંબની જાળવણી માટે સદાય ખેવના કરનારને રાષ્ટ્રની ફરજ કુટુંબ સુધી પહોંચવા દેતી નહીં, એ વિધિની કેવી વક્રતા કહેવાય!

પોતાની જાતને એવો પણ સવાલ કરતા કે રાષ્ટ્ર પ્રત્યેની જવાબદારી ખરી, પરંતુ એથીય વિશેષ ઘરડી માતાની સેવાથી બીજી કોઈ મોટી જવાબદારી હોઈ શકે ખરી? મહામાનવ મંડેલાને લોકો 'મડીબા' અથવા 'તાતા' તરીકે પોકારતા હતા. હોસા જાતિની બોલીના આ શબ્દનો અર્થ થાય છે 'પિતા'.

મહાત્મા ગાંધીજીની જેમ નેલ્સન મંડેલા દક્ષિણ આફ્રિકાના રાષ્ટ્રપિતા તરીકે ખ્યાતિ પામ્યા, પણ નેલ્સન મંડેલાનું જીવન દેશસેવામાં એવું રમમાણ બની રહ્યું કે એમને સંતાનોની કાળજી લેવાનો સમય ન મળ્યો. જીવનની યુવાનીનાં સત્યાવીસ વર્ષો રોબિન ટાપુ અને અન્ય જેલોમાં કારાવાસ વેઠયો. એમના પર યાતનાઓ અને સિતમોના કોરડા વીંઝાતા હતા, આમ છતાં નેલ્સન મંડેલાએ નાગરિક અધિકારો અંગેની પોતાની જેહાદ ચાલુ રાખી. રંગભેદ વિરુદ્ધ વિશ્વવ્યાપી લડત આપતા રહ્યા. આજીવન કારાવાસની સજા સમયે રોબિન ટાપુ પરની જેલને એમણે પોતાના ઘર તરીકે સ્વીકારી લીધી હતી.


આ જ નેલ્સન મંડેલા ૧૯૯૪માં દક્ષિણ આફ્રિકાના પ્રથમ પ્રમુખ તરીકે રોબિન ટાપુની મુલાકાતે ગયા. પોતાના ભૂતકાળને વાગોળતા નેલ્સન મંડેલાએ કહ્યું હતું, 'આ કારાવાસમાં એમને એમની પત્ની અને કુટુંબની યાદ ખૂબ સતાવતી હતી અને એમના અભાવની તીવ્ર વેદના અનુભવતા હતા.'

નેલ્સન મંડેલાનું અંગત જીવન ઘણું સાદું અને ત્યાગ પરાયણ હતું. દક્ષિણ આફ્રિકાના પ્રથમ પ્રમુખ હોવા છતાં પોતાની પથારી જાતે તૈયાર કરતા. વ્યસનથી સદાય દૂર રહ્યા. સિગારેટ કે દારૂનો સ્પર્શ કરતા નહીં. હૃદયનો પ્રેમ તો એવો કે સાવ નાનું બાળક હોય કે વયોવૃદ્ધ હોય, ઘરનો નોકર હોય કે શક્તિશાળી દેશનો પ્રમુખ હોય - એ બધા સાથે એમનો વ્યવહાર સમાન રહેતો. એમના પ્રેમની સંજીવની આગળ વિરોધીઓ પણ નમી પડતા અને એમને અજાતશત્રુ કહેતા, પરંતુ એ પ્રેમની સંજીવનીનો સ્પર્શ એમના વિશાળ કુટુંબને થયો નથી.

એવું બન્યું કે રાષ્ટ્રના વિશાળ કુટુંબના પિતા ઘરના પિતા બની શક્યા નહીં. એકવાર મંડેલા એમની મોટી પુત્રીને મળવા ગયા. દોડીને વહાલથી એને ગળે લગાડવા ગયા, ત્યારે એમની પુત્રીએ આ મહામાનવને અટકાવતા કહ્યું, 'ભલે તમે આખા દેશની પ્રજાના પિતા બન્યા હો, પણ તમને મારા પિતા બનવાનો ક્યાં સમય મળ્યો છે?'

પુત્રીના આ શબ્દોએ મંડેલાનું ચિત્ત ખળભળાવી નાખ્યું હતું. ક્યારેક એવું આંતરમંથન પણ અનુભવતા કે પ્રજા પ્રત્યેની પ્રતિબદ્ધતાને કારણે જેમને ક્યારેય જોયા કે જાણ્યા નહોતા એવા લાખો દક્ષિણ આફ્રિકાના દેશવાસીઓને ગળે લગાડવાનું બન્યું, પરંતુ એ જ પ્રતિબદ્ધતાને કારણે જેઓ સૌથી નિકટ અને સૌથી પ્રિય હતા એમના સ્નેહનું બલિદાન આપવું પડયું.

આખી દુનિયા નેલ્સન મંડેલા પર વારી ગઈ હતી, ગૂંગળાયેલી અને કચડાયેલી અશ્વેત પ્રજાને એક પ્રબળ રાષ્ટ્રવાદી અને માનવતાવાદી નેતા મળ્યો હતો. માત્ર સ્વદેશમાં જ નહીં, પણ આખી દુનિયામાં મંડેલા મહામાનવ તરીકે પ્રસિદ્ધિ પામ્યા. વિશ્વભરમાં જાગેલી બુલંદ માગણીને કારણે ગોરાઓના કારાવાસમાંથી ૧૯૯૦ની



ફેબ્રુઆરીમાં કારાવાસમાંથી મુક્ત થયા અને પછી એક પછી એક ઘટનાઓએ એવો આકાર લીધો કે મંડેલા અશ્વેત પ્રજાના નેતા તરીકે અપ્રતિમ યશ પામ્યા. રંગભેદથી મુક્ત એવા નૂતન દક્ષિણ આફ્રિકાના સર્વપ્રથમ પ્રમુખ બન્યા. નોબેલ પારિતોષિક મેળવનાર નેલ્સન મંડેલાને ભારતે 'ભારતરત્ન'નું સર્વોચ્ચ નાગરિક સન્માન એનાયત કર્યું.

વર્ષો સુધી કારાવાસમાં રહ્યા ત્યારે કુટુંબથી અળગા રહ્યા અને કારાવાસમાંથી બહાર આવ્યા ત્યારે જાહેર પ્રવૃત્તિઓને કારણે કુટુંબને સમય ફાળવી શક્યા નહીં. આથી જ એવ્લિન સાથેના એમના પ્રથમ લગ્નથી થયેલી પુત્રી માકી સદૈવ આશ્ચર્યથી કહેતી, 'આવા ઉદાર, કલ્પનાશીલ, ભાવનાશીલ અને માનવતાવાદી એવા એના પિતા જગત આખાને આસાનીથી ચાહી શકે છે, તો કેમ અંગત સંબંધોમાં કુટુંબીજનોને ચાહી શકતા નથી?'

પતિ-પત્નીના કલહમાં ભયાનક સીતમ કે યાતના કરતાં વધુ દુ:ખદાયી માનનાર નેલ્સન મંડેલાને જીવનભર પત્ની સાથેના કલહનો સામનો કરવો પડયો. ૧૯૪૪માં એલિન મેસ સાથે લગ્ન થયા. ચૌદ વર્ષ સુધી આ લગ્ન ચાલ્યાં. નેલ્સન મંડેલા ચાર સંતાનોના પિતા બન્યા, પરંતુ શરૂઆતમાં સુખદ ગતિએ ચાલેલા આ લગ્નએ જુદો જ વળાંક લીધો. નેલ્સન મંડેલા રાજકીય પ્રવૃત્તિઓમાં ડૂબેલા હતા.

નેલ્સન મંડેલા એને કહેતા કે તેઓ રાષ્ટ્રસેવા માટે લડત ચલાવી રહ્યા છે ત્યારે એવલિન ઉત્તર આપતી, 'રાષ્ટ્રની સેવા કરતાં પ્રભુસેવા મહાન છે.' એલિને બાળકો સાથે ગૃહત્યાગ કર્યો. મંડેલા સામે ઘણા આક્ષેપો કર્યા અને અંતે ૧૯૫૮માં છૂટાછેડા રૂપે આ લગ્નની પૂર્ણાહૂતિ થઈ.

નેલ્સન મંડેલા કારાવાસમાં હતા ત્યારે એની બીજી પત્ની વિનીએ રંગભેદ સામેની લડતની આગેવાની સંભાળી. આ સમયે પોલીસે એના પર જુલમ વરસાવવામાં કશું બાકી રાખ્યું નહીં. નેલ્સન મંડેલા વિનીને ચાહતા હતા અને વિનીએ રંગભેદ સામેની લડાઈમાં 'નેકલેસીન'ની વાત કરી. આનો અર્થ એટલો જ કે ગોરાઓને સહાય કરનારના ગળામાં સળગતા ટાયર નાખીએ એમને ફાંસીએ ચડાવો.

એ પછીની કેટલીક ઘટનાઓમાં વિનીની ઉગ્રતાએ ઘણા વિવાદો અને વિખવાદો સર્જ્યા. નેલ્સન મંડેલાએ એના આક્રોશને શાંત રૂપે પ્રદર્શિત કરવા કહ્યું, પણ અંતે પોતાને એ જ પ્રેમ અને લાગણી હોવા છતાં ૧૯૯૨માં આ યુગલે છૂટાછેડા લીધા.

વિની સ્વાતંત્ર્યની લડત આપનારી હિંમતવાન નારી હતી, પરંતુ એક રાજનીતિજ્ઞામાં જોઈએ એવી કુનેહ એનામાં નહોતી. તેથી બંને વચ્ચે વિખવાદો થયા અને એમના રાહ જુદા પડી ગયા.

એવલિનમાં અતિ ધાર્મિકતા હતી, તો વિનીમાં અતિ આક્રમકતા હતી. એ પછી એંસી વર્ષના પોતાના જન્મદિવસે નેલ્સન મંડેલાએ ગ્રાસા મશેલ સાથે લગ્ન કર્યા. સ્ત્રીઓ અને બાળકોની સમસ્યાઓ પર વિશ્વભરમાં કામ કરતી ગ્રાસા માનવતાપ્રેમી મહિલા તરીકે હતી. એથીય વિશેષ તો મોઝાંબિકના પ્રમુખ મિશેલ સાથે એનાં લગ્ન થયાં હતાં અને એ પ્રમુખનું વિમાની અકસ્માતમાં મૃત્યુ થતાં ગ્રાસા વિધવા બની હતી અને એ પછી યુનો, યુનેસ્કો અને યુનિસેફના અનેક ખિતાબો મેળવનારી આ યુવતીએ નેલ્સન મંડેલા સાથે લગ્ન કર્યાં. આમ બે જુદા જુદા દેશોની 'ફર્સ્ટ લેડી' બનનારી ગ્રાસા વિશ્વની એકમાત્ર મહિલા કહેવાય.

પણ આ બધા ઘટનાક્રમમાં નેલ્સન મંડેલા એમ અનુભવતા હતા કે અશ્વેત પ્રજાના સ્વાતંત્ર્ય માટેની સફળ લડાઈ ખેલનાર તેઓ અંગતજીવનના મોરચે પીછેહઠ કરી રહ્યા છે.

કુટુંબની ચાહના પામવા માટે નેલ્સન મંડેલા રાજકારણમાંથી નિવૃત્તિ મેળવીને પોતાના બાલ્યાવસ્થાના ગામ ક્વાલુમાં વસવા ગયા. લોકકીર્તિ અને લોકદ્રષ્ટિથી દૂર રહીને કુટુંબ સાથે રહેવાની એમની ભાવના હતી. પણ સમયનો પ્રવાહ એવો વીતી ગયો હતો કે નેલ્સન મંડેલાના કુટુંબીજનો એમનો વારસો અને મિલકત હડપવા માટે પરસ્પર લડાઈ ઝઘડા કરતા હતા, ત્યારે વૃદ્ધ અને બિમાર નેલ્સન મંડેલાનો પ્રેમ ઝીલવાની કોઈ કુટુંબીજનને ફૂરસદ નહોતી!

આવા એક સંસારી હતા રાયબહાદુર જદુનાથ. જે વાતવાતમાં પોતાનો પ્રભાવ દાખવ્યા કરે. પોતાની શક્તિની બડાશ હાંકે. મોટી-મોટી પણ સાવ ખોટી વાતો કરે. જરૂર પડે બીજાનું ઉછીનું લાવીને પણ પોતાનું મહત્ત્વ દાખવે. આ રાયબહાદુર જદુનાથે નવી ઓફિસ લીધી. ફોન વગર તો ફાવે ક્યાંથી?

કોઈ આવે એટલે તરત જ ફોન પર પોતાના પ્રભાવની વાતો કરે અને આગંતુક એ સઘળું મોં વકાસીને જોયા કરે તો જ રાયબહાદુરને મજા આવે. રાયબહાદુર જદુનાથે ટેલિફોન કંપનીને અરજી કરી. ટેલિફોન કંપની ફોન મૂકી ગઈ. માત્ર જોડાણ કરવાનું બાકી હતું.

એવામાં એક વ્યક્તિ એની ઓફિસમાં આવી. પ્રભાવશાળી રાયબહાદુર જદુનાથ પોતાના પ્રભાવનો અનુભવ કરાવ્યા વગર કેમ રહે?

એમણે તરત ફોન ઉપાડયો. ફોનનું જોડાણ તો થયું નહોતું, પરંતુ જાણે વિદેશ કોલ લગાવીને વાત કરતા હોય એમ બોલવા લાગ્યા, 'અરે, વોશિંગ્ટનથી બોલો છો ને? મેં હમણાં જ ટોકિયો ફોન લગાવીને પૂછી લીધું છે. એ સોદો પાકો કરી લેજો. લાખ-બે લાખ ડોલર ઓછા-વત્તા મળે, તો સહેજે ચિંતા કરશો નહીં.'

ફોન મૂક્યો. રાયબહાદુર જદુનાથને થયું કે હજી આના પર મારો બરાબર પ્રભાવ પડયો નથી. એથી ફરી ફોન હાથમાં લીધો અને બોલ્યા, 'આવતી કાલે દિલ્હી આવું છું. વડાપ્રધાનનો સમય લઈ રાખજો. સાંજ પહેલાંનો ગોઠવજો, કારણ કે રાત્રે મારે પાછા ફરવું પડે તેમ છે.'

આમ કહી રાયબહાદુર જદુનાથે ફોન મૂક્યો અને બોલ્યા, 'હે ભગવાન! કેટલી દોડાદોડ! ક્યારેક વોશિંગ્ટન તો ક્યારેક જાપાન તો ક્યારેક દિલ્હી, પણ કરવું શું? માણસ એક અને ફોન પર વાત આખી દુનિયા સાથે કરવાની.'

હજી પેલા આગંતુક પર રાયબહાદુર જદુનાથનો પ્રભાવ પડયો ન હતો. રાયબહાદુર જદુનાથે પૂછ્યું, 'બોલો શું કામ છે?'

આગંતુકે કહ્યું, 'હું તો ટેલિફોન કંપનીનો માણસ છું. આપના ફોનનું જોડાણ કરવા આવ્યો છું!'

આ વાત અમને એટલા માટે યાદ આવી કે રાયબહાદુર જદુનાથની માફક ડોનાલ્ડ ટ્રમ્પ છેલ્લા એક મહિનાથી ઈરાનને રોજ જુદી જુદી ધમકી આપ્યા કરે છે. ક્યારેક કહે છે કે હું એનો સર્વનાશ કરી નાખીશ, તો ક્યારેક એના બ્રિજ અને વીજપુરવઠો ખતમ કરવાની વાત કરે છે. ટ્રમ્પની આવી દરોજેરોજની ધમકી પાછળની બડાશને દુનિયા પામી ગઈ છે, આથી જ ઈરાન ટ્રમ્પની પ્રત્યેક ધમકીનો શાંતિથી ઠંડા કલેજે ઉત્તર આપે છે અને જો વધુ દાદાગીરી કરે તો અમેરિકાને સીધાદોર કરવાની વાત કરે છે. જેમ રાયબહાદુર જદુનાથનો પ્રભાવ પાડવાની તરકીબ નિષ્ફળ ગઈ તેમ ટ્રમ્પની ધમકીઓથી આજે ઈરાન અને આખું જગત ટેવાઈ ગયું છે, એને કોઈ ગંભીરતાથી લેતું નથી.

## તંત્રી લેખ

# 58,881 લોકોએ ઘર છોડયા, 174 રાહત શિબિરો ઊભી કરવી પડી

પાંચ દિવસના શટડાઉનના કારણે મણિપુરની અશાંતિ તરફ દેશનું ધ્યાન ખેંચાયું છે. ગઇ ૭ એપ્રિલે બિશનપુર જીલ્લામાં થયેલા વિસ્ફોટમાં એક પાંચ વર્ષના છોકરા અને પાંચ માસની બાળકીનું મોત થતાં માંડ શાંત પડેલી સ્થિતિ ફરી પાછી સ્ફોટક બની ગઇ છે. કરોડો રૂપિયા શાંતિ પાછળ ખર્ચાયા હોવા છતાં સળગતું મણિપુર ઠેરનું ઠેર છે. લખખૂટ નાણું રાહત પેટે વાપર્યા પછી પણ મણિપુરમાં શાંતિ લાવી શકાઈ નથી. જે બે જૂથો લડી રહ્યા છે તેમની વચ્ચે વંશીય તિરાડ અને વિશ્વાસનો અભાવ છે. સમાધાન માટે રાજકીય ઈચ્છાશક્તિના અભાવે મણિપુરમાં હિંસા હવે સામાન્ય બની ગઇ છે. એક આરટીઆઇ અનુસાર મણિપુરમાંથી ૨૩ માર્ચ ૨૦૨૬ સુધીમાં ૫૮,૮૮૧ લોકો ઘર છોડીને અન્ય સલામત સ્થળે ગયા હતા. કેટલાક ડરના માર્યા ઘર છોડી ગયા હતા, તો કેટલાક પોતાના કુટુંબની સલામતી માટે આગોતરી સલામતીના ભાગરૂપે સ્થળાંતર કરી ગયા હતા. કુલ ૭,૮૯૪ ઘરો સંપૂર્ણપણે નાશ પામ્યાં છે અને ૨,૬૪૬ ઘરોને આંશિક નુકસાન થયું છે. ૧૦ માર્ચ સુધીમાં રાજ્યમાં કુલ ૧૭૪ રાહત શિબિરો કાર્યરત હતી. મણિપુર પોલીસ હાઉસિંગ કોર્પોરેશન દ્વારા ૩,૦૦૦ પ્રી-ફેબ્રિકેટેડ ઘરોનું નિર્માણ કરવામાં આવ્યું છે. રાહત શિબિરોના સંચાલન માટે ગૃહ મંત્રાલય દ્વારા ૨૧૭.૪ કરોડ જાહેર કરવામાં આવ્યા છે. પુનર્વસન પેકેજ હેઠળ ૫૨૩ કરોડ મંજૂર કરાયા છે, જેમાંથી અત્યાર સુધીમાં ૧૨૪.૫૦ કરોડ ફાળવવામાં આવ્યા છે. જે બે જૂથો લડી રહ્યા છે તે મૈતેઈ સમુદાય (મુખ્યત્વે ખીણ વિસ્તારમાં) અને કુકી આદિવાસી સમુદાય (મુખ્યત્વે પહાડી વિસ્તારોમાં) વચ્ચે ઐતિહાસિક વિભાજન છે, જે ઓળખ અને વિસ્થાપનના ભયને કારણે વધુ વકર્યું છે. અનામત વિવાદના પગલે બંને જૂથો વચ્ચેના મતભેદોની તીરાડ વધુ મોટી થઇ હતી. ૨૦૨૩માં કોર્ટના એક નિર્દેશ બાદ હિંસક અથડામણો ફાટી નીકળી હતી, જેમાં મૈતેઈ સમુદાયને અનુસૂચિત જનજાતિ (જી)નો દરજ્જો આપવાની શક્યતા હતી. કુકી સમુદાયને ડર હતો કે આનાથી બહુમતી સમુદાય તેમની જમીન અને નોકરીઓ છીનવી લેશે. પહાડી અને ખીણ વિસ્તારોમાં જમીનના ઉપયોગ અને નિયંત્રણ અંગેના જૂના મુદ્દા આ સંઘર્ષમાં વધુ તીવ્ર બન્યા છે.

સ્થાનિક સશસ્ત્ર જૂથોની હાજરી, ભય અને વેરની ભાવનાને કારણે હિંસાને કાબૂમાં લેવી મુશ્કેલ બની ગઈ છે. સરહદી વિસ્તારોમાં બે જૂથો લડતા હોય ત્યારે વિદેશી એજન્ટો તેમને શો અને પૈસા વગેરે પૂરા પાડીને દેશની આંતરિક શાંતિને ડામાડોળ કરવાનો પ્રયાસ કરતા હોય છે. મણિપુર વંશીય આધારે ઊંડાણપૂર્વક વહેંચાયેલું છે, જેના કારણે બંને જૂથો વચ્ચે સંપર્ક અને સમાધાન અશક્ય જેવું બની ગયું છે. રાજ્ય અને કેન્દ્ર સરકારોના પ્રયાસો અસરકારક નથી નીવડયા અને બંને પક્ષે તટસ્થતા જાળવવામાં સરકારની નિષ્ફળતા અંગે ટીકાઓ થઈ છે, જેના કારણે લોકોનો સ્થાનિક કાયદા અમલીકરણ એજન્સીઓ પરથી વિશ્વાસ ઉઠી ગયો છે.

મણિપુરમાં મે-૨૦૨૩થી ચાલી રહેલી હિંસા હવે નાગા સહિતના કેટલાક વિસ્તારોમાં ફેલાઇ છે, જે સરકાર માટે ચિંતાનો વિષય બની ગઇ છે. યુનાઈટેડ નાગા કાઉન્સિલે સોનાપતિ જીલ્લામાં જ્યારે ૭૨ કલાક બંધનું એલાન આપ્યું ત્યારે સલામતી દળો સાથે ઘર્ષણની ઘટનાઓ નોંધાઇ હતી. ઈમ્ફાલ શહેરના દક્ષિણના વિસ્તારોમાં ડ્રોન અને રોક્ટ હુમલાની ઘટનાઓ એવો સંકેત આપે છેકે બળવાખોરો વધુ તાકાત ધરાવતા થયા છે. બળવાખોરો પાસે જ્યારે ડ્રોન અને રોકેટ જેવા હુમલો કરવાનાં સાધનો આવે ત્યારે તેને ઓપરેટ કરવાની તાલીમ પણ અપાઇ હશે એમ મનાય છે. મણિપુરમાં શાતિ લાવવાના પ્રયાસો અધકચરાં સાબિત થયા છે. બળવાખોરો પાસે ડ્રોન અને રોકેટ જેવા શસ્ત્રો પહેંચે તે બતાવે છે કે પડદા પાછળ દેશવિરોધી તત્ત્વો મણિપુરની અશાંતિનો લાભ લેવાનો પ્લાન કરીને બળવાખોરો સાથે હાથ મિલાવી રહી છે. મણિપુરની શાંતિને અવારનવાર ડહોળવામાં આવી રહી છે. કેન્દ્ર સરકારના પ્રયાસો અંધારામાં ગોળીબાર સમાન પૂરવાર થયા છે.

દેશના ગૃહમંત્રી ગુરંગ જ ગુનાખોરીના આરોપોની વચ્ચે ફસાઈ ગયા છે. ગુરંગ સામે આરોપ છે કે, તેઓ જે કંપનીમાં રોકાણ કરી આવ્યા છે તેનું જોડાણ કુખ્યાત હવાલા વેપારી દીપક ભટ્ટ સાથે છે. દીપક ભટ્ટની કંપનીમાં તેમનું અઢી કરોડ કરતા વધારેનું રોકાણ હોવાની ચર્ચા છે. આ સિવાય રાષ્ટ્રીય સ્વતંત્ર પાર્ટીના પ્રમુખ લામિછાને સામે પણ કરોડોના કૌભાંડના આરોપો છે : ઉપરાંત સાંસદ દીપક સાહે મંત્રી બનતા જ પરિવારવાદ શરૂ કરી દીધો હતો. અહેવાલો પ્રમાણે તેમણે પોતાના પદનો દૂરુપયોગ કરીને પોતાની જ પત્નીને સ્વાસ્થ્ય વીમા બોર્ડના સભ્ય તરીકે લેવડાવી લીધા હતા. સાંસદ બન્યા પહેલાં દીપક સાહ સામે ઘણા આરોપો મુકાયેલા હતા. તેઓ મેડિકલ કોલેજોના એડમિશન મુદ્દે છેતરપિંડી કરવાના કેસમાં આરોપી હતા

# નેપાળની જેન-ઝી સરકાર : એક જ મહિનામાં યાદવાસ્થળીના એંધાણ

## દસ દિવસ પહેલાં પીએમ બાલેન શાહે શ્રમ મંત્રી દીપક સાહને હાંકી કાઢયા હતા, હવે ગૃહમંત્રી ગુરંગનું રાજીનામું



ઘણા નેતાઓ હવે બાલેન શાહ ઉપર દબાણ વધારી રહ્યા છે. તેઓ કોઈપણ મુદ્દે કલંકિત નેતાઓને બહારનો રસ્તો બતાવવા દબાણ કરી રહ્યા છે. બીજી તરફ નેપાળના માઓવાદી સેન્ટર સાથે જોડાયેલી જેન ઝી રેડ ફોર્સ પણ બાલેન શાહ ઉપર દબાણ વધારી રહી છે. તેના કારણે 100 સુધારા કરવાના વાયદા કરતી સરકાર 100 દિવસ સુધી ટકી રહેશે કે કેમ તેવી ચર્ચાએ જોર કડયું છે

નેપાળમાં વધી ગયેલા ભ્રષ્ટાચાર, બેરોજગારી, પરિવારવાદ, સગાવાદ અને અન્ય સમસ્યાઓ સામે થોડા વખત પહેલાં યુવાનો દ્વારા વિદ્રોહ કરવામાં આવ્યો હતો. તત્કાલિન સરકારને રાજીનામુ આપવું પડયું હતું. નેપાળમા જેનઝી આંદોલને સમગ્ર દેશના રાજકારણને બદલી કાઢયું હતું. જેન-ઝીના આંદોલનને પગલે જ માર્ચ મહિનામાં યુવા નેતા બાલેન શાહ નેપાળના સૌથી યુવાન વડા પ્રધાન બન્યા અને તેમની આગેવાનીમાં યુવાન અને અનુભવસિદ્ધ નેતાઓનું એક સંયુક્ત મંત્રીમંડળ રચાયું. આ નવી સરકારને આ જેન ઝી સરકારને હજી મહિનો પૂરો નથી થયો ત્યાં જ યાદવાસ્થળીના એંધાણ આવવા લાગ્યા છે.

હકીકત એવી છે કે, નેપાળમાં સત્તા પરિવર્તન થયા બાદ લોકને આશા હતી કે હવે દેશનો વિકાસ થશે, દેશને નવું નેતૃત્વ મળવાથી નવી દિશામાં આગળ વધાશે, લોકકલ્યાણની યોજનાઓ અને નીતિઓ લાગુ થશે અને ભ્રષ્ટાચાર તથા બેરોજગારી જેવી સમસ્યાઓ ઉપર અંકુશ લાગશે. વાસ્તવિક રીતે જોઈએ તો સ્થિતિ એવી છે કે, દેશોમાં તો સુધારો આવતા આવશે પણ સરકાર ડખે ચડી છે અને નવી પાર્ટીમાં પણ આંતરિક વિખવાદ બહાર આવવા લાગ્યા છે. નેપાળના કેન્દ્રીય ગૃહમંત્રી સુદન ગુરંગે બુધવારે પોતાના પદ ઉપરથી રાજીનામું આપી દીધું. હવે વાત એવી છે કે, દેશમાં હવાલાના કથિત કેસમાં અટવાયેલા ઉદ્યોગપતિ દીપક ભટ્ટ સાથે ગુરંગના વ્યાવસાયિક અને સામાજિક સંબંધો હોવાનું બહાર આવ્યું છે. તેમની સાથે ગુરંગની લાખો રૂપિયાની કામગીરી ચાલતી હોવાના મુદ્દે સરકારમાં અને પાર્ટીમાં વિરોધના વંટોળ ઉઠયા છે. તેના કારણે ગુરંગ સામે તપાસના આદેશ અપાયા છે. આ સંજોગોમાં તપાસને અસર ના થાય તેના કારણે ગુરંગે જાતે રાજીનામું આપ્યું હોવાની વાત સામે આવી છે. બીજી તરફ કેટલા લોકો માને છે કે તેમને પણ રવાના કરાયા છે.

ઉલ્લેખનીય છે કે, બાલેન શાહની પાર્ટી અને સરકારની આંતરિક માથાકૂટો અને વિખવાદ હવે સપાટી ઉપર આવી ગયા છે. થોડા દિવસ પહેલાં જ ૯ એપ્રિલે જ બાલેન શાહ દ્વારા પોતાની જ સરકારના કેન્દ્રીય શ્રમ અને સમાજ કલ્યાણ મંત્રી દીપક કુમાર સાહને રવાના કરવામાં આવ્યા હતા. આ ઘટનાને હજી દસ દિવસ થયા છે ત્યાં ૨૨ એપ્રિલે કેન્દ્રીય ગૃહમંત્રી ગુરંગે રાજીનામું આપ્યું છે. સરકાર રચાયાને એક મહિનો પણ નથી થયો ત્યાં બે કેબિનેટ મિનિસ્ટરને રવાના કરવામાં આવ્યા તેણે વ્યાપક ચર્ચાઓ શરૂ કરી છે. લોકો માને છે કે, આ યાદવાસ્થળી બહાર ન આવે તે માટે અંદરખાને જ આ લોકોના રાજીનામા લઈને કામગીરી હાથ ધરાઈ છે.

ખાસ વાત એ છે કે, સોદાબાજી અને ગુપ્ત રોકાણોના આરોપોનો સામનો કરી રહેલા ગુરંગની વાત કંઈક જુદી જ છે. ગુરંગે રાજીનામુ આપવા અંગે જણાવ્યું હતું કે, હાલમાં મારા રોકાણો, મારી કામગીરી, મારા શેરબજારમાં રોકાણ વગેરે અંગે વ્યાપક ચર્ચા ચાલી છે, સવાલો થઈ રહ્યા છે અને તપાસ પણ કરાઈ રહી છે. તેના પગલે જ મેં નૈતિકતાના ધોરણે રાજીનામુ આપ્યું છે. દેશમાં યુવા આંદોલન અને જેનઝી આંદોલન સુશાસન, પારદર્શકતા અને જવાબદારીની માગણી જ કરતું હતું. તેના આધારે જ નવી સરકાર બની હતી. અમે માનીએ છીએ કે, જાહેર જીવન ખરડાયેલું ન હોવું જોઈએ અને તેના કારણે જ સ્વચ્છ નેતૃત્ત્વ જ તેનો જવાબ છે. મારા ભાઈઓ-બહેનોનો બલિદાનથી રચાયેલી સરકાર ઉપર સવાલ ઊભા થતા હોય તો તેનો જવાબ નૈતિકતા જ છે. મેં તેના કારણે જ રાજીનામું આપ્યું છે જેથી નિષ્પક્ષ તપાસ થાય અને કોઈના ઉપર દબાણ ઊભું ન થાય.ઉલ્લેખનીય છે કે, ગુરંગે તો સોશિયલ મીડાયમાં પણ દાવો કર્યો છે કે, મારા વિશે ઘણી અફવાઓ ફેલાયેલી છે, વાતો થઈ રહી છે. આ તમામ અટકળોને સત્યથી અલગ કરવી પડશે. મારી સામે મુકાયેલા તમામ આરોપ સાચા નથી. પુરાવાના આધારે જે સામે આવશે તે સત્ય હશે, માત્ર લાગણીઓના આધારે કોઈની સામે કંઈપણ કરી શકાય નહીં. હું પાર્ટી દ્વારા લેવાયેલા તમામ નિર્ણયનું સમર્થન કરું છું અને તેનું પાલન કરું છું. લોકોમાં ચર્ચા એ ચાલી છે કે, ખરેખર ગુરંગ પાસે રાજીનામું લેવામાં આવ્યું છે કે પછી તેમને રવાના જ કરી દેવામાં આવ્યા છે.

ઉલ્લેખનીય છે કે, કેન્દ્રીય શ્રમ, રોજગાર, સામાજિક સુરક્ષાનો ભાર સંભાળતા મંત્રી દીપક કુમાર સાહને પદ ઉપરથી દૂર કરવામાં આવ્યા તેની પાછળ પણ કંઈક આવા જ કારણો હતા. જે પરિવારવાદ અને સગાવાદનો વિરોધ કરીને બાલેન શાહની પાર્ટી સત્તા ઉપર આવી હતી તેમાં જ દીપક સાહે પરિવારવાદ શરૂ કરી દીધો હતો. અહેવાલો પ્રમાણે તેમણે પોતાના પદનો દૂરૂપયોગ કરીને પોતાની જ પત્નીને સ્વાસ્થ્ય વીમા બોર્ડના સભ્ય તરીકે લેવડાવી લીધા હતા. ઘણા સમયથી આ પદ ખાલી હતું અને ચાર્જ લીધાના થોડા જ દિવસમાં દીપક સાહે આ પદ ઘરમાંથી જ ભરી દીધું. તેના કારણે પાર્ટીની શિસ્ત સમિતિ દ્વારા તેમની સામે પગલાં લેવાયા અને તેમને પદ ઉપરથી દૂર કરવામાં આવ્યા હતા.

હવે પડદા પાછળની ચર્ચા એવી છે કે, નેતા બન્યા પહેલાં અને સાંસદ બન્યા પહેલાં દીપક સાહ સામે ઘણા આરોપો મુકાયેલા હતા. તેઓ મેડિકલ કોલેજોના એડમિશન મુદ્દે છેતરપિંડી કરવાના કેસમાં આરોપી હતા. તેમની પોતાની કંપનીના સાથી જોડે ભેગા મળીને તેમણે આ કાંડ કર્યો હોવાના આરોપો હતા. તેમની ધરપકડ પણ કરવામાં આવી હતી. ત્યારબાદ તેઓ જામીન ઉપર છૂટી ગયા હતા. આ કેસ હજી નેપાળની એક હાઈકોર્ટમાં ચાલી રહ્યો છે. આવા ગુનેગાર અને ભ્રષ્ટ વ્યક્તિને વડા પ્રધાન બાલેન શાહ દ્વારા ટિકિટ આપવામાં આવી અને તેને કેબિનેટ મિનિસ્ટર બનાવવામાં આવ્યો તેનો વ્યાપક વિરોધ થયો હતો. પ્રજાના અણગમા અને પાર્ટીના આંતરિક વિરોધને પગલે બાલેન શાહે આકરો નિર્ણય લઈ દીપક સાહને રવાના કરવા પડયા હતા.

મૂળ મુદ્દે વાત એવી છે કે, રાષ્ટ્રીય સ્વતંત્ર પાર્ટીની રચના જ પારદર્શકતા અને સ્વચ્છ રાજકારણ માટે કરવામાં આવી હતી. ભ્રષ્ટાચારનો વિરોધ, પરિવારવાદનો વિરોધ, બેરોજગારીનું નિવારણ જેવા મુદ્દા જ પાર્ટી માટે મહત્ત્વના હતા. તેના પગલે જ લોકચાહનાની સાથે સાથે લોકોએ તેમની સત્તા ઉપર પણ મોહર મારી હતી. હવે આ સરકાર બન્યાના થોડા જ દિવસમાં કેબિનેટ મિનિસ્ટર દીપક સાહે સત્તાનો દૂરુપયોગ કરીને પોતાનું પોત પ્રકાશ્યું. તેના કારણે તેમને મંત્રીમંડળમાંથી હાંકી કાઢવા પડયા. બીજી તરફ દેશના ગૃહમંત્રી ગુરંગ જ ગુનાખોરીના આરોપોની વચ્ચે ફસાઈ ગયા છે. ગુરંગ સામે આરોપ છે કે, તેઓ જે કંપનીમાં રોકાણ કરી આવ્યા છે તેનું જોડાણ કુખ્યાત હવાલા વેપારી દીપક ભટ્ટ સાથે છે. દીપક ભટ્ટની કંપનીમાં તેમનું અઢી કરોડ કરતા વધારેનું રોકાણ હોવાની ચર્ચા છે. સરવાળે એવું દેખાય છે કે, પાર્ટીએ જેની વાતો કરીને સત્તા લીધી હતી તે હવે માત્ર જુમલા જેવી સાબિત થઈ રહી છે.

ઉલ્લેખનીય છે કે, ગૃહમંત્રી સુદન ગુરંગનો નાનકડો કાર્યકાળ હતો છતાં તે સતત ચર્ચામાં અને વિવાદોમાં જ રહ્યો હતો. તમામ નેતાઓ અને રાજકારણીઓની સિક્યોરિટી રદ કરવી, તમામ નેતાઓની ગાડીઓનું ચેકિંગ કરવું, એરપોર્ટ ઉપર કે રસ્તા ઉપર વીવીઆઈપી કલ્ચર રદ કરવા જેવા નિર્ણયો જારી કરીને લોકોમાં ઉન્માદ જગાવ્યો હતો. બીજી તરફ તેમના પાર્ટીના નેતાઓ જ તેમનો વિરોધ કરતા હતા. તેમને પદ ઉપર આવ્યા ત્યારથી જ બીજા નેતાઓ સાથે તેમને વિખવાદ થયા હતા. તેઓ બીજા મંત્રાલયોની કામગીરીમાં પણ દખલ દેતા હતા. તેમને અન્ય નેતાઓ સાથે ફાવતું નહોતું. તેમણે ગૃહમંત્રી બન્યા બાદ પૂર્વ પીએમ કેપી શર્મા ઓલી અને પૂર્વ ગૃહમંત્રી રમેશ લેખકની ધરપકડના આદેશ આપ્યા હતા. તેના કારણે પણ ઘણો વિવાદ થયો હતો. આ સિવાય રાષ્ટ્રીય સ્વતંત્ર પાર્ટીના પ્રમુખ રબી લામિછાને પણ કૌભાંડના આરોપનો સામનો કરી રહ્યા છે. ગોરખા મીડિયા નેટવર્કના ડાયરેક્ટર તરીકે લામિછાને અંદાજે ૧૧ કરોડ રૂપિયાથી વધારેની ગોલમાલ કર્યાના તથા પોખરા, ચિતવન અને રૂપન્દેહી અને કાઠમંડની ઘણી સહકારી સમિતિઓમાં કરોડો રૂપિયાના ગોટાળા કર્યાના આરોપો છે.

તે વખતે તેઓ નાયબ વડા પ્રધાન પણ રહી ચૂક્યા હતા. તે સમયે નેપાળની સુપ્રીમે તેમને અમેરિકાની નાગરિકતા છોડીને નેપાળની નાગરિકતા લેવાના આદેશ કર્યો હતા. હવે કરોડોનું કૌભાંડ કરનાર નેતા જ પાર્ટીના પ્રમુખ છે. બીજી તરફ ભ્રષ્ટાચાર અને પરિવારવાદ કરનારા નેતાઓ સામે પગલાં લેવાયા છે અને તપાસ થઈ રહ્યાના અહેવાલો છે. જ્યાં આલાકમાન અને ટોચના નેતાઓ જ ભ્રષ્ટાચારના આરોપમાં વ્યસ્ત છે ત્યાં અન્ય નેતાઓની વાત થાય તેમ જ નથી. આ સંજોગોમાં સ્વચ્છ અને પારદર્શક સરકાર સત્તાના મહિના પહેલાં જ ફિક્સમાં મુકાઈ ગઈ છે. હવે હાલત એ થઈ છે કે, સત્તારૂઢ રાષ્ટ્રીય સ્વતંત્ર પાર્ટીમાં ધમાસાણ ચાલી રહ્યું છે. ઘણા નેતાઓ હવે બાલેન શાહ ઉપર દબાણ વધારી રહ્યા છે. તેઓ કોઈપણ મુદ્દે કલંકિત નેતાઓને બહારનો રસ્તો બતાવવા દબાણ કરી રહ્યા છે. બીજી તરફ નેપાળના માઓવાદી સેન્ટર સાથે જોડાયેલી જેન ઝી રેડ ફોર્સ પણ બાલેન શાહ ઉપર દબાણ વધારી રહી છે. તેના કારણે ૧૦૦ સુધારા કરવાના વાયદા કરતી સરકાર ૧૦૦ દિવસ સુધી ટકી રહેશે કે કેમ તેવી ચર્ચાએ જોર કડયું છે.

# બંગાળની આ બેઠકો પર કોંગ્રેસે સ્પર્ધા રસપ્રદ બનાવી




પશ્ચિમ બંગાળ વિધાનસભાની ચૂંટણીમાં મુખ્ય સ્પર્ધા ભાજપ અને ટીએમસી વચ્ચે છે. જોકે કેટલીક એવી વિધાનસભાની બેઠકો પણ છે કે જ્યાં કોંગ્રેસ પણ સ્પર્ધામાં છે. આ કારણે બેઠકોનું સમીકરણ બદલાઈ શકે છે. પશ્ચિમ બંગાળની લગભગ એક ડઝન બેઠકો પર ચૂંટણીમાં સૌથી વધુ ઉમેદવારો મેદાનમાં છે. આ કારણે આવી બેઠકો પર મત વહેંચાઈ જવાની શક્યતા પણ છે. ચૂંટણીના સમીકરણો પ્રમાણે આમાંથી અડધી બેઠકો પર છેલ્લી ચૂંટણીમાં ભાજપનો દબદબો રહ્યો હતો. અહીં ટક્કર સીધી તૃણમુલ કોંગ્રેસ અને ભાજપ વચ્ચે હતી. પરંતુ આ વખતે કોંગ્રસ પણ અરધી બેઠકો પરથી ચૂંટણી લડી રહી છે. આ કારણે અહીંની બેઠકો પર ત્રીકોણીય જંગ છે. ચૂંટણી કમિશનના આંકડા પ્રમાણે પહેલા ચરણની ચૂંટણીમાં સૌથી વધારે ઉમેદવારવાળી બેઠકોમાં કુચ બિહાર દક્ષિણ, જલપાઈ ગુડી, કરંદીધી, પિતાહર વિધાનસભા બેઠકો છે. આ બેઠકો પર ૧૫-૧૫ ઉમેદવાર સ્પર્ધામાં છે.

બ્રિટિશ શાસન દરમિયાન બનાવવામાં આવેલા 'સિવિલ લાઈન્સ' જેવા વિસ્તારોના નામ હવે ઈતિહાસ બની જશે. કેન્દ્ર સરકાર બ્રિટિશ કાળમાં અપાયેલા નામો અને પરંપરાને બદલવાની દિશામાં કામ કરે છે. આ ક્રમમાં 'સિવિલ લાઈન્સ'ની સમીક્ષા પણ કરવામાં આવશે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે સરકાર એક મોટુ અભિયાન ચલાવી રહી છે એટલે બ્રિટિશ શાસન દરમિયાનની નિશાનીઓ અને ઓળખને બદલે ભારતીય સંસ્કૃતિ અને ઓળખ અપાશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જાતે આ બાબતે મંત્રીઓ અને સિનિયર અધિકારીઓને આવી ઓળખો દુર કરવાની સૂચના આપી છે. 'સિવિલ લાઈન્સ'ની શરૂઆત ૧૯મી સદીમાં થઈ હતી. આ વિસ્તારો ખાસ બ્રિટિશ અધિકારીઓને રહેવા માટે બનાવવામાં આવ્યા હતા જ્યાં સગવડ પણ વધુ સારી મળી રહેતી હતી. અહીં રહેનારનું સ્ટેટસ ઉંચુ ગણાતું હતું.

અફઘાનિસ્તાનના ક્રિકેટર રાશીદ ખાનનો દાવો જો સાચો હોય તો એમને ભારત તરફથી ક્રિકેટ રમવાની ઓફર મળી હતી. તેમને ટીમ ઈન્ડિયા તરફથી રમવા માટે ભારતનું નાગરીકત્વ પણ ઓફર કરવામાં આવ્યું હતું. રાશીદે ત્યા સુધી કહ્યું હતું કે ભારત સિવાયના બીજા એક દેશે પણ એમને આવી ઓફર આપી હતી. ૨૭ વર્ષના રાશીદ ખાનના પ્રકાશિત થનારા પુસ્તક 'રાશીદ ખાન ફોર્મ સ્ટ્રીટ્સ ટુ સ્ટારડમ'માં આ વિગતો જણાવવામાં આવી છે. આ ઓફર એમણે એટલા માટે નકારી હતી કે તેઓ એમના દેશને ખુબ પ્રેમ કરે છે અને બીજા દેશ માટે રમવા માંગતા નથી. ભારતના ક્રિકેટ બોર્ડ કે બીજા કોઈ સત્તાધિશોએ રાશીદના આ દાવાને નકાર્યો નથી. જો ભારતે ખરેખર રાશીદને આવી ઓફર કરી હોય તો એના માટે કોઈ વ્યાજબી કારણ નથી. ભૂતકાળમાં રાશીદ કરતા પણ વધુ સારા ક્રિકેટરોને ભારતે કદી આવી કોઈ ઓફર આપી નહોતી.

એક તરફ ઉત્તર પ્રદેશની યોગી સરકાર મિશન શક્તિ અને કેન્દ્રની મોદી સરકાર મહિલાઓને અનામતના બિલ મુદ્દે મોટી મોટી વાતો કરે છે. બેટી પઢાવ - બેટી બચાવ જેવા સ્લોગનોનો પ્રચાર પણ કરવામાં આવે છે. બીજી તરફ ઉત્તર પ્રદેશના બસ્તી જિલ્લામાં આવેલા કલવારી ક્ષેત્રની એક સ્કૂલમાં દીકરીઓને શિક્ષણથી વંચીત રાખવાનો કિસ્સો બહાર આવ્યો છે. અહીંની સરકારી સ્કૂલમાં છેલ્લા ૬૬ વર્ષોથી ગરીબ દિકરીઓને પ્રવેશ એટલા માટે આપવામાં નથી આવતો કે સ્કૂલમાં મહિલાઓ માટેના ટોઈલેટ નથી. હકીકત એ છે કે સ્કૂલના સંચાલકો વધુ કમાણી કરવાના ચક્કરમાં મહિલાઓ માટેના ટોયલેટ નહીં હોવાનું બહાનુ કાઢીને પોતાની પ્રાઈવેટ સ્કૂલ ચલાવી રહ્યા છે. સરકારી સ્કૂલની બાજુમાં જ સંચાલકોની પ્રાઈવેટ સ્કૂલ છે. દિકરીઓને સરકારી સ્કૂલમાં ભણતી રોકવા માટે અને મોટી ફી વસુલ કરવા માટે એડમીશન આપવામાં આવતું નથી. કંટાળેલા એક વાલી પોતાની પુત્રીનું નામ સ્કૂલમાં નોંધાવવા ટોઈલેટ સીટ લઈને સ્કૂલ પર પહોંચ્યા હતા.

મીડલઈસ્ટમાં યુદ્ધને કારણે ભારે તણાવની પરિસ્થિતિ છે. આ તણાવની પરિસ્થિતિ વચ્ચે દેશના નેશનલ સીક્યુરીટી એડવાઈઝર (એનએસએ) અજીત દોભાલ સાઉદી અરબ પહોંચ્યા છે. એમની મુલાકાત એવા સમયે યોજાઈ છે કે જ્યારે હોર્મૂઝની ખાડીની પરિસ્થિતિ બગડી ગઈ છે અને વિશ્વભરમાં ઓઈલની તંગી વધી રહી છે. તેઓ રીયાદ ગયા હતા અને રાજકીય બાબતોના ઉપમંત્રી સઉદ અલ-સાતીને મળ્યા હતા. ત્યાર પછી દોભાલ ઉર્જા મંત્રી અબ્દુલ અજીજ બીન સલમાન, વિદેશ મંત્રી ફૈસલ બીન ફરહાન અને રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર મુસૈદ અલ-એબાનને મળ્યા હતા. જાણકારોના કહેવા પ્રમાણે ભારત અને ગલ્ફ દેશોના સંબંધો તેમજ હાલના સંકટ વિશે ચર્ચા થઈ હતી. ખાસ કરીને ઉર્જા બાબતે વાતચીત લાંબી ચાલી હતી. પશ્ચિમ એશિયામાં યુદ્ધને કારણે બદલાયેલી પરિસ્થિતિ વિશે પણ ચર્ચા થઈ હતી.

છત્તીસગઢ હાઈકોર્ટે બીલાસપુરની ગુરુ ઘાસીદાસ સેન્ટ્રલ યુનિવર્સિટી (એનએસએસ)માં કામ કરતા પ્રોફેસર વિરુદ્ધ ચાલી રહેલો ફોજદારી કેસ રદ કરવાનો ઈન્કાર કર્યો છે. પ્રોફેસર પર આરોપ છે કે એમણે ગયા વર્ષે માર્ચ મહિનામાં એનએસએસ કેમ્પ દરમિયાન હિન્દુ વિદ્યાર્થીઓને નમાજ પઢવાની ફરજ પાડી હતી. ચીફ જસ્ટીસ રમેશ સિંહા અને જસ્ટીસ રવિન્દ્રકુમાર અગ્રવાલની બેન્ચે કહ્યું હતું કે, ચાર્જશીટ પ્રમાણે પહેલી નજરે પુરાવા મળ્યા છે. જેને આધારે કેસ ચાલવો જોઈએ. બેન્ચના કહેવા પ્રમાણે પ્રાથમિક તબક્કે એવા કોઈ પુરાવા મળ્યા નથી કે કેસની કાર્યવાહી બદઈરાદાથી થઈ રહી છે. ૨૦૨૫માં ઈદ-ઉલ-ફીત્રને દિવસે ચાર મુસ્લિમ વિદ્યાર્થીઓને નમાજ પઢવા માટે બોલાવવામાં આવ્યા હતા. બાકીના વિદ્યાર્થીઓને એમની મરજી વગર નમાજ પઢવાની ફરજ પાડવામાં આવી હતી. આંતરજાતીય કે અલગ અલગ ધર્મના યુવક-યુવતીઓ વચ્ચે થતા પ્રેમ કે લગ્નો ખોટા નથી. સરકાર પણ આંતરજ્ઞાતિય લગ્નને પ્રોત્સાહન આપે છે. જોકે ઈરાદો ખોટો હોય તો વિવાદ થાય છે. બિહારમાં 'ધ કેરાલા સ્ટોરી-૨' જેવી ઘટના બની છે. કેટલાક લોકોને કારણે સમગ્ર ધર્મ બદનામ થાય એવો સમય છે. કિસ્સો દરભંગા જિલ્લાના કુશેશ્વરસ્થાન પોલીસ સ્ટેશન વિસ્તારનો છે. કિસ્સો કેન્દ્રીય મંત્રી ચિરાગ પાસવાનની જ્ઞાતિની યુવતીનો છે. એટલે વધુ વિવાદ થયો છે. પાસવાન જ્ઞાતિની એક યુવતીને બીજા ધર્મના એક યુવાને પ્રેમજાળમાં ફસાવી હતી.

# ચારિત્ર્યનું છિદ્ર અને નિઃસાધન ભક્તિ ઉન્નતિ અને અધોગતિનું રહસ્ય



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

માનવજીવન એક વિશાળ સમુદ્ર સમાન છે. બધા જ મનુષ્યોનો જન્મ એકસરખી સંભાવના સાથે થાય છે. બે હાથ, બે પગ, આંખ, કાન અને વિચારવાની શક્તિ પ્રકૃતિએ સરખી આપી છે. છતાં જીવનના અંતે કોઈ શિખરે પહોંચે છે તો કોઈ અંધારી ખીણમાં ખોવાઈ જાય છે. આ ભેદ શાનો? આ જ જિજ્ઞાસા લઈને એકવાર એક યુવક સંત પાસે પહોંચ્યો.

જિજ્ઞાસુએ પૂછ્યું, 'મહારાજ, રંગ, રૂપ અને શરીરરચનામાં સમાન હોવા છતાં કેટલાક લોકો અપાર પ્રગતિ કરે છે, જ્યારે કેટલાક અધોગતિની ખાઈમાં ડૂબી જાય છે. આવું કેમ?' સંત મુસ્કુરાયા.કહ્યું,'કાલે સવારે તળાવના કિનારે મળો. ત્યાં જ તારા પ્રશ્નનો ઉત્તર મળશે.' બીજા દિવસે સૂર્યોદય સાથે જ તે યુવક તળાવ કિનારે પહોંચ્યો. સંત પહેલેથી જ ત્યાં ઊભા હતા તેમના બંને હાથમાં માટીના બે ઘડા હતા. યુવકે ધ્યાનથી જોયું તો એક ઘડો અકબંધ હતો,જ્યારે બીજાના તળિયે નાનું કાણું હતું. સંતે એક ક્ષણ પણ વિચાર્યા વિના બંને ઘડા તળાવનાપાણીમાં ફેંકી દીધા. અકબંધ ઘડો પાણી ની સપાટી પર સહજતાથીતરવા લાગ્યો. જ્યારે કાણાવાળો ઘડો શરૂઆતમાં તો તર્યો,પરંતુ ધીરે ધીરે કાણામાંથી પાણી અંદર ભરાવા લાગ્યું. થોડી જ વારમાં તે ભારે થઈને ડૂબી ગયો અને તળિયે જઈ બેઠો.

સંતે યુવક સામે જોઈ શાંત સ્વરે કહ્યું,'જો બેટા,બંને ઘડા બહાર થી એકસરખા હતા.ફરક માત્ર એક કાણાવાળો હતો.એ એક કાણાએ જ તેને ડૂબાડી દીધો. માનવજીવનનું પણ એવું જ છે. વ્યક્તિનું ચારિત્ર્ય જ તેને સંસાર ના સમુદ્રમાં તરતું રાખે છે. જેનું ચારિત્ર્ય છિદ્રોથી ભરેલું છે, એટલે કે કામ,ક્રોધ,લોભ,ઈર્ષ્યા, અહંકાર, આળસ જેવી ખામી ઓથી ભરેલું છે,તે નિશ્ચિતપણે વિનાશની ખાઈમાં ડૂબે છે. તેનાથી વિપરીત, જેનું ચારિત્ર્ય સદગુણોથી અખંડ છે તે આ જગતમાં ખીલે છે અને સમૃદ્ધ થાય છે.' યુવકને પોતાના પ્રશ્નનો સચોટ જવાબ મળી ગયો.બહારની સમાનતા મહત્વની નથી,અંદર ની અખંડતા જીવનની દિશા નક્કી કરે છે.

ચારિત્ર્ય એટલે માત્ર બહારનું આચરણ નહીં,પણ વિચાર, વાણી અને વર્તનની એકરૂપતા. કાણાવાળો ઘડો એ આપણા જીવનની નબળાઈઓનું પ્રતીક છે. નાની લાગતી ખરાબ ટેવ પણ ધીમે ધીમે આખા વ્યક્તિત્વને ડૂબાડી શકે છે. જેમ કે રોજનું જૂઠ, બીજાની નિંદા, સમયનો દુરુપયોગ, વ્યસન કે અભિમાન. આ બધા ચારિત્ર્યનાં કાણાં છે. શરૂઆતમાં તો વ્યક્તિ તરતી લાગે, સફળ પણ દેખાય, પરંતુ અંદર ને અંદર ખામીઓનું પાણી ભરાતું જાય છે. એક દિવસ એવો આવે કે આખું વ્યક્તિત્વ કલંકિત થઈને ડૂબી જાય છે.

બીજી બાજુ,સત્ય,પ્રામાણિકતા, કરુણા,ધીરજ,ક્ષમા અને નમ્રતા જેવા સદ્ગુણો ચારિત્ર્યને અખંડ બનાવે છે.આવો માણસ મુશ્કેલી ઓના વંટોળમાં પણ ડૂબતો નથી. તેનું આંતરિક બળ તેને હંમેશા તરતું રાખે છે.

ગોપીઓની નિઃસાધન ભક્તિ: અહંકારરૂપી સૌથી મોટું કાણું ચારિત્ર્યનાં કાણાં પૂરવાં હોય તો સૌથી પહેલું કાણું અહંકારનું પૂરવું પડે. શ્રીમદ્ ભાગવતમાં ગોપીઓની ભક્તિ આનું ઉત્તમ ઉદાહરણ છે.ગોપીઓ શ્રીકૃષ્ણને કહે છે, 'હે નાથ! અમે તારી પાસે કાંઈ માગતા નથી. અમે તો તારી અશુલ્ક દાસિકાઓ છીએ. અમારે તારી પાસેથી કાંઈ લેવું નથી.'

અહીં 'અશુલ્ક દાસિકા' શબ્દ અત્યંત માર્મિક છે. દાસી પણ પગાર લે, પણ ગોપીઓ કહે છે અમે વગર પગારની દાસી છીએ. એટલે કે અમારો તમારા પર કોઈ હક્ક નથી, કોઈ લેવડ-દેવડ નથી. આ પરમ દૈન્યની અવસ્થા છે. દૈન્ય એટલે દુર્બળતા નહીં, પણ અહંકારનો સંપૂર્ણ વિલય.

આપણે સત્કર્મ કરીએ, જપ-તપ કરીએ, દાન કરીએ, પણ સાથે 'મેં કર્યું' નો ભાવ પણ પોષીએ છીએ. આ 'મેં' જ સૌથી મોટું કાણું છે. ગોપીઓ ધ્યાન, યોગ, તપ બધું જ કરે છે, છતાં માને છે કે 'કનૈયા, અમે કશું જાણતા નથી. અમે કેવળ તારા શરણે છીએ. અમે નિઃસાધન ભક્ત છીએ.'

નિઃસાધન એટલે જેની પાસે પોતાનું કહેવાય એવું કોઈ સાધન નથી. જ્યાં સુધી જીવને પોતાના જ્ઞાન, બળ, ધન કે પદનો આધાર હોય ત્યાં સુધી તે નિરાધારબનતો નથી.અને જ્યાં સુધી નિરાધાર ન બને ત્યાં સુધી સર્વના આધારરૂપ ભગવાનનો આધાર મળતો નથી. ગોપીઓની નિઃસાધનતા જ તેમનું સૌથી મોટું સાધન બનીગઈ સાચું દૈન્ય ત્યારે આવે જ્યારે 'હું નિરભિમાની છું' એવું બોલવાનું અભિમાન પણ છૂટી જાય. જ્યારે દરેક જીવમાં,દરેક ઘટના માં ભગવદભાવ દેખાય ત્યારે હૃદય આપોઆપ નમી પડે છે.

શ્રીકૃષ્ણ જ્યારે ગોપીઓને પૂછે છે કે, 'મારા દર્શન પછી તમારી શું ઈચ્છા છે?' ત્યારે ગોપીઓનો જવાબ આપણી બધી સમજને ઉથલાવી નાખે તેવો છે. તેઓ કહે છે,'હે કામવિનાશક!અમારી સર્વકામનાઓનો વિનાશકરવાની શક્તિ તમારા હાથમાં છે.માટે અમારા કામનો નાશ કરો.'

સામાન્ય રીતે જીવ ભગવાન પાસે સુખ,સંપત્તિ,સંતિ એટલે કે કામનાપૂર્તિ માગે છે.પણ ગોપી ઓ કામનાનો જ નાશ માગે છે. કારણ કે તેઓ જાણે છે કે કામના એ જ દુઃખનું મૂળ છે, ચારિત્ર્યનું સૌથી ઊંડું કાણું છે. તેઓ કહે છે, 'તારો હાથ અમારા મસ્તકે મૂક, જેથી અમારી બુદ્ધિમાંથી વાસના દૂર થાય.' અને જ્યારે પ્રભુ કહે છે કે, 'મારાં ચરણ એવાં સુલભ નથી કે દરેકના હૃદયમાં મૂકું,' ત્યારે ગોપીઓનો પ્રત્યુત્તર અદ્ભુત છે. 'હે કનૈયા! તારાં ચરણ તો તૃણ ચરતી ગાયોની પાછળ ભમે છે. ગાયને સુલભ છે, તો અમને કેમ નહીં? અમે તો ગાય કરતાં પણ દીન બનીને આવ્યા છીએ'આછે પરાકાષ્ઠાનું દૈન્ય અને સમર્પણ. આ બે પ્રસંગો એક જ સત્ય સમજાવે છે.સંતની ઘડાની વાર્તા કહે છે કે ચારિત્ર્યની ખામીઓ જીવનને ડૂબાડે છે. અને ગોપીઓની ભક્તિ કહે છે કે અહંકાર અને કામનાએ સૌથી મોટી ખામી છે. તેને દૂર કરવાનો એકમાત્ર ઉપાય છે.નિઃસાધન ભાવ અને સંપૂર્ણ શરણાગતિ. જીવનમાં પ્રગતિ કરવી હોય તો પહેલા આપણા ઘડામાં ક્યાં ક્યાં કાણાં છે તે શોધવાં પડશે. જૂઠ, કપટ,આળસ,અભિમાન,ઈર્ષ્યા, વાસના. આ કાણાંને સત્ય, પ્રેમ, પુરુષાર્થ, નમ્રતા, સંતોષ અને ભક્તિથી પૂરવાં પડશે. જ્યારે માણસ એમ સમજી જાય કે 'હું કાંઈ નથી, બસ તું જ સર્વસ્વ છે,' ત્યારે તેનું ચારિત્ર્ય અખંડ બને છે. પછી સંસારનો કોઈ વંટોળ તેને ડૂબાડી શકતો નથી. તે માત્ર તરતો જ નથી રહેતો, પણ બીજાને પણ તારવાની શક્તિ મેળવે છે. માટે, ખીલવું હોય તો ચારિત્ર્યને અખંડ રાખો અને ડૂબવું ન હોય તો અહંકારનું કાણું આજે જ પૂરી દો. નિઃસાધન બનીને પ્રભુને શરણે જાઓ,કારણ કે નિઃસાધન ભક્તોનો જ તેમના પર પહેલો હક્ક છે.

# અદાણી ગ્રીન એનર્જીએ આજ સુધીમાં સૌથી વધુ વાર્ષિક 5.1 ગીગાવોટ ગ્રીનફિલ્ડ

## ક્ષમતા ઉમેરી મુખ્ય એબિડટા વાર્ષિક ૨૩%ની વૃદ્ધિ સાથે રૂ. 10,865 કરોડ નોંધાવ્યો

**અમદાવાદ, તા.24**

ભારતની સૌથી મોટી અને નવીનીકરણીય ઊર્જા ક્ષેત્રમાં સૌથી ઝડપથી વિકસતી અદાણી ગ્રીન એનર્જી લિ. (AGEL) એ ૩૧ માર્ચ ૨૦૨૬ ના રોજ પૂરા થયેલા સમયગાળાના જાહેર કરેલા નાણાકીય પરિણામો મજબૂત વૃદ્ધિ અને શ્રેષ્ઠ કાર્યકારી ક્ષમતા દર્શાવે છે.



અહેવાલના સમય ગાળામાં વાર્ષિક ધોરણે ઊર્જા વેચાણ ૩૪% વધીને ૩૭,૫૬૭ મિલિયન યુનિટ થયું હતું. પરિણામે વીજ પુરવઠામાંથી વાર્ષિક ધોરણે આવક ૨૨% વધીને રૂ.૧૧,૬૦૨ કરોડ થઇ છે. વીજ પુરવઠામાંથી વાર્ષિક ધોરણે એબિડટા ૨૩% વધીને રૂ.૧૦,૮૬૫ કરોડ નોંધાવ્યો છે. જ્યારે ઉદ્યોગ અગ્રણી એબિડટા માર્જિન ૯૧% હાંસલ કર્યો છે. આ ગાળામાં વાર્ષિક ધોરણે રોકડ નફો ૧૧% વધીને રૂ. ૫,૩૯૯ કરોડ થયો છે.

નાણાકીય વર્ષ-૨૬ના આખરી ત્રિમાસિક અને સમગ્ર વર્ષના અગાઉના સમાન ગાળાના તુલનાત્મક નાણાકીય પ્રદર્શન અનુસાર વીજ પુરવઠામાંથી આવક નાણા વર્ષ-૨૫ના આખરી ત્રિમાસીમાં રુ.૩,૦૯૪ કરોડની સામે વર્ષ-૨૬ના સરખા સમયમાં ૧૬%ના વધારા સાથે રુ.૨,૬૬૬ કરોડ થઇ હતી. જ્યારે વર્ષ-૨૫ના સમગ્ર વર્ષમાં રુ.૯,૪૯૫ કરોડની સામે હમણાં જ પુરા થયેલા નાણાકીય વર્ષમાં વીજ પુરવઠામાંથી આવક ૨૨% વધીને રુ.૧૧,૬૦૨ કરોડ થઇ છે. ગત નાણાકીય વર્ષ-૨૫ના અંતિમ ત્રિમાસીમાં વીજ પુરવઠામાંથી વાર્ષિક ધોરણે એબિડટા રુ.૨,૪૫૩ કરોડ સામે નાણા વર્ષ-૨૬ના સરખા ગાળામાં એબિડટા ૨૦% વધીને રુ.૨,૯૪૪ કરોડ હાંસલ થયો છે. નાણા વર્ષ-૨૫ના સમગ્ર વર્ષમાં રુ.૮,૮૧૮ કરોડની તુલનાએ તાજેતરમાં પૂરા થયેલા નાણાકીય વર્ષમાં ૨૩%ના વધારા સાથે રુ.૧૦,૮૬૫ કરોડ નોંધાયો છે. ટકાવારીની દ્રષ્ટીએ નાણાકીય વર્ષ-૨૫ અને નાણાકીય વર્ષ-૨૬માં વીજ પુરવઠામાંથી એબિડટા અનુક્રમે આખરી ત્રિમાસી અને સમગ્ર વર્ષમાં સરખો ૯૧% નોંધાયો છે.

રોકડ નફો જે નાણાકીય વર્ષ-૨૫ના અંતિમ ત્રિમાસીમાં રુ.૧,૨૩૧ કરોડની સામે વર્ષ-૨૬ના સમાન ગાળામાં ૨૧% વધી રુ.૧,૪૯૪ કરોડ થયો છે. સમગ્ર નાણાકીય વર્ષ-૨૫માં રુ.૪,૮૭૧ કરોડના નફા સામે નાણાકીય વર્ષ-૨૬માં ૧૧%ના વધારા સાથે નફો રુ.૫,૩૯૯ કરોડ થયો છે.

અદાણી ગ્રીન એનર્જીના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર શ્રી સાગર અદાણીએ અદાણી ગ્રીનના ઈતિહાસમાં નાણાકીય વર્ષ ૨૬ને એક સીમાચિહ્ન સમાન વર્ષ તરીકે ગણાવતા કહ્યું હતું કે મજબૂત પ્રકલ્પ અને કામકાજની શ્રેષ્ઠતાના આધારે અદાણી ગ્રીનએ ૫.૧ ગીગાવોટ ગ્રીનફિલ્ડ ક્ષમતા ઉમેરવા સાથે કામકાજની કુલ ક્ષમતા ૧૯.૩ ગીગાવોટે પહોંચી છે. તેમણે કહ્યું હતું કે આ સીમાચિહ્ન ચીન બહારની કોઈપણ કંપની દ્વારા વૈશ્વિક સ્તરે સૌથી વધુ ગ્રીનફિલ્ડ વાર્ષિક ક્ષમતા વિસ્તરણ છે. આ ઉપલબ્ધિએ ભારતના નવીનીકરણીય ઉર્જા ક્ષેત્રમાં નેતૃત્વની અમારી સ્થિતિને મજબૂત બનાવવા સાથે કંપનીને અમલવારીની શ્રેષ્ઠતાની એક વિશિષ્ટ ભ્રમણકક્ષામાં પણ મૂકે છે. સાગર અદાણીએ ઉમેર્યું હતું કે કચ્છના ખાવડાનો વિશ્વનો સૌથી મોટો અમારો મુખ્ય નવીનીકરણીય ઉર્જા પ્રકલ્પ નોંધપાત્ર રીતે પ્રગતિના પથે આગળ વધી રહ્યો છે. બેટરી સ્ટોરેજના ક્ષેત્રમાં નાણાકીય વર્ષ-૨૬માં અમે ૧.૪ GWh ક્ષમતા સ્થાપિત કરી છે, જે વિશ્વના સૌથી મોટા સિંગલ-લોકેશન BESS તૈનાતીમાંની એક અમારા કરાર મિશ્રણને પૂરક બનાવશે એટલું જ નહી પરંતુ આ કંપનીને સ્થિતિસ્થાપક અને ભવિષ્ય માટે તૈયાર ઊર્જા ઈકોસિસ્ટમ બનાવવાની નજીક લાવશે. તેમણે કહ્યું કે આંધ્રપ્રદેશમાં અમારો પમ્પ્ડ હાઈડ્રો સ્ટોરેજ પ્રોજેક્ટ પણ નોંધપાત્ર પ્રગતિ કરી રહ્યો છે.

તેમણે કહ્યું કે અદાણી ગ્રીન એનર્જીનો ૧૯,૨૯૪ મેગાવોટનો ઓપરેશનલ પોર્ટફોલિયો ૮૭ લાખથી વધુ ઘરોને વીજળી આપશે અને વાર્ષિક લગભગ ૩૬ મિલિયન ટન CO2e ઉત્સર્જનને ટાળશે. અમારા ESG પ્રયાસોને મળી રહેલી સતત માન્યતા ટકાઉ વિકાસ અને ભારતના ઊર્જા સંક્રમણને વેગ આપવાની અમારી પ્રતિબદ્ધતાની પુનઃપુષ્ટી કરે છે.

નાણાકીય વર્ષ ૨૬માં અદાણી ગ્રીને ૫,૦૫૧ મેગાવોટ ગ્રીનફિલ્ડ ક્ષમતા ઉમેરી છે, જે નાણાકીય વર્ષ ૨૫માં થયેલા ક્ષમતા વધારા કરતા દોઢ ગણી છે. ૫,૦૫૧ મેગાવોટના ગ્રીનફિલ્ડ ઉમેરણમાં ૩,૪૧૨ મેગાવોટ સૌર ક્ષમતા (ગુજરાતના ખાવડામાં ૨,૯૭૪ મેગાવોટ, રાજસ્થાનમાં ૪૩૮ મેગાવોટ), ખાવડામાં ૬૮૩ મેગાવોટ પવન ઉર્જા ક્ષમતા અને ખાવડામાં ૯૫૬ મેગાવોટ સૌર-પવન હાઈબ્રિડ ક્ષમતાનો સમાવેશ થાય છે.

# અમદાવાદ મહાનગરપાલિકા ચૂંટણી 2026ના મતગણતરી મથકે પ્રતિબંધ ફરમાવતું શહેર પોલીસ કમિશનરનું જાહેરનામું બહાર પડાયું

**અમદાવાદ, તા.24**

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે નંબર: વિ.શા/ જાહેરનામું/ એ-સેકશન/ પરમીટ/જાહેરનામું/ મતગણતરી/૪૩/૨૦૨૬ તા. ૨૩/૦૪/૨૦૨૬ હવાલો:- જીલ્લા ચુંટણી અધિકારીશ્રી અને કલેક્ટરશ્રી અમદાવાદના પત્ર ક્રમાંક: સ્થ.સ્વ.ચું. AMC/મતગણગરી/૨૦૨૬ તા.૧૬/૦૪/૨૦૨૬ અન્વયે રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગરના તા.૦૧/૦૪/૨૦૨૬ સુચના પત્ર દ્વારા આદેશો બહાર પાડવામાં આવેલ છે. જે અન્વયે અમદાવાદ મહાનગર પાલિકાની ચૂંટણી તા.૨૬/૦૪/૨૦૨૬ ના રોજ યોજાનાર છે. જીલ્લા ચુંટણી અધિકારીશ્રી અને કલેક્ટરશ્રી અમદાવાદ શહેર દ્વારા બુથો ઉપર થયેલ મતદાનનું કાઉન્ટીંગ તા.૨૮ /૦૪/ ૨૦૨૬ના રોજ એલ.ડી.એન્જીનીયરીંગ કોલેજ નવરંગપુરા તથા ગુજરાત કોલેજ-કોમર્સ વિભાગ એલીસબ્રીજ અમદાવાદ શહેર ખાતે થનાર છે. આ મતગણતરી શાંતીપુર્ણ રીતે અને સુમેળ ભર્યા વાતાવરણમાં પુર્ણ થાય તે માટે જાહેર સલામતી કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે જરૂરી છે.

આથી, હું જી.એસ.મલિક પોલીસ કમિશનર, અમદાવાદ શહેર ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા -૨૦૨૩ની કલમ -૧૬૩ અન્વયે મને મળેલ અધિકાર ની રુએ નીચે પ્રમાણે ફરમાવુ છુ.

(૧) મત ગણતરી મથકની અંદર, કમ્પાઉન્ડમાં કે, મત ગણતરી મથકની ચારેય બાજુની ૨૦૦ મીટરની ત્રીજ્યાના વિસ્તારમા કોઈપણ વ્યકિતએ સેલ્યુલર/મોબાઈલ ફોન, કોડલેસ ફોન, વાયરલેસ સેટ કે સંદેશા વ્યવહારના અન્ય કોઈ વિજાણુ સાધનો લઈ જવા ઉપર પ્રતિબંધ ફરમાવુ છુ.

(૨) મત ગણતરી મથકની અંદર, કમ્પાઉન્ડમાં કે, મત ગણતરી મથકની ચારેય બાજુની ૨૦૦ મીટરની ત્રીજયાના વિસ્તારમાં કોઈ પણ વ્યકિત વાહનો લઈ જઈ શકશે નહિ અથવા પાર્ક પણ કરી શકશે નહિ. વાહનોનો અર્થ પરિવહનના હેતુ માટે ઉપયોગમાં લઈ શકાય તેવા યંત્ર શકિતથી કે અન્ય રીતે ચાલતા કોઈ પણ પ્રકારના વાહનનો સમાવેશ થાય છે.

(૩) મત ગણતરી મથકની અંદર, કમ્પાઉન્ડમાં કે, મત ગણતરી મથકની ચારેય બાજુની ૨૦૦ મીટરની ત્રીજયાના વિસ્તારમાં કોઈ પણ વ્યકિત બાકસ (માચીસ) લાઈટર, ગેસ લાઈટર કે અન્ય સળગાવી શકાય તેવા પદાર્થો કે, ચીક વસ્તુઓ લઈ જઈ શકશે નહિ કે તેનો ઉપયોગ કરી શકશે નહિ.

આ હુકમમાં નીચેના અપવાદ છે.

કાયદો અને વ્યવસ્થાના ઈન્ચાર્જ અધિકારીશ્રીઓ અને મત ગણતરી મથક અને તેની આસપાસ ફરજ ઉપર મુકેલ સલામતી કર્મચારીઓ તેમની વીધીસરની ફરજ દરમ્યાન સેલ્યુલર/મોબાઈલ ફોન, કોડલેસ ફોન, વાયરલેસ સેટનો વગેરેનો ઉપયોગ કરી શકશે.આજ પ્રમાણે ભારતના ચુટણી પંચે નિમેલા નિરીક્ષકો અને મત ગણતરીની ફરજોનો હવાલો ધરાવતા અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓ તેમની વિધીસરની ફરજ દરમ્યાન આવા સાધનોનો ઉપયોગ કરી શકશે. આ હુકમનો ભંગ/ઉલ્લધન કરનાર ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ તા:૨૮/૦૪/૨૦૨૬ ના કલાક ૦૦.૦૦ થી મત ગણતરી પુરી થાય ત્યા સુધી અમલમા રહેશે. હું આથી આદેશ આપું છું કે, આ હુકમની જાહેરાત નિર્દેશ કરેલ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ નકલો ચોંટાડી, અમદાવાદ શહેર પોલીસના તમામ Social Media એકાઉન્ટસ ઉપર તેમજ સ્થાનિક વર્તમાન પત્રો, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્રો ઉપરથી બહોળી પ્રસિધ્ધિ કરાવવી.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતા સંયુક્ત/ અધિક પોલીસ કમિશનરશ્રીના દરજ્જાથી પો.સ.ઈ. સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઈસમો સામે-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

# અમદાવાદમાં વાહનના માલિકોને પસંદગીના નંબરો મેળવવા અંગે ઈ -ઓક્શન માટે ઓનલાઈન ૨૭મી એપ્રિલ સુધી રજીસ્ટ્રેશન કરાશે

**અમદાવાદ, તા.24**

આર.ટી.ઓ અમદાવાદ કાર્યક્ષેત્રના તમામ વાહન માલિકોને જણાવવામાં આવે છે કે, અત્રેની કચેરીમાં ટ્રાન્સ્પોર્ટ વાહનમાં GJ01-NT નવી સિરીઝ ખોલવામાં તેમજ એલ.એમ.વી, થ્રી-વ્હીલર અને અધર કેટેગરીના વાહનોમાં બાકી રહેલ ગોલ્ડન-સિલ્વર નંબરોનું રી-ઓક્શન કરવામાં આવનાર હોય નીચે મુજબની સુચનાઓને ધ્યાને લઈ હરાજીમાં ભાગ લેવા જણાવવામાં આવે છે. રજિસ્ટ્રેશન શરૂ થવા તારીખ: 24/04/2026, 04:00:00 PM અને રજિસ્ટ્રેશન પૂર્ણ થશે તારીખ : 26/04/2026, 03:59:59 PM સુધી. તથા ઓક્શન શરૂ થવાની તારીખ : 24/04/2026, 04:00:00 PM અને ઓક્શન પૂર્ણ થવા તારીખ :- 28/04/2026, 04:00:00 PM સુધી. સુવર્ણ (ગોલ્ડન) નંબરમાં 1, 5, 7, 9, 11, 99, 111, 333, 555, 777, 786, 999, 1111, 1234, 2222, 3333 ટુ વ્હીલર ફી 8000 અને અન્ય વાહનોની ફી 40000. રજત (સિલ્વર) નંબરમાં 2, 3, 4, 8, 10, 18, 27, 36, 45, 54, 63, 72, 81, 90, 100, 123, 200, 222, 234, 300, 303, 400, 444, 456, 500, 567, 600, 678, 700, 789, 800,888, 900, 909, 1000, 1001, 1008, 1188, 1818, 1881, 2000, 2345, 2500, 2727, 2772, 3000, 3456, 3636, 3663, 4000, 4455, 4545, 4554, 4567, 5000, 5005, 5400, 5445, 5454, 6000, 6336, 6363, 6789, 7000, 7007, 7227, 7272, 8000, 8008, 8055, 8118, 8181 ટુ વ્હીલર ફી 3500 અને અન્ય વાહનોની ફી 15000. અન્ય ઉપર દર્શાવેલ સિરીયલ નંબર (૧) અને (૨) સિવાયના નંબર ટુ વ્હીલર ફી 2000 અને અન્ય વાહનોની ફી 8000. પસંદગીનો નંબર મેળવવા ઈચ્છતા વાહન માલિકોએ તેમના વાહનોનું રજીસ્ટેશન કરાવીને પસંદગીના નંબર મેળવવા માટે https://vahan.parivahan.gov.in/funev પર નોંધણી, યુઝર આઈ.ડી.અને પાસવર્ડ તૈયાર કરી વાહન વ્યવહાર કમિશ્નરની કચેરીના પરિપત્રક્રમાંક: નં.આઈ.ટી /પસંદગી નંબર/ Online Auction/૭૪૨૧, તા:૧૨/૦૯/૨૦૧૭ના Appendix-A ની સુચનાઓ મુજબ હરાજીની પ્રક્રિયામાં ભાગ લેવાનો રહેશે. પસંદગી નંબર મેળવવા માટેની અરજી સેલ ઈન્વોઈસની તારીખ અથવા વીમાની તારીખ એ બે માંથી જે વહેલું હોય તે તારીખથી સાત દિવસની અંદર રજુ કરવાની રહેશે. આવી અરજી, અરજી કર્યાની તારીખથી ૬૦ દિવસ સુધી અમલી ગણાશે. આ રીતે ૬૦ દિવસમાં અરજદાર ચોઈસનો કોઈ નંબર નહીં મેળવે અથવા ઉપલબ્ધ નંબરોમાંથી અરજદારને પસંદગીનો નંબર ફાળવી શકાશે નહીં તો અરજી તારીખથી ગણતા ૬૦ માં દિવસે એટલે કે છેલ્લા દિવસે રજીસ્ટ્રીંગ ઓથોરીટી દ્વારા રેન્ડમ પધ્ધતિથી નંબર ફાળવી દેવામાં આવશે. જેની સામે અરજદાર કોઈ વાંધો લઈ શકશે નહી. અરજદારએ હરાજીની પ્રક્રિયા પુર્ણ થયાના ૫ (પાંચ) દિવસમાં બિડ એમાઉન્ટના નાણા જમા કરાવવાના રહેશે. અરજદાર જો આ નિયત સમયમર્યાદામાં નાણાં ચૂકવવામાં નિષ્ફળ જશે તો મૂળ ભરેલી રકમ (Base Price) ને જપ્ત કરી ફરીવાર હરાજી કરવામાં આવશે.

# હવે અદાણી ગેસના તમામ કામ વન સ્ટોપ સોલ્યુશન: 'ગેસ મિત્ર કોર્નર'

## ગ્રાહક સેવાઓમાં આવશે મોટું પરિવર્તન

**અમદાવાદ, તા.24**

નાણાકીય વર્ષ-૨૫ માં ૩.૩ ગીગાવોટ ની તુલનાએ ૫.૧ ગીગાવોટ ગ્રીનફિલ્ડ ક્ષમતાનો ઉમેરો ૧.૫ ગણી વૃદ્ધિ દર્શાવે છે: ૮૭.૩ ના ઉચ્ચતમ સ્કોર સાથે સિક્યોર્ડ કેરએજ ESG ૧+ રેટિંગ: જાપાન ક્રેડિટ રેટિંગ એજન્સી (JCR) દ્વારા કંપનીને ભારતના સોવરિન ક્રેડિટ રેટિંગની સમકક્ષ JCR BBB+/Stable નું પ્રારંભિક રેટિંગ અપાયું.

ગ્રાહક સેવાને નવા શિખરે લઈ જતાં, અદાણી ટોટલ ગેસ લિમિટેડ (ATGL) એ અમદાવાદનાસાઉથ બોપલમાં ગુજરાતનું પ્રથમ 'અદાણી ગેસ મિત્ર કોર્નર'કાર્યરત કર્યું છે. આ પહેલ માત્ર એક સર્વિસ સેન્ટર નથી, પરંતુ ગ્રાહકોના સમય અને સુવિધાને પ્રાધાન્ય આપતું એક અત્યાધુનિક ડિજિટલ સોલ્યુશન છે. એન્ડ-ટુ-એન્ડ કસ્ટમર સપોર્ટ માટે તેમાં ગ્રાહકોને લગતી તમામ સુવિધાઓને આવરી લેવામાં આવી છે.

કંપનીએ આ સુવિધા માટે સ્થાનિક મેડિકલ સ્ટોર્સ સાથે ભાગીદારી કરી છે. આ એક સ્માર્ટ વ્યૂહરચના છે કારણ કે મેડિકલ સ્ટોર એવી જગ્યા છે જ્યાં ગ્રાહકો અવારનવાર મુલાકાત લેતા હોય છે. હવે બિલ ભરવા કે નવી લાઈન માટે કોઈ સ્પેશિયલ ઓફિસે જવાની જરૂર નથી.




આ ડિજિટલ કિઓસ્ક (Kiosk) અંતર્ગત ગ્રાહકો એક જ છત નીચે અનેક સુવિધાઓ પ્રાપ્ત કરી શકે છે. જેમાં નવા PNG કનેક્શન માટે માત્ર મિનિટોમાં રજીસ્ટ્રેશન, ગૂંચવણ વગર ગેસ બિલની ચુકવણી અને હિસ્ટ્રી ચેક કરવાની સુવિધા એટલે કે સ્માર્ટ પેમેન્ટ વ્યવસ્થા, કોઈપણ ટેકનિકલ ખામી કે સર્વિસ લાઈન અંગે તુરંત ફરિયાદ નોંધવાની વ્યવસ્થાગેસ ગીઝર કનેક્શનથી લઈને અન્ય તમામ સહાય એક જ ડિજિટલ સ્ક્રીન પર વન-સ્ટોપ સોલ્યુશન વગેરેનો સમાવેશ થાય છે.

૧૦૦ નવા સેન્ટરોનો માસ્ટર પ્લાન: ATGL આગામી સમયમાં તેના કાર્યક્ષેત્રમાં આવા૧૦૦ કેન્દ્રોશરૂ કરવા જઈ રહ્યું છે. આ માટે કંપનીએ સ્થાનિક સ્તરે રોજગારી અને તાલીમ આપવાનું પણ શરૂ કર્યું છે. આ મોડેલથી ગ્રાહકોને 'લાસ્ટ-માઈલ' કનેક્ટિવિટી મળશે અને પરંપરાગત કસ્ટમર કેર પરનો બોજ ઘટશે.

**વાર્ષિક ધોરણે કાર્યકારી ક્ષમતા ૩૫% વધીને ૧૯.૩ ગીગાવોટ થઇ. જે ભારતની સૌથી મોટી ક્ષમતા બની:**

વૈશ્વિક સ્તરે રશિયા અને પશ્ચિમ એશિયામાં વધતા તણાવને કારણે જ્યારે LPG સિલિન્ડરના પુરવઠા અને ભાવમાં અનિશ્ચિતતા જોવા મળી રહી છે, ત્યારે PNG એ શહેરી પરિવારો માટે સૌથી સુરક્ષિત, સ્વચ્છ અને અવિરત ઈંધણ બની રહ્યું છે. સરકાર પણ દેશને ગેસ-આધારિત અર્થતંત્ર બનાવવા તરફ આગળ વધી રહી છે, જેમાં અદાણીની આ 'મિત્ર' પહેલ પાયાનું કામ કરશે.

અદાણી ટોટલ ગેસના પ્રવક્તાએ જણાવ્યું હતું કે, "અદાણી ગેસ મિત્ર કોર્નરનું લોન્ચિંગ એ ગ્રાહક સંતોષ પ્રત્યેની અમારી પ્રતિબદ્ધતાનું મજબૂત પ્રદર્શન છે. અમારી સેવાઓને ગ્રાહકોના રહેઠાણ અને કાર્યસ્થળની નજીક લઈ જઈને અમે PNG એક્સેસને વધુ સરળ, ઝડપી અને અનુકૂળ બનાવી રહ્યા છીએ. અમે આ પહેલને અન્ય ભૌગોલિક વિસ્તારોમાં પણ અમલમાં મૂકવાની યોજના ધરાવીએ છીએ. ૧૦૦ નવા સેન્ટરોનો માસ્ટર પ્લાન: ATGL આગામી સમયમાં તેના કાર્યક્ષેત્રમાં આવા૧૦૦ કેન્દ્રોશરૂ કરવા જઈ રહ્યું છે. આ માટે કંપનીએ સ્થાનિક સ્તરે રોજગારી અને તાલીમ આપવાનું પણ શરૂ કર્યું છે. આ મોડેલથી ગ્રાહકોને 'લાસ્ટ-માઈલ' કનેક્ટિવિટી મળશે અને પરંપરાગત કસ્ટમર કેર પરનો બોજ ઘટશે. કંપનીએ આ સુવિધા માટે સ્થાનિક મેડિકલ સ્ટોર્સ સાથે ભાગીદારી કરી છે. આ એક સ્માર્ટ વ્યૂહરચના છે કારણ કે મેડિકલ સ્ટોર એવી જગ્યા છે જ્યાં ગ્રાહકો અવારનવાર મુલાકાત લેતા હોય છે. હવે બિલ ભરવા કે નવી લાઈન માટે કોઈ સ્પેશિયલ ઓફિસે જવાની જરૂર નથી.

# "નામ નિરૂપણ" આ સૂત્રના ચાર સ્તંભ છે, સ્વરૂપ, મહિમા, રહસ્ય, અને પ્રભાવ



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

માનસ રત્નાવલીનાં ચોથા દિવસની કથામાં પ્રવેશતાં પૂજ્ય બાપુએ કહ્યું કે નારી એક રત્ન અને એ રીતે તો રત્નાવલી રત્ન છે જ. એક પ્રશ્ન છે નામ નિરુપણમાં નિરુપણનો અર્થ શું થાય ? માનસમાં બ્રહ્મ નિરુપણ, અને ભક્તિ નિરુપણ શબ્દ પણ છે ! પરંતુ પૂછવામાં આવ્યું છે નામ નિરુપણ! તો નિરુપણ નાં ચાર સ્તંભ છે. આપણે જેનું નિરૂપણ કરવા માંગતા હોઈએ એનું સ્વરૂપ જાણવું પડે, બીજું એનો મહિમા જાણવો પડે, ત્રીજું એનું રહસ્ય જાણવું પડે, અને ચોથું એનો પ્રભાવ જાણવો પડે, આ ચાર સ્તંભ છે. બ્રહ્મનું સ્વરૂપ શું છે? એનો મહિમા શું છે? એનું રહસ્ય શું છે? અને એનો પ્રભાવ શું છે? એ વાતમાં આપણે ન જોઈએ, અહીં નામની વાત છે તો નામનું સ્વરૂપ શું છે? આપ રામ રામ બોલો, કૃષ્ણ કૃષ્ણ બોલો શિવ શિવ બોલો, અને એટલે જ નામ દીક્ષા અથવા નામદાન એવો શબ્દ પ્રયોગ થાય છે. સ્વરૂપનો બોધ ગુરુ વિના શકય નથી. રામ નામનું સ્વરૂપ કોઈ બુદ્ધ પુરુષ પાસેથી જાણવું પડે, બાકી ભ્રામક વસ્તુઓ આપણને ભ્રમિત કરી દે, અને નામ મણિને બદલે આપણે કાચ લઈ લઈએ. જેમ કે બન્દે બોધમયં નિત્યં ગુરું શંકરરુપિણમ્. બીજો એક પ્રશ્ન છે કે! ઉપદેશ કોની પાસેથી લઈએ? અંગત વાત વ્યક્તિગત હોય એનો ઉપદેશ પોતાના ગુરુ પાસેથી લેવો, પણ સાર્વભૌમ ઉપદેશ મહાદેવ પાસેથી લેવો. મહાદેવ ચોવીસ કલાક રામ રામ જપે છે, રામ બીજ મંત્ર છે અને પ્રણવ મંત્ર કે ઓમકારનું બીજ તત્વ રામ છે. જય સીયારામ પણ નામ મંત્ર છે, અને એટલાં માટે તલગાજરડા ના સાધુનો મંત્ર જય સીયારામ છે, પણ આ નારાને સાંપ્રદાયિક નામ આપી દીધું.

નામ નાં નિરૂપણ માટે જેણે નામ કે રામના સ્વરૂપ ને જાણ્યું છે, એને પાસેથી લેવો. શિવ સમાન કોણ સાર્વભૌમ છે? ત્રિભુવન ગુરૂ છે. ભગવાન શિવ વિશ્વનાથ છે, અને રામ વિશ્વાસ છે! એટલે તત્વતઃ બંને એક જ છે! મૂળમાં મારા દાદા કહેતા કે સતત જપ કરનાર માટે નામનું સ્વરૂપ પ્રગટ થાય છે! જેને આલેખી શકાતું નથી! એને મહેસૂસ કરી શકો.બીજુ નામ નો મહિમા! તુલસીદાસજી એ રામનામ વંદનામાં નવ દોહામાં રામનામનો મહિમા ગાયો છે, અને બધાં જ શાસ્ત્રકારોએ નામનો મહિમા ગાયો છે. ત્રીજું છે નામ નિરૂપણનું રહસ્ય માનસમાં તુલસીદાસજી એક શબ્દ પ્રયોગ કર્યો છે, રામ રહસ્ય! રામનાં ઘણા રહસ્યો છે, એમના નામના તો એનાથી પણ વધારે રહસ્ય છે. જે એ રહસ્ય નથી જાણતાં, એ લોકો આલોચના કરે છે. નામનું અંગત રહસ્ય એને સાંભળવાથી અથવા તો વાંચવાથી નહીં થાય,પણ નામ મહિમા થોડો સમજાઈ જાય. પરંતુ રહસ્ય પામવા માટે તો ગુરુની જરૂર પડે. ચોથુ નામ પ્રભાવ, નામ પ્રભાવ જાન શિવ નિકો. જ્યાં કથા હોય ત્યાં આટલા લોકો કથા સાંભળવા આવે આ શું મોરારીબાપુ નો પ્રભાવ છે? કથા ના પંડાલનો પ્રભાવ છે? ના આ નામનો પ્રભાવ છે! ગઈકાલે 70 હજાર લોકોએ પ્રસાદ લીધો. કોનો પ્રતાપ છે આ કોનો મહિમા છે, બધા જ એ નામના પ્રભાવમાં આનંદ કરી રહ્યા છે,આ કેવળ રામ નામનો પ્રભાવ!

બરેલીની કથામાં મને પૂછવામાં આવ્યું કે હનુમાનજીના હાથમાંથી ગદા લઈ લીધી, અને વીણા પકડાવી દીધી, પણ એ ગદા ગઈ ક્યાં? મેં કહ્યું એ ગદા આપણી ચારે બાજુ ઘૂમી રહી છે, રક્ષા કરી રહી છે, આપણા તનની, મનની, બુદ્ધિની, બધાની રક્ષા હનુમાનજીની ગદા કરી રહી છે! જ્યાં પણ કથા થાય છે ત્યાં હનુમાનજી હોય છે, પ્રાણ વાયુના રૂપમાં, પવનના રૂપમાં, હનુમાન આવતા ન્હોય તો હું કથાનાં પ્રારંભે એને બોલાવુ શા માટે? આઈએ હનુમંત બિરાજીએ અને કથા વિસર્જન થાય, ત્યારે એને જવાનું કહું છું, એ કોઈ ચમત્કાર નથી. આપણે બધાં જ શ્વાસ લઈ રહ્યાં છીએ, એ હનુમાન છે. વિશ્વ વ્યાપક તત્વ આપણી સુરક્ષામાં છે, પરંતુ સાવધાન તો રહેવું જોઈએ! એટલે અહીં મૃત્યુની વાત નથી, પરમાત્મા સમયસર મૃત્યુ દરેકને આપે જ છે, પણ ભયભીત થવાનું નથી.

નામ રત્ન છે, તો એનું પણ સ્વરૂપ હોય એનો મહિમા અને એનું રહસ્ય શું? એ પણ જાણીએ ,અને એનો પ્રભાવ શું? નામ નિરૂપન નામ જતન તે, જતન નો અર્થ થાય છે શ્રદ્ધાપૂર્વક જાપ કરવા.

સંપુટ ભરત સનેહ રતન કે,
આખર જગ જનુ જીવ જતન કે.

ભક્તિ નિરૂપણમાં ભરતના પ્રેમને જતનથી રાખનારા બે અક્ષર છે રા અને મ રતનનું જતન થવું જોઈએ રત્નાવલી નું જતન થવું જોઈએ, રત્નાવલી એક બહુમૂલ્ય રત્ન છે. વિષયી લોકોને સ્ત્રી કેવી દેખાય? એને સ્ત્રીમાં સૌથી પહેલા એની કાયા જ દેખાય, એનું શીલ એનો સ્વભાવ એ કંઈ દેખાતું નથી. પરંતુ એ જ વિષયી લોકો જ્યારે સાધક બને ત્યારે, એને કાયા એટલે કે રૂપ ઓછું દેખાય, અને સાધકની ભૂમિકામાં જતાં જતાં સ્વરૂપનો ખ્યાલ આવવાં લાગે કે, આ તો માયા છે, પરંતુ જે સિદ્ધ થઈ જાય એને એ પરમાત્માની છાંયા લાગે, કે આ સ્ત્રી પરમાત્માનું પ્રતિબિંબ છે, પરમાત્માની ઝલક છે, અને એટલે જ એ નારી, તુલસીને તુલસી બનાવવાનું અદભુત કાર્ય કરી ગઈ.

એક અન્ય પ્રશ્ન છે બાપુ પુરુષ કેટલી કલાથી પૂર્ણ હોય છે, અને સ્ત્રી કેટલી કલાથી પૂર્ણ હોય! બ્રહ્મ સિવાય કોણ પૂર્ણ ? પૂર્ણમદઃ પૂર્ણમિદં,.. આપણે બધા જ અધુરા છીએ અને બ્રહ્મ પણ જ્યારે 16 કળા અર્જીત કરે, ત્યારે જ એ મનુષ્ય બન્યાં. ભગવાન કૃષ્ણને સોળ કળાના અવતાર માન્યા છે, રામ પણ 16 કળાના અવતાર છે, જોકે અન્ય લોકો રામને બાર કળાના અવતાર કહે છે, એ એમના વિચાર છે.

પુરુષ એ પૂર્ણ થવું હોય તો એનામાં 16 કળા હોવી જોઈએ પરંતુ સ્ત્રીને પૂર્ણ થવામાં 16 કલાની જરૂર નથી, એનામાં 15 કળા પર્યાપ્ત છે. વિશ્વની કોઈપણ નારી રત્ન છે, અને જતનથી રત્નાવલી થઈ જાય છે, તો માતૃ શરીર 15 કળાથી પૂર્ણ થઈ જાય, રત્નાવલીમાં 15 કળા છે. સાત કલા ભગવત ગીતાની, અને આઠ કલા રામચરિત માનસની, આ રીતે તલગાજરડી આખો રત્નાવલીનું દર્શન કરી રહી છે, આવું ચરિત્ર પ્રાપ્ત થાય એ પ્રત્યેક વ્યક્તિ નારી રત્ન છે. ભગવત ગીતાની સાત કલા, જે ભગવાન કૃષ્ણએ માતૃ શરીરમાં ગણાવી છે.

કીર્તિ શ્રીવાક્ય નારીણાં,
સ્મૃતિ મેધા ધૃતિ ક્ષમા.

રામચરિત માનસની આઠ કલા
સાહસ અનૃત ચપલતા માયા,
ભય અબિબેક અસૌચ અદાયા,

રાવણ મંદોદરીને નારીના અવગુણ તરીકે આ આઠ ગણાવે છે, પરંતુ એ પણ એની કલા જ છે. આમ આ પંદર કલાથી નારી પૂર્ણ છે. રત્નાવલીની કીર્તિ ગાવા અને સાંભળવા માટે આપણે એકઠા થયા છીએ કેટલા દેશ લાઈવ કથા સાંભળી રહ્યા છે અને અને એની કીર્તિ કેવી હશે કે આટલા વર્ષો બાદ પણ આપણે આનંદ લઈ રહ્યા છીએ. શ્રી કોઈપણ સ્ત્રી શ્રી છે. શ્રી એટલે લક્ષ્મી એ રીતે જોઈએ તો ગરીબની સ્ત્રી પણ સ્ત્રી છે કારણ કે પોતાના બાળક કે પરિવાર માટે એ લક્ષ્મીસ્વરૂપ બની એનું જતન કરતી હોય છે. શંકર વિવાહ માટે હિમાચલ પ્રદેશ જાન લઈને પહોંચે છે, અને શંકર પાર્વતી નો વિવાહ થાય છે, અને પછી રામ જન્મ સુધીની કથા ગાઈ ! ચોથા દિવસની કથાને વિરામ આપ્યો.

# MI vs CSK ની મેચમાં ઝઘડો! બે સ્ટાર ખેલાડી વચ્ચે તુ..તુ..મેં..મેં.., સૂર્યકુમાર પણ ભડક્યો...

**મુંબઈ, તા.24**

મુંબઈના વાનખેડે સ્ટેડિયમ ખાતે ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL 2026) ની 33મી મેચ મુંબઈ ઈન્ડિયન્સ અને ચેન્નાઈ સુપર કિંગ્સ વચ્ચે રમાઈ હતી. આ રોમાંચક મેચમાં CSKએ 103 રનના માર્જિનથી મોટી જીત નોંધાવી હતી. આ મેચ દરમિયાન CSKના બોલિંગ ઓલરાઉન્ડર જેમી ઓવરટન અને મુંબઈ ઈન્ડિયન્સના તિલક વર્મા વચ્ચે જોરદાર ઝઘડો થયો હતો. બંને ખેલાડીઓ એકબીજા સાથે દલીલ કરતા જોવા મળ્યા, આ બંનેના ઝઘડામાં સૂર્યકુમાર યાદવ પણ કૂદી પડ્યો. જોકે, અમ્પાયરે દરમિયાનગીરી કરીને મામલો શાંત પાડ્યો. હવે BCCI તેમને દંડ ફટકારી શકે છે.



વાસ્તવમાં આ ઘટના મુંબઈની બેટિંગ ઈનિંગની 10મી ઓવરના છેલ્લા બોલ પર બની હતી. જ્યારે તિલકે ઓવરટનના ધીમો બોલ મિડ-વિકેટ તરફ રમ્યો. ડાબા હાથના આ બેટ્સમેને તરત જ બે રન લેવાનો ઈશારો કર્યો, પરંતુ સૂર્યકુમાર યાદવે ઈનકાર કરી દીધો અને તેણે સિંગલ રનથી જ સંતોષ માનવો પડ્યો.

તે જ ક્ષણે મેદાનની વચ્ચે ઓવરટન અને તિલક વચ્ચે ઉગ્ર બોલાચાલી કેમેરામાં કેદ થઈ ગઈ. મુંબઈ ઈન્ડિયન્સનો સ્ટાર ખેલાડી સૂર્યકુમાર પણ આ મામલામાં વચ્ચે પડ્યો અને તેણે પણ CSKના ફાસ્ટ બોલર સાથે દલીલ કરી. ત્યારબાદ મેદાન પરના અમ્પાયરોએ પરિસ્થિતિની ગંભીરતા સમજીને પરિસ્થિતિને શાંત કરવા માટે ત્રણેય ખેલાડીઓને અલગ કર્યા.

નોન-સ્ટ્રાઈકર એન્ડ પર બોલ પકડતી વખતે તિલક ઓવરટનના રસ્તામાં આવી ગયો હતો તે વાતથી તિલક નાખુશ જણાતો હતો. બેટરની દ્રષ્ટિ અવરોધાઈ ગઈ હતી, જેનાથી તિલક ચિડાઈ ગયો હતો. સ્ટમ્પ માઈક પર તિલક ઓવરટનને કહેતો સંભળાયો કે, 'મને ફિલ્ડર દેખાઈ નથી રહ્યો.'

જોકે વાનખેડે સ્ટેડિયમમાં મેચ પૂરી થયા બાદ માહોલ સંપૂર્ણપણે ખુશનુમા હતો. મેચ પછી તિલક અને ઓવરટને પોતાના ઝઘડાને ભૂલીને મેદાનની વચ્ચે એકબીજાને ગળે લગાવ્યા.

આ મેચમાં મુંબઈએ ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય કર્યો હતો, પરંતુ ચેન્નાઈની તોફાની બેટિંગ અને ત્યારબાદ શાનદાર બોલિંગ સામે તેમની આખી ટીમ પડી ભાંગી હતી. CSKએ 20 ઓવરમાં 207 રનનો મજબૂત સ્કોર બનાવ્યો અને મુંબઈને 19 ઓવરમાં માત્ર 104 રનમાં સમેટી દીધું. આ સાથે ચેન્નાઈએ 103 રનથી સરળતાથી મેચ પોતાના નામે કરી લીધી. આ સિઝનમાં ચેન્નાઈ સુપર કિંગ્સની આ ત્રીજી જીત છે. આ સાથે મુંબઈ ઈન્ડિયન્સને IPL ઈતિહાસની સૌથી મોટી હારનો સામનો કરવો પડ્યો છે.

# 'કેપ્ટન કૂલ' ધોની IPLમાં એક પણ મેચ નહીં રમે? ચાહકોની ચિંતા વચ્ચે CSKના કોચે કરી ચોખવટ

**નવી દિલ્હી, તા.24**

મહેન્દ્ર સિંહ ધોની IPL 2026માં ક્યારે મેદાનમાં પરત ફરશે, તેને લઈને ચાહકોની આતુરતા સતત વધી રહી છે. ગુરુવારે મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં મુંબઈ ઈન્ડિયન્સ સામેની મેચમાં ધોની રમશે તેવી આશા હતી, પરંતુ ચેન્નાઈ સુપર કિંગ્સના કેપ્ટન ઋતુરાજ ગાયકવાડે જ્યારે પ્લેઈંગ-11ની જાહેરાત કરી ત્યારે તેમાં ધોનીનું નામ નહોતું.




આ બાબતે સ્પષ્ટતા કરતા બેટિંગ કોચ માઈકલ હસીએ જણાવ્યું કે, ધોની હાલમાં 100% ફિટ નથી. તે નેટ્સમાં પ્રેક્ટિસ કરી રહ્યો છે પરંતુ તેને વિકેટો વચ્ચે દોડવામાં મુશ્કેલી પડી રહી છે. 44 વર્ષીય ધોની અત્યારે 'કાફ મસલ'(Calf Muscle)ની ઈજાનો સામનો કરી રહ્યો છે, જે તેને સીઝન શરૂ થયા પહેલા પ્રેક્ટિસ દરમિયાન થઈ હતી.

રિપોર્ટ્સ મુજબ, ધોની હવે આગામી બે મેચોમાં વાપસી કરી શકે છે. તે 26 એપ્રિલના રોજ ગુજરાત ટાઈટન્સ સામે અથવા 2 મેના રોજ ફરીથી મુંબઈ ઈન્ડિયન્સ સામેની મેચમાં મેદાન પર જોવા મળી શકે છે. ઉલ્લેખનીય છે કે ધોની આઈપીએલ ઈતિહાસના સૌથી સફળ કેપ્ટનોમાંના એક છે, જેણે પોતાની આગેવાનીમાં ચેન્નાઈને 5 વખત ખિતાબ જીતાડ્યો છે. અત્યાર સુધીમાં રમાયેલી 278 મેચોમાં તેના નામે 5439 રન નોંધાયેલા છે. ધોનીની વાપસી માત્ર ચેન્નાઈ માટે જ નહીં પરંતુ સમગ્ર ટૂર્નામેન્ટ અને તેના લાખો ચાહકો માટે પણ ખૂબ જ મહત્ત્વની સાબિત થશે.

# 5મા પરાજય બાદ કેપ્ટન હાર્દિક પંડ્યાનું દર્દ છલકાયું, કહ્યું - પાવરપ્લેમાં વિકેટ ગુમાવવી એ ભારે પડ્યું....

**નવી દિલ્હી, તા.24**

આઈપીએલ 2026 માં પાંચ વખતની ચેમ્પિયન મુંબઈ ઈન્ડિયન્સનું પ્રદર્શન કથળી રહ્યું છે. ચેન્નાઈ સુપર કિંગ્સ સામે 103 રનથી મળેલી હાર એ મુંબઈ ઈન્ડિયન્સના ઈતિહાસની સૌથી મોટી હાર છે. મેચ બાદ કેપ્ટન હાર્દિક પંડ્યાએ સ્વીકાર્યું હતું કે પાવરપ્લેમાં શરૂઆતી વિકેટો ગુમાવવી ટીમ માટે ભારે પડી અને ત્યાંથી જ મેચ હાથમાંથી સરકી ગઈ હતી.



CSK તરફથી સંજુ સેમસને આક્રમક બેટિંગ કરતા માત્ર 54 બોલમાં 10 ચોગ્ગા અને 6 છગ્ગાની મદદથી પોતાની પાંચમી આઈપીએલ સદી ફટકારી હતી. જવાબમાં 208 રનનો પીછો કરવા ઉતરેલી મુંબઈની ટીમની શરૂઆત ખૂબ જ ખરાબ રહી હતી. હાર્દિકે જણાવ્યું કે, 'પાવરપ્લેમાં વિકેટો ગુમાવવી અમને મોંઘી પડી. અમે એ દબાણમાંથી ક્યારેય બહાર આવી શક્યા નહીં. અમારે વધુ સારી બેટિંગ કરવાની જરૂર હતી.'

વેસ્ટ ઈન્ડિઝના સ્પિનર અકીલ હુસૈને મુંબઈના બેટ્સમેનોને રમવાની કોઈ તક આપી નહોતી. તેણે સૂર્યકુમાર યાદવ (35) અને તિલક વર્મા (37) વચ્ચેની 73 રનની ભાગીદારી તોડીને મુંબઈની હાર નક્કી કરી દીધી હતી. અકીલે 4 ઓવરમાં માત્ર 17 રન આપીને 4 મહત્વની વિકેટો ઝડપી હતી.

આ હાર બાદ મુંબઈ ઈન્ડિયન્સ માટે હવે પ્લેઓફની સફર ઘણી કઠિન બની ગઈ છે. હાર્દિકે કહ્યું કે હવે અમારે બેસીને વિચારવું પડશે કે ક્યાં ફેરફાર કરવાની જરૂર છે. ટીમ પાસે હવે આગામી મેચ પહેલાં વિચારવા માટે થોડા દિવસો છે અને તેઓ સર્વશ્રેષ્ઠ પ્લેઈંગ ઈલેવન સાથે મેદાનમાં ઉતરવા પર ધ્યાન આપશે.

# 53 વર્ષના થયા માસ્ટર બ્લાસ્ટર, ફેન્સ સાથે સેલિબ્રેટ કર્યો બર્થ-ડે

- **મુંબઈ સ્થિત ઘરની બહાર ફેન્સની ભીડ, શંખનાદ સાથે કેટ કટિંગ કર્યું**

**નવી દિલ્હી, તા.24**

મહાન બેટ્સમેન સચિન તેંડુલકર આજે પોતાનો 53મો જન્મદિવસ ઉજવી રહ્યા છે. ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI), ICC પ્રમુખ જય શાહ અને IPL ફ્રેન્ચાઈઝી તરફથી સચિનને જન્મદિવસની શુભેચ્છાઓ મળી છે. મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે પણ માસ્ટર બ્લાસ્ટરને જન્મદિવસની શુભેચ્છા પાઠવી હતી. મુંબઈમાં સચિનના ઘરની બહાર ચાહકોની મોટી ભીડ એકઠી થઈ હતી.



સચિન પોતાના ચાહકોને નિરાશ નથી કરતા. તેથી તેમની સાથે પોતાનો જન્મદિવસ ઉજવવા બહાર આવ્યા હતા. આ દરમિયાન તેમની પત્ની અંજલિ પણ ત્યાં હાજર હતી. શંખનાથ વચ્ચે સચિને ફેન્સની સાથે કેક કટિંગ કર્યું હતું. આ દરમિયાન બધા સચિન સચિનની બૂમો પાડી રહ્યા હતા.

સચિન માટે અભિનંદનનો વરસાદ વરસી રહ્યો છે. ICC પ્રમુખ જય શાહે ટ્વિટર પર લખ્યું, 'આપણા રમતગમતના દિગ્ગજ સચિન તેંડુલકરને જન્મદિવસની ખૂબ ખૂબ શુભેચ્છાઓ. ક્રિકેટમાં તમારું ઉત્કૃષ્ટ યોગદાન વિશ્વભરની પેઢીઓને આપણી મહાન રમત રમવા અને જોવા માટે પ્રેરણા આપતું રહેશે.'

BCCIએ સચિન તેંડુલકરને તેમના જન્મદિવસની શુભેચ્છા પાઠવી અને લખ્યું, મહાન સચિન તેંડુલકરને જન્મદિવસની શુભકામનાઓ, જેઓ 2011 ODI વર્લ્ડ કપ જીતનારા ભારતીય ટીમના સભ્ય હતા.

બધી IPL ફ્રેન્ચાઈઝીઓએ પણ સચિન તેંડુલકરને તેમના જન્મદિવસની શુભેચ્છા પાઠવી છે. મુંબઈ ઈન્ડિયન્સે તેમના એકાઉન્ટ પર સચિનનો કેક કાપતો ફોટો શેર કર્યો છે. ટીમે કેપ્શન આપ્યું છે, 'એ નાનો છોકરો જે દરેક ક્રિકેટ પ્રેમીના હૃદયની ધડકન બની ગયો. જન્મદિવસની શુભેચ્છાઓ, સચિન તેંડુલકર.'

# દીપિકાએ પ્રેગનન્સી જાહેર કરતાં 'રાકા'માંથી સ્ક્રીન ટાઈમ કપાયો?

- **દીપિકા પ્રેગનન્સી દરમિયાન એક્શન સીન પણ શૂટ કરશે**

**મુંબઈ, તા.24**

અલ્લુ અર્જુન અને દીપિકા પાદુકોણની અટલી સાથેની સાઈફાઈ ફિલ્મ રાકા શરૂઆતથી જ ચર્ચામાં રહી છે. તાજેતરમાં ફિલ્મનો ફર્સ્ટ લૂક જાહેર થયો, જેને લઈને ઉત્સાહ વધી ગયો હતો. બીજી તરફ તાજેતરમાં જ દીપિકાએ બીજી પ્રેગનન્સની જાહેરાત કરી છે. જોકે, હવે એવી ચર્ચા છે કે ફિલ્મમાંથી દીપિકા પાદુકોણનો સ્ક્રીન ટાઈમ ઓછો કરવામાં આવ્યો છે.



આ દાવાઓને નકારી કાઢતા, રાકાની ટીમે સ્પષ્ટતા કરી છે કે બધું આયોજન મુજબ ચાલી રહ્યું છે અને દીપિકા ફિલ્મમાં મહત્વની ભૂમિકા ભજવી રહી છે. ટીમે આ અફવાઓને સંપૂર્ણપણે પાયાવિહોણી ગણાવી છે.

ફિલ્મની ટીમે જણાવ્યું, "બધું આયોજન મુજબ ચાલી રહ્યું છે. દીપિકા પાદુકોણ 'રાકા'માં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે અને શૂટિંગ ખૂબ જ સારી રીતે આગળ વધી રહ્યું છે."

તાજેતરના અહેવાલો મુજબ, દીપિકા પોતાની બીજી પ્રેગનન્સી છતાં કામ ધીમું કરવાની મૂડમાં નથી. તેણે તાજેતરમાં એક બ્રાન્ડ કેમ્પેઈનનું શૂટિંગ પણ કર્યું છે. ઉપરાંત, એવી માહિતી છે કે તે ફિલ્મ માટે તમામ જરૂરી સાવચેતી સાથે એક્શન સીન પણ શૂટ કરશે.

ફિલ્મ રાકાનું ડિરેક્શન અટલી દ્વારા કરવામાં આવી રહ્યું છે, હાલમાં આયોજન મુજબ શૂટ થઈ રહી છે. પ્રોડક્શન ટીમ સમયસર કામ પૂર્ણ કરવા માટે સતત પ્રયત્ન કરી રહી છે.

દીપિકા છેલ્લે સિંઘમ અગેઈનમાં જોવા મળી હતી. પાછળથી એ વખતે પણ તેના એક્શન સીનના શૂટ વખતે દીપિકા પ્રેગનન્ટ હોવાના અહેવાલો આવ્યા હતા. તેના આવનારા પ્રોજેક્ટ્સમાં રાકા સિવાય સિદ્ધાર્થ આનંદની ફિલ્મ કિંગ પણ છે, જેમાં તે શાહરુખ ખાન સાથે નજર આવશે. આ ફિલ્મમાં સુહાના ખાન પણ મુખ્ય ભૂમિકામાં છે, જ્યારે દીપિકા મહત્વપૂર્ણ રોલમાં જોવા મળશે.

દીપિકાની બીજી પ્રેગનન્સીની જાહેરાત પછી એવી ચર્ચા હતી કે તેને ફિલ્મમાંથી બદલી શકાય અથવા તેનો રોલ ઘટાડવામાં આવી શકે. પરંતુ હવે નિર્માતાઓએ સ્પષ્ટતા કરી છે કે આ બધું ખોટું છે.

આ પહેલી વાર નથી કે દીપિકા ગર્ભાવસ્થા દરમિયાન કામ કરી રહી છે. 2024માં પોતાની પહેલી ગર્ભાવસ્થા દરમિયાન પણ તેણે કલ્કી 2898 એડી માટે શૂટિંગ કર્યું હતું અને પ્રમોશન ઈવેન્ટ્સમાં પણ ભાગ લીધો હતો.

ફિલ્મ રાકામાં દીપિકા અને અટલી સાથે આ બીજી વખત કામ કરી રહી છે. અગાઉ, નિર્માતાઓએ એક લોંચ વિડિયો દ્વારા દીપિકાનું સ્વાગત કર્યું હતું, જેમાં તેની તૈયારીની ઝલક જોવા મળી હતી. તેમણે લખ્યું હતું, "રાણી જીતવા માટે કૂચ કરશે."

# સમિરા રેડ્ડીનો ખુલાસો: "મારે કોઈ ફિયરલેસ હોય એવા વિષય સાથે કમબેક કરવું હતું"

**મુંબઈ, તા.24**

સમિરા રેડ્ડી લાંબા સમય પછી ફિલ્મમાં કમબૅક કરી રહી છે. તે લાંબા સમયથી પોતાના સોશિયલ મિડીયા વીડિયો અને વ્લોગના કારણે સતત ચર્ચામાં રહેતી હતી. હવે સમીરા સંજય દત્તની આખરી સવાલ સાથે ફરી ફિલ્મોમાં વાપસી કરવા જઈ રહી છે. તાજેતરમાં રિલીઝ થયેલા ટીઝરે પહેલેથી જ ફિલ્મને લઈને ચર્ચા ઉભી કરી છે અને હવે સમીરા રેડ્ડીએ કમબેક માટે આ પ્રોજેક્ટ પસંદ કરવાનું કારણ શેર કર્યું છે.



સિનેમામાં પાછા ફરવાના નિર્ણય વિશે સમિરાએ કહ્યું, "હું ફિલ્મોમાં પાછી આવી ત્યારે સહેલું કામ કરવા માટે આવી નહોતી અને આખરી સવાલ તો બિલકુલ સહેલી ફિલ્મ નથી. આ વિષય વિશે મારી સમજ સીમિત હતી અને ખાસ જાણકારી નહોતી, પરંતુ સ્ક્રિપ્ટ વાંચ્યા પછી સમજાયું કે ઘણું ખબર નથી. આ અનુભવ મારી સાથે રહી ગયો. આ ફિલ્મ તમારા મનને શાંત નથી રહેવા દેતી– તે તમને વિચારતાં કરી દે છે, તમારી માન્યતાઓને પડકારે છે અને તમે જે સ્વીકાર્યું છે તેના પર પ્રશ્ન ઉઠાવવા મજબૂર કરે છે. હું મારું કમબૅક એવું બનાવવી માગતી હતી જે ફિયરલેસ હોય અને ચર્ચા જગાવે અને આ ફિલ્મ એ જ કરે છે."

2000ના દાયકામાં હિન્દી સિનેમામાં લોકપ્રિય ચહેરો રહેલી સમિરા રેડ્ડી છેલ્લાં કેટલાંક વર્ષોથી ફિલ્મોથી દૂર રહી હતી, પરંતુ ડિજિટલ પ્લેટફોર્મ અને જાહેર જીવનમાં સક્રિય રહી છે. હવે વિષય આધારિત ફિલ્મ સાથે તેની વાપસી લાંબા સમયથી રાહ જોતા ચાહકો માટે ખાસ બની શકે છે.

# ઈકબાલ ખાન અને ગુલકી જોશીની 'યાદેં'માં વિસ્મૃતિ અને જીવનમાં બીજી તકની વાત

**મુંબઈ, તા.24**

ટીવીના જાણીતા કલાકાર ઈકબાલ ખાન અને ગુલકી જોશી અમદાવાદના મહેનાન બન્યાં હતાં. સોની સબ પર તેમનો નવો શરૂ થયેલો શો યાદેં નવી કહાની લઈ આવી રહ્યો છે, ત્યારે તેની વાત કરવા તેઓ અમદાવાદનાં મહેમાન બન્યાં હતાં. યાદેંની કહાનીના કેન્દ્રમાં છે ડૉ. દેવ મહેતા (ઈકબાલ ખાન), એક તેજસ્વી ડૉક્ટર, જેના જીવનમાં અકસ્માત પછી અચાનક મોટો ફેરફાર આવે છે અને તેની આઠ વર્ષની યાદશક્તિ ભુલાઈ જાય છે. પોતાના વ્યક્તિગત અને વ્યાવસાયિક જીવનને ફરીથી શરૂ કરવાની તેને ફરજ પડે છે. આ સફરમાં દેવ ફરીથી સંબંધો સાથે જોડાય છે, પોતાના ભૂતકાળનો સામનો કરે છે અને જીવનને નવી દિશા આપે છે. ગુલકી જોશી શ્રિષ્ટી અગ્રવાલનો રોલ ભજવે છે - દેવની પૂર્વ પત્ની, એક મજબૂત સ્ત્રી, જે ફરીથી તેની જિંદગીમાં આવે છે અને કહાનીને વધુ ભાવનાત્મક ઊંડાણ આપે છે.





આ અંગે ઈકબાલ ખાન શેર કરે છે, "આવા ટ્રૅક્સ ખુબ જ ખાસ હોય છે કારણ કે તે માત્ર દવા સુધી સીમિત નથી રહેતા, પરંતુ ડૉક્ટરના માનવીય પાસાને સ્પર્શે છે." ગુલકી જોશી કહે છે, "અમદાવાદમાં ફેન્સને મળીને તેમની લાગણીઓ સાંભળવી ખરેખર હૃદયસ્પર્શી અનુભવ રહ્યો. અમારો શો યાદેં સંબંધોને ખૂબ જ વાસ્તવિક અને સંવેદનશીલ રીતે રજૂ કરે છે. કહાની આગળ વધતાં, દર્શકો શ્રિષ્ટીને એવા દેવ સાથે ફરી જોડાતી જોશે જેની કલ્પના તેમણે ક્યારેય કરી નહોતી. શોમાં આગળ ઘણું ભાવનાત્મક ઊંડાણ અને ડ્રામા છે."

# અભય પન્નુ યશ રાજ ફિલ્મ્સની ઐતિહાસિક પહેલી હોરર ફિલ્મ ડિરેક્ટ કરશે

- **અભય પન્નુ રોકેટ બોય્ઝ સહિતની સિરીઝ માટે જાણીતા ડિરેક્ટર છે**

**મુંબઈ, તા.24**

બોલિવૂડમાં એક તરફ હોરર અને બીજી તરફ હોરર કોમેડીનો ટ્રેન્ડ શરૂ થયો છે, ત્યારે હવે યશ રાજ ફિલ્મ્સે ફિલ્મમેકર અભય પન્નુને તેમની હોરર ફિલ્મ માટે સાઈન કર્યા છે. રોકેટ બોયઝ જેવી વખાણેલી સિરીઝ માટે જાણીતા અભય પન્નુએ આ પ્રોજેક્ટની સ્ક્રિપ્ટ પણ તૈયાર કરી છે અને ફિલ્મનું શૂટિંગ 2026ના અંતમાં શરૂ થવાનું છે. આ યશ રાજ ફિલ્મ્સના છેલ્લા 50 વર્ષના ઈતિહાસમાં બનાવવામાં આવતી પહેલી હોરર ફિલ્મ હશે, જેનું નામ હજુ નક્કી થયું નથી.



સુત્રોના જણાવ્યા મુજબ, "યશ રાજ ફિલ્મ્સે અત્યાર સુધી લગભગ તમામ જૉનરમાં ફિલ્મ બનાવી છે, પરંતુ હોરર જૉનરથી દૂર રહ્યા છે. 2027માં, બેનર પહેલીવાર હોરર ક્ષેત્રમાં પ્રવેશ કરશે, જેમાં અભય પન્નુ દિગ્દર્શક તરીકે જોડાયેલા છે. યશરાજના સીઈઓ અક્ષય વિધાની એ આ પ્રોજેક્ટને આગળ વધાર્યો અને આદિત્ય ચોપરાને પહેલીવાર હોરર જેવી નવી દિશામાં વિચારવા પ્રોત્સાહિત કર્યા છે."

સૈયારાની સફળતા પછી, સીઈઓ અક્ષય વિધાનીના નેતૃત્વ હેઠળ યશરાજ ફિલ્મ્સ નવી પેઢીના સ્ટોરીટેલર્સ સાથે સક્રિય રીતે કામ કરી રહ્યું છે, જેમાં મોહિત સૂરી, સમીર સક્સેના અને અભય પન્નુનો સમાવેશ થાય છે. આ પ્રયાસનો હેતુ સ્ટુડિયોની સ્ટોરીટેલિંગ ક્ષમતાને નવા જૉનર અને ફોર્મેટમાં વિસ્તાર કરવાનો છે.

આ વ્યૂહરચનાના ભાગરૂપે, યશરાજ ફિલ્મ્સ પોતાના આંતરિક ક્રિએટિવ માળખાને પણ મજબૂત કરી રહ્યું છે, જેમાં બે મોડલ પર કામ થઈ રહ્યું છે–એક તરફ આદિત્ય ચોપરા દ્વારા ડેવલપ અને પ્રોડ્યુસ થતી ફિલ્મો અને બીજી તરફ અક્ષય વિધાની અને તેમની ટીમ દ્વારા સંચાલિત પ્રોજેક્ટ્સ, જે નવા ક્રિએટિવ યુવાનોને પ્રોત્સાહન આપે છે.

સુત્રએ વધુમાં જણાવ્યું, "આ પહેલીવાર છે જ્યારે આદિત્ય ચોપરાએ ફિલ્મ પ્રોડક્શનની જવાબદારી બીજા કોઈને આપી છે અને કન્ટેન્ટ ક્રિએશનની જવાબદારી અક્ષય વિધાનીને સોંપી છે. સૈયારાની સફળતા પછી, તેઓ નવા ફિલ્મમેકર્સ સાથે વધુ ફિલ્મ બનાવવા માટે ઉત્સુક છે."

હાલ માટે આ હોરર ફિલ્મ વિશે વધુ વિગતો બહાર આવી નથી, પરંતુ યશરાજ ફિલ્મ્સના આ નવા પગલાંને લઈને ઈન્ડસ્ટ્રીમાં ઉત્સુકતા વધી ગઈ છે.

# મિથોસ AIથી બેંકિંગ સિસ્ટમ પર સાયબર હુમલાનું જોખમ: નાણા મંત્રી સીતારમણે હાઈ-લેવલ બેઠક કરી, શું છે મિથોસ અને તે શા માટે ખતરનાક

નવી દિલ્હી, તા.24

નાણા મંત્રી નિર્મલા સીતારમણે ગુરુવારે બેંકોના પ્રમુખો સાથે એક ઉચ્ચ-સ્તરીય બેઠક કરી. આ બેઠકમાં એન્થ્રોપિકના 'ક્લોડ મિથોસ' AI મોડેલથી બેંકિંગ સેક્ટરને થનાર સંભવિત જોખમો પર ચર્ચા કરવામાં આવી. આ AI મોડેલ એટલું અદ્યતન છે કે હેકર્સ તેનો ઉપયોગ દાયકાઓ જૂની અજાણી ખામીઓ શોધીને નાણાકીય ક્ષેત્ર પર સાયબર હુમલા કરી શકે છે.



નાણા મંત્રીએ બેંકોને તેમની IT સિસ્ટમને સુરક્ષિત કરવા અને ગ્રાહક ડેટાની સુરક્ષા માટે જરૂરી પગલાં લેવાના નિર્દેશ આપ્યા છે. નાણા મંત્રાલયે જણાવ્યું કે મિથોસથી ઉદ્ભવતું જોખમ એવું છે, જે પહેલા ક્યારેય જોવા મળ્યું નથી. આ માટે નાણાકીય સંસ્થાઓ અને બેંકો વચ્ચે સારો તાલમેળ અને ઉચ્ચ સ્તરની તૈયારીની જરૂર છે.

નાણા મંત્રાલય હવે એક એવી ફ્રેમવર્ક બનાવવાની યોજના બનાવી રહ્યું છે જે હેકિંગના પ્રયાસોને ઓળખીને તેના પર તાત્કાલિક કાર્યવાહી કરી શકે. બેંકોને સલાહ આપવામાં આવી છે કે તેઓ સાયબર હુમલાની માહિતી એકબીજા સાથે શેર કરવા માટે એક રિયલ-ટાઈમ ઈન્ટેલિજન્સ શેરિંગ મિકેનિઝમ બનાવે. આમાં ઈન્ડિયન કમ્પ્યુટર ઈમરજન્સી રિસ્પોન્સ ટીમ (CERT-In) અને અન્ય એજન્સીઓ પણ સામેલ થશે.

મિથોસ એન્થ્રોપિકનું સૌથી શક્તિશાળી AI મોડેલ છે. કંપનીના મતે, મિથોસે ઓપરેટિંગ સિસ્ટમ અને બ્રાઉઝર્સની દાયકાઓ જૂની ખામીઓ શોધી કાઢી છે, જેને માણસો જોઈ શક્યા નથી. એન્થ્રોપિકનું કહેવું છે કે તેને સાર્વજનિક કરવું એ કોઈના પણ હાથમાં એડવાન્સ હેકિંગ ટૂલ આપવા જેવું હશે.

એન્થ્રોપિકે તેની ઍક્સેસ ફક્ત એમેઝોન, માઈક્રોસોફ્ટ અને ગૂગલ જેવી પસંદગીની 40 કંપનીઓને આપી છે. જોકે, રિપોર્ટ્સ અનુસાર, કેટલાક અનધિકૃત યુઝર્સે તેની ઍક્સેસ મેળવી લીધી છે. આનાથી ડર છે કે તેઓ સિસ્ટમની સુરક્ષા ખામીઓનો ફાયદો ઉઠાવી શકે છે.

એન્થ્રોપિકે કહ્યું કે જો તેને કોઈ નિયંત્રણ વિના રિલીઝ કરવામાં આવે તો અર્થતંત્ર, જાહેર સુરક્ષા અને રાષ્ટ્રીય સુરક્ષા માટે તેના પરિણામો ખૂબ જ ખરાબ હોઈ શકે છે.

આ મોડેલના રોલઆઉટ પહેલાં એક ઘટના પણ સામે આવી હતી જે દર્શાવે છે કે તે કેટલું એડવાન્સ છે. 'મિથોસ'નું એક સુરક્ષિત 'સેન્ડબોક્સ'માં ટેસ્ટિંગ થઈ રહ્યું હતું જેથી તે ઈન્ટરનેટનો ઉપયોગ ન કરી શકે. સેન્ડબોક્સને એક પ્રકારની ડિજિટલ જેલ કહી શકાય.

પરંતુ આ AIએ સુરક્ષા ઘેરાને તોડીને પોતાનો રસ્તો બનાવી લીધો. આની જાણ ત્યારે થઈ જ્યારે તેના પર કામ કરતા એક રિસર્ચરને અચાનક તે જ AI મોડેલ દ્વારા મોકલવામાં આવેલો એક ઈમેલ મળ્યો. AIનું આ રીતે પોતાની મરજીથી બહાર નીકળવું અત્યંત ખતરનાક છે.

ફક્ત ભારત જ નહીં, પરંતુ અમેરિકામાં પણ આ મુદ્દે મીટિંગ્સ થઈ રહી છે. અમેરિકી ટ્રેઝરી સેક્રેટરી સ્કોટ બેસેન્ટ અને ફેડરલ રિઝર્વના ચેરમેન જેરોમ પોવેલે હાલમાં બેંકના મોટા અધિકારીઓ સાથે એક ક્લોઝ-ડોર મીટિંગ કરી હતી. તેમાં તેમણે બેંક અધિકારીઓને કહ્યું હતું કે તેઓ પોતાની સિસ્ટમને મિથોસથી પેદા થનારા સંભવિત જોખમો માટે તૈયાર રાખે.

# સેન્સેક્સ 1000 પોઈન્ટ ઘટીને 76,664 પર બંધ: નિફ્ટી 275 પોઈન્ટ નીચે 23,898 પર આવ્યો, IT શેરોમાં સૌથી વધુ વેચવાલી

મુંબઈ, તા.24



અઠવાડિયાના છેલ્લા કારોબારી દિવસે આજે એટલે કે શુક્રવાર, 24 એપ્રિલે સેન્સેક્સ 1000 પોઈન્ટ (1.29%)ના ઘટાડા સાથે 76,664 પર બંધ થયો. નિફ્ટી પણ 275 પોઈન્ટ (1.14%) ઘટીને 23,898ના સ્તરે આવી ગયો. આજના કારોબારમાં IT શેરોમાં સૌથી વધુ વેચવાલી જોવા મળી.

અમેરિકા-ઈરાન વચ્ચે તણાવ વધવાથી બજાર ઘટ્યું અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે 22 એપ્રિલની યુદ્ધવિરામની સમયમર્યાદા લંબાવી દીધી છે, પરંતુ તણાવ હજુ સમાપ્ત થયો નથી. અમેરિકી નૌકાદળે ઈરાની બંદરોની ઘેરાબંધી હજુ પણ ચાલુ રાખી છે, જ્યારે ઈરાને 'સ્ટ્રેટ ઓફ હોર્મુઝ'માં બે જહાજોને પોતાના કબજામાં લઈ લીધા છે.

બંને દેશો વચ્ચે વાતચીતનો છેલ્લો રાઉન્ડ કોઈ સમજૂતી પર પહોંચી શક્યો ન હતો, ત્યારબાદ પાકિસ્તાનમાં બીજા રાઉન્ડની વાતચીત થવાની અપેક્ષા હતી. જોકે, હવે રોકાણકારોને આવી કોઈ વાતચીતની અપેક્ષા નથી. ઉપરાષ્ટ્રપતિ જેડી વેન્સની ઈસ્લામાબાદ યાત્રા પણ મુલતવી રાખવામાં આવી છે.

બ્રેન્ટ ક્રૂડ ઓઈલના ભાવ 100 ડોલર પ્રતિ બેરલને પાર કરી ગયા છે. બજારમાં તેલની મજબૂત માંગ અને 'સ્ટ્રેટ ઓફ હોર્મુઝ'ને લઈને વધેલી ચિંતાને કારણે આ તેજી જોવા મળી છે. હોર્મુઝને તેલના સપ્લાય માટે સૌથી મહત્વપૂર્ણ માર્ગ માનવામાં આવે છે.

સેન્સેક્સ 23 એપ્રિલે 852 અંક (1.09%) ઘટીને 77,664 પર બંધ થયો. નિફ્ટીમાં પણ 205 અંક (0.84%) નો ઘટાડો રહ્યો, તે 24,173 પર આવી ગયો. ગઈકાલના કારોબારમાં ફાર્મા અને મીડિયા શેરોમાં ખરીદી રહી, જ્યારે ઓટોમાં સૌથી વધુ વેચવાલી જોવા મળી.

# ક્રૂડ ઉછળી 106 ડોલર ઉપર ગયા પછી ફરી તૂટયું : હવે ચીન ક્રૂડ વેચવા નિકળ્યું

મુંબઈ, તા.24

મુંબઈ ઝવેરીબજારમાં આજે સોના- ચાંદીના ભાવમાં ઝડપી ઘટાડો આગળ વધ્યો હતો. નવી માગ ધીમી હતી. વિશ્વબજાર તૂટતાં ઘરઆંગણે ઈમ્પોર્ટ કોસ્ટ નીચી ઉતરતાં ઝવેરીબજારમાં ભાવ દબાણ હેઠળ જોવા મળ્યા હતા. હવે લગ્નસરાની માંગ પર બજારની નજર હતી. દરમિયાન, વિશ્વ બજારમાં સોનાના ભાવ ઔંશના ૪૭૫૧ વાળા ઘટી નીચામાં ભાવ ૪૬૮૪ થઈ ૪૭૩૯થી ૪૭૪૦ ડોલર રહ્યા હતા.




ઘરઆંગણે અમદાવાદ ઝવેરીબજારમાં આજે સોનાના ભાવ ૧૦ ગ્રામના રૂ.૧૫૦૦ તૂટયા હતા. જ્યારે અમદાવાદ ચાંદીના ભાવ કિલોના રૂ.૧૦ હજાર ગબડયા હતા. વિશ્વબજારમાં સોના પાછળ ચાંદીના ભાવ ઔંશના ૭૬.૭૩ ડોલર રહ્યા હતા. અમદાવાદ બજારમાં સોનાના ભાવ ઘટી ૯૯૫ના રૂ.૧૫૫૨૦૦ તથા ૯૯૯ના રૂ.૧૫૫૫૦૦ રહ્યા હતા જ્યારે અમદાવાદ ચાંદીના ભાવ ગબડી રૂ.૨૪૦૦૦૦ બોલાયા હતા.

દરમિયાન, વિશ્વબજારમાં ક્રૂડતેલના ભાવ ઉછળ્યા પછી તૂટયા હતા. બ્રેન્ટક્રૂડના ભાવ બેરલના ઉંચામાં ૧૦૬.૧૫ ડોલર થયા પછી નીચામાં ભાવ ૧૦૧.૨૫ થઈ ૧૦૧.૫૮ ડોલર રહ્યા હતા. યુએસ ક્રૂડના ભાવ ઉંચામાં ૯૪.૪૫ તથા નીચામાં ભાવ ૮૭.૭૬ થઈ ૯૨.૭૦ ડોલર રહ્યા હતા.

ચીન હવે પોતે ક્રુડ રિફાઈન્ડ કરવાના બદલે પોતાના પાસે પડેલું ક્રુડ વિશ્વબજારમાં વેંચવા નિકળ્યાના સમાચાર મળ્યા હતાદેશમાં છેલ્લા સતત ૧૧ મહિનાથી ક્રૂડનું ઉત્પાદન ઘટતું રહ્યું છે. ૧૧ વર્ષમાં ઉત્પાદનમાં ૨૨ ટકા ઘટયું છે. આના પગલે આયાત પર આધાર ૮૯ ટકાએ પહોંચ્યો છે.

મુંબઈ બુલીયન બજારમાં આજે સોનાના ભાવ રૂ.૧૦૦૦ તૂટયા હતા જ્યારે ચાંદીના ભાવ રૂ.૮૦૦૦ ગબડયા હતા. મુંબઈ સોનાના ભાવ ઘટી જીએસટી વગર ૯૯૫ના રૂ.૧૫૦૪૫૪ તથા ૯૯૯ના રૂ.૧૫૧૦૫૯ રહ્યા હતા જ્યારે મુંબઈ ચાંદીના ભાવ ઘટી જીએસટી વગર રૂ.૨૪૦૫૯૬ રહ્યા હતા.

# ઈન્ફોસિસનો નફો ચોથા ક્વાર્ટરમાં 21% વધ્યો: જે ₹8,501 કરોડ રહ્યો, રેવન્યુ 13% વધી, કંપની રોકાણકારોને 25 રૂપિયા ડિવિડન્ડ આપશે....

મુંબઈ, તા.24

આઈટી કંપની ઈન્ફોસિસ (Infosys) એ 23 એપ્રિલે નાણાકીય વર્ષ 2025-26 ના ચોથા ક્વાર્ટરના પરિણામો જાહેર કર્યા. કંપનીનો કોન્સોલિડેટેડ નેટ પ્રોફિટ વાર્ષિક ધોરણે 21% વધીને 8,501 કરોડ રહ્યો. ગયા વર્ષે આ જ ક્વાર્ટરમાં 7,033 કરોડનો નફો થયો હતો.




ઓપરેશન્સમાંથી થતી આવક લગભગ 13.38% વધી. તે 46,402 કરોડ પર પહોંચી ગઈ છે, જે ગયા વર્ષે 40,925 કરોડ હતી. વસ્તુઓ અને સેવાઓ વેચીને મળતા પૈસાને રેવન્યુ (આવક) કહેવાય છે. સારા પ્રદર્શનને ધ્યાનમાં રાખીને, ઈન્ફોસિસ (Infosys) એ FY27 માટે તેના રેવન્યુ ગાઈડન્સના અંદાજને 1.5%-3.5% કર્યો છે.

આ ઉપરાંત, કંપનીએ તેના રોકાણકારોને 25 રૂપિયાનું ડિવિડન્ડ આપવાની પણ જાહેરાત કરી છે. કંપનીઓ તેમના નફાનો અમુક હિસ્સો તેમના શેરધારકોને આપે છે, જેને ડિવિડન્ડ કહેવાય છે.

IT સેક્ટર માટે સૌથી મોટી ચિંતા 'એટ્રિશન રેટ' (નોકરી છોડવાનો દર) હોય છે. કંપનીનો એટ્રિશન રેટ ગયા વર્ષના 14.1% થી ઘટીને હવે 12.6% પર આવી ગયો છે. ક્વાર્ટર-દર-ક્વાર્ટરના આધારે જોઈએ તો તેમાં 0.3% નો વધારો થયો છે. એટલે કે પાછલા ક્વાર્ટરની સરખામણીમાં આ ક્વાર્ટરમાં 8,440 લોકોએ નોકરી છોડી છે.

માર્ચ ક્વાર્ટર (Q4FY26) મુજબ, કંપનીમાં હાલમાં 3,28,594 કર્મચારીઓ છે. પાછલા ક્વાર્ટર (Q3FY26) માં આ આંકડો 3,37,034 હતો. ગયા વર્ષના સમાન ક્વાર્ટર (Q4FY25) માં કંપનીમાં 3,23,578 કર્મચારીઓ હતા. જ્યારે કંપનીએ જણાવ્યું કે FY27 માં ઈન્ફોસિસ 20 હજાર ફ્રેશર્સને હાયર કરશે.

પરિણામો જાહેર થાય તે પહેલાં આજે ઈન્ફોસિસનો શેર લગભગ 3% ઘટીને 1,231.80 પર બંધ થયો. છેલ્લા એક મહિનામાં કંપનીનો શેર 2% ઘટ્યો છે. જ્યારે 6 મહિનામાં તે 20% અને આ વર્ષે એટલે કે 1 જાન્યુઆરીથી અત્યાર સુધીમાં 25% ઘટ્યો છે. એક વર્ષમાં તે 16% ઘટ્યો છે. કંપનીનું માર્કેટ કેપ 5.15 લાખ કરોડ રૂપિયા છે.

આઈટી કંપનીઓ દર ક્વાર્ટરમાં એવો અંદાજ લગાવે છે કે આખા વર્ષમાં તેમની કમાણી કેટલી વધી શકે છે. તેને 'ગાઈડન્સ' કહેવાય છે. ઈન્ફોસિસે તેને વધારીને 3.5% કર્યું છે, જેનો અર્થ છે કે આવનારા મહિનાઓમાં કંપનીને નવા ઓર્ડર મળવાની અપેક્ષા વધી ગઈ છે.

કંપનીઓના પરિણામો બે ભાગમાં આવે છે - સ્ટેન્ડઅલોન અને કન્સોલિડેટેડ. સ્ટેન્ડઅલોનમાં ફક્ત એક યુનિટનું નાણાકીય પ્રદર્શન દર્શાવવામાં આવે છે. જ્યારે, કન્સોલિડેટેડ અથવા એકીકૃત નાણાકીય રિપોર્ટમાં આખી કંપનીનો રિપોર્ટ આપવામાં આવે છે. 1981માં સ્થાપિત, ઈન્ફોસિસ એક NYSE લિસ્ટેડ ગ્લોબલ કન્સલ્ટિંગ અને આઈટી સર્વિસિસ કંપની છે. 250 ડોલર (આજના હિસાબે આશરે 23,000 રૂપિયા) ની મૂડીથી નારાયણ મૂર્તિએ કંપનીની શરૂઆત કરી હતી. કંપનીના CEO અને મેનેજિંગ ડિરેક્ટર સલિલ પારેખ છે. ડી સુંદરમ કંપનીના લીડ ઈન્ડિપેન્ડન્ટ ડિરેક્ટર છે. આઈટી કંપનીઓ દર ક્વાર્ટરમાં એવો અંદાજ લગાવે છે કે આખા વર્ષમાં તેમની કમાણી કેટલી વધી શકે છે. તેને 'ગાઈડન્સ' કહેવાય છે. ઈન્ફોસિસે તેને વધારીને 3.5% કર્યું છે, જેનો અર્થ છે કે આવનારા મહિનાઓમાં કંપનીને નવા ઓર્ડર મળવાની અપેક્ષા વધી ગઈ છે. કંપનીઓના પરિણામો બે ભાગમાં આવે છે - સ્ટેન્ડઅલોન અને કન્સોલિડેટેડ. સ્ટેન્ડઅલોનમાં ફક્ત એક યુનિટનું નાણાકીય પ્રદર્શન દર્શાવવામાં આવે છે. જ્યારે, કન્સોલિડેટેડ અથવા એકીકૃત નાણાકીય રિપોર્ટમાં આખી કંપનીનો રિપોર્ટ આપવામાં આવે છે. કંપનીનો એટ્રિશન રેટ ગયા વર્ષના 14.1% થી ઘટીને હવે 12.6% પર આવી ગયો છે. ક્વાર્ટર-દર-ક્વાર્ટરના આધારે જોઈએ તો તેમાં 0.3% નો વધારો થયો છે.

# ભારતીય બટર ચિકન દુનિયાની ટોપ 6 ચિકન વાનગીમાં: ભારતીય ભોજન દુનિયામાં 13મું સૌથી બેસ્ટ, બટર ગાર્લિક નાન દુનિયાની નંબર-1 બ્રેડ

નવી દિલ્હી, તા.24

ભારતીય વાનગી બટર ચિકન હાલના દિવસોમાં ચર્ચામાં છે. હાલમાં ન્યુઝીલેન્ડના એક મંત્રીએ ન્યુઝીલેન્ડ અને ભારત વચ્ચે પ્રસ્તાવિત મુક્ત વ્યાપાર કરારને 'બટર ચિકન સુનામી' ગણાવ્યો હતો. પરંતુ રાજકારણથી હટીને વાત કરીએ તો, ગ્લોબલ ફૂડ ગાઈડ ટેસ્ટએટલસ દ્વારા એપ્રિલ 2026માં પ્રકાશિત ટોપ 100 ચિકન વાનગીઓની યાદીમાં, ભારતનું બટર ચિકન છઠ્ઠા સ્થાને છે.



છેલ્લા ઘણા વર્ષોથી ગ્લોબલ ફૂડ પ્લેટફોર્મ ટેસ્ટ એટલસની બેસ્ટ 100 વાનગીઓની યાદીમાં ભારત ટોપ 15માં સ્થાન જાળવી રાખ્યું છે. આ વર્ષની ટેસ્ટએટલસની યાદીમાં 5 માંથી 4.43ના મજબૂત રેટિંગ સાથે ભારત 13મા સ્થાને છે. 18,912 ફૂડ્સ માટે 590,228 માન્ય રેટિંગના આધારે આ પસંદગી કરવામાં આવી છે.

બેસ્ટ 100 ફૂડ રિજનમાં દક્ષિણ ભારત 40મા સ્થાને છે. બેસ્ટ ફૂડ સિટીઝમાં મુંબઈ દુનિયામાં 5મા સ્થાને છે. દિલ્હી 53મા, હૈદરાબાદ 54મા સ્થાને, કોલકાતા 73મા સ્થાને, અને ચેન્નઈ 93મા સ્થાને છે. ટેસ્ટએટલસની બેસ્ટ ફૂડ બાય કેટેગરી લિસ્ટમાં ભારતની બટર ગાર્લિક નાન દુનિયાની નંબર-1 બ્રેડ છે. વેજીટેબલ ડિશીઝમાં મલાઈ કોફ્તા દુનિયામાં ત્રીજા સ્થાને છે. દુનિયાની બેસ્ટ ડેઝર્ટમાં ભારતીય કુલ્ફી 49મા સ્થાને અને ફિરની 60મા સ્થાને છે.

ખાવા-પીવાના મામલે પંજાબના શહેર અમૃતસરનું નામ દુનિયામાં પ્રખ્યાત થઈ રહ્યું છે. હાલમાં જ અમૃતસરના શેફ વિકાસ ખન્નાને ટાઈમ 100 ગ્લોબલ ઈન્ફ્લુએન્સર્સની યાદીમાં સામેલ કરવામાં આવ્યા છે. ત્યાં જ ટેસ્ટ એટલસની બેસ્ટ 100 ગ્લોબલ ડિશની યાદીમાં અમૃતસરી કુલ્યાને 17મું સ્થાન મળ્યું છે અને તે ભારતની ડિશમાં સૌથી ઉપર છે. ત્યાં જ દુનિયાની બેસ્ટ 100 બ્રેડમાં પણ અમૃતસરી કુલ્યા ચોથા નંબર પર છે. એટલું જ નહીં, દુનિયાની બેસ્ટ ફૂડ સિટીઝમાં અમૃતસરનો 48મો નંબર છે. વિકાસ ખન્નાએ ન ફક્ત ન્યૂયોર્કમાં ભારતીય ભોજનને એક નવી ઓળખ આપી, પરંતુ આપત્તિઓ દરમિયાન પોતાની માનવીય સેવાઓથી પણ દુનિયાનું દિલ જીત્યું.

# ભારતની ક્રૂડ આયાતમાં ઓપેક રાષ્ટ્રોનો હિસ્સો 29%ના રેકોર્ડ નીચલા તળિયે

## દેશની ગલ્ફ દેશોમાંથી ક્રૂડ ઓઈલ આયાત 61 ટકા ઘટીને આશરે 11.8 લાખ બેરલ પ્રતિ દિવસ થઇ

અમદાવાદ, તા.24

અમેરિકા-ઈરાન સંઘર્ષની અસર હવે ભારતના એનર્જી સપ્લાય પર સ્પષ્ટપણે દેખાય છે. તાજેતરના શિપિંગ ડેટા અનુસાર, ફેબ્રુઆરીની તુલનામાં માર્ચમાં ભારતની ક્રૂડ ઓઈલ આયાતમાં આશરે ૧૩ ટકાનો ઘટાડો નોંધાયો છે.




આ ઘટાડાનું એક મુખ્ય કારણ હોર્મુઝ સ્ટ્રેટમાં વધેલો તણાવ છે - જે વિશ્વના સૌથી મહત્વપૂર્ણ ઓઈલ પરિવહન માર્ગોમાંનો એક છે. આ માર્ગ થકી આવતા સપ્લાયમાં ભારે ઘટાડો જોવા મળ્યો છે, ગલ્ફ દેશોમાંથી તેલની આયાત ૬૧ ટકા ઘટીને આશરે ૧૧.૮ લાખ બેરલ પ્રતિ દિવસ થઈ ગઈ છે. પરિસ્થિતિ એટલી ગંભીર છે કે તાજેતરના દિવસોમાં આ માર્ગ દ્વારા પરિવહન કરતા જહાજોની સંખ્યામાં ન બરાબર થઈ ગઈ છે.

ગલ્ફ ક્ષેત્રમાંથી સપ્લાયમાં વિક્ષેપ બાદ, ભારત વૈકલ્પિક સ્ત્રોતો તરફ વળ્યું છે. રશિયા હવે ભારતના સૌથી મોટા ક્રૂડ ઓઈલ સપ્લાયર તરીકે ઉભરી આવ્યું છે. રશિયાથી આયાત લગભગ બમણી થઈ ગઈ છે, જે દરરોજ ૨૨.૫ લાખ બેરલ સુધી પહોંચી ગઈ છે અને ભારતની કુલ તેલ આયાતમાં તેનો હિસ્સો લગભગ ૫૦ ટકા સુધી વધી ગયો છે.

આ દરમિયાન, સાઉદી અરેબિયા બીજા સ્થાને સરકી ગયું છે, જ્યારે અંગોલા આયાતમાં વધારાને કારણે ત્રીજા સ્થાને પહોંચી ગયું છે. યુએઈ અને ઈરાક અનુક્રમે ચોથા અને પાંચમા સ્થાને આવી ગયા છે. આ પરિવર્તનની અસર ઓપેક પર પણ પડી છે; ભારતની કુલ તેલ આયાતમાં ઓપેક રાષ્ટ્રોનો હિસ્સો લગભગ ૨૯ ટકા સુધી ઘટી ગયો છે, જે અત્યાર સુધીનો સૌથી નીચો આંકડો માનવામાં આવે છે.

વૈશ્વિક ભૂરાજકીય તણાવોએ ભારતની ક્રૂડ સપ્લાય વ્યૂહરચનાને ફરીથી આકાર આપ્યો છે, ગલ્ફ દેશો પર તેની નિર્ભરતા ઘટાડી છે જ્યારે રશિયા અને અન્ય વૈકલ્પિક સ્ત્રોતોની ભૂમિકા ઝડપથી વિસ્તરી રહી છે.

# ભારતીય ઈક્વિટી એક માસ કરતા ઓછા સમયમાં બીજી વખત ડાઉનગ્રેડ

મુંબઈ, તા.24

ભારતીય ઈક્વિટીસને ન્યુટ્રલમાંથી ડાઉનગ્રેડ કરી એચએસબીસીએ તેને અન્ડરવેઈટ કરી છે. એક મહિના કરતા પણ ઓછા સમયગાળામાં ભારતીય ઈક્વિટીસને બીજી વખત ડાઉનગ્રેડ કરી છે.



મધ્યપૂર્વના યુદ્ધને કારણે ઊર્જા ભાવમાં થઈ રહેલા વધારાથી ભારતીય કંપનીઓની અર્નિંગ્સ રિકવરી ટકી શકશે કે કેમ તે સામે શંકા હોવાનું ધ્યાનમાં રાખી આ ડાઉનગ્રેડ આવી પડયું છે.યુદ્ધ ફાટી નીકળ્યા બાદ ક્રુડ તેલના ભાવમાં ભારે ઉછાળો જોવાયો છે. હાલમાં ફરી પ્રતિ બેરલ ૧૦૦ ડોલરને પાર કરી ગયો છે. ક્રુડ તેલના ઊંચા ભાવને પરિણામે ભારતમાં ફુગાવા તથા વિકાસ સામે જોખમ ઊભુ થયું છે. વિશ્વમાં ભારત ક્રુડ તેલનો ત્રીજો મોટો આયાતકાર દેશ છે.

હાલના સંજોગોમાં ઉત્તર પૂર્વ એશિયન હરિફોમાં ભારતીય ઈક્વિટીસ ઓછી આકર્ષિત જણાય છે. વર્તમાન વર્ષમાં બેન્ચમાર્ક સેન્સેકસ તથા નિફટી સાત ટકાથી વધુ ઘટી ગયા છે.

જૂન તથા સપ્ટેમ્બર ત્રિમાસિકમાં તેલ તથા ગેસની બજાર એકદમ તાણભરી રહેવાની એચએસબીસી અપેક્ષા રાખી રહી છે. આવી સ્થિતિમાં કંપનીઓના અર્નિંગ્સની અપેક્ષામાં ઘટાડો થઈ શકે છે. ક્રુડ તેલના ભાવમાં વીસ ટકા વધારો અર્નિંગ્સ વૃદ્ધિમાં ૧.૫૦ ટકાનો ફટકો પાડે છે.

યુદ્ધને કારણે ભારતીય ઈક્વિટીસમાં કરેકશન આવ્યું છે આમછતાં, અર્નિંગ્સમાં ઘટાડાથી આ ઈક્વિટીસ વધુ ખર્ચાળ જણાશે, એમ પણ બ્રોકરેજ પેઢીએ વધુમાં જણાવ્યું છે.

રૂપિયામાં ઘસારા તથા એઆઈની ટેકનોલોજી ક્ષેત્ર પર અસરને જોતા વિદેશી રોકાણકારોમાં ભારતીય ઈક્વિટીસ બાબત ચિંતા પ્રવર્તી રહી છે.

# અમેરિકા ખાતે સ્માર્ટફોનની નિકાસ 86 ટકા વધી 19.68 અબજ ડોલર

મુંબઈ, તા.24

અમેરિકા સાથે ટેરિફ વિવાદને કારણે ભારતના વેપાર સંબંધોમાં તાજેતરમાં ચડાવઊતાર જોવા મળી હોવા છતાં, અમેરિકા ખાતે



સ્માર્ટફોનની નિકાસમાં વધારો થયો છે. સમાપ્ત થયેલા નાણાં વર્ષ ૨૦૨૫-૨૬માં સ્માર્ટફોનની આગેવાનીમાં દેશની ઈલેકટ્રોનિકસ નિકાસ વાર્ષિક ધોરણે ૨૪ ટકા વધી ૪૭.૯૬ અબજ ડોલર રહી છે જે નાણાં વર્ષ ૨૦૨૪-૨૫માં ૩૮.૫૬ અબજ ડોલર જોવા મળી હતી.

પ્રોડકશન લિન્કડ ઈન્સેન્ટિવ સ્કીમ (પીએલઆઈ)ના નિકાસ વૃદ્ધિના સ્વરૂપમાં પરિણામ મળી રહ્યા હોવાનું સરકારી સુત્રોએ જણાવ્યું હતું. સ્માર્ટફોનની નિકાસમાં ૨૨ ટકા વધારો થયો છે. ભારતમાં ઉત્પાદિત સ્માર્ટફોનની અમેરિકા ખાતેથી માગમાં વાર્ષિક ધોરણે ૮૬ ટકા વધારો થઈને ૧૯.૬૮ અબજ ડોલર રહી હતી.

સ્માર્ટફોન ઉપરાંત પ્રિન્ટેડ સર્કિટ બોર્ડસ, કોમ્પ્યુટર, ટેલિકોમ સાધનોની નિકાસમાં પણ ગત નાણાં વર્ષમાં વધારો જોવા મળ્યો હોવાનું પ્રાપ્ત ડેટામાં જણાવાયું છે. ભારતમાં ઉત્પાદિત ઈલેકટ્રાનિક ચીજવસ્તુઓની હોંગકોંગ, ચીન, યુએઈ તથા સિંગાપુર સહિતના દેશો ખાતે પણ નોંધપાત્ર નિકાસ થાય છે. ઈલેકટ્રોનિકસ ક્ષેત્ર માટે સરકારે જાહેર કરેલી પીએલઆઈ સ્કીમ્સને કારણે ઘરઆંગણે ઉત્પાદનમાં વધારો શકય બન્યો છે. પ્રોડકશન લિન્કડ ઈન્સેન્ટિવ સ્કીમ લાગુ થયા બાદ સ્માર્ટફોનની નિકાસમાં વધારો થયો છે જેને પરિણામે એકંદર ઈલેકટ્રોનિકસ નિકાસમાં વૃદ્ધિ થવા પામી છે. ભારતના સ્માર્ટફોનની નિકાસ માટે અમેરિકા મોટું મથક બની રહ્યું છે.

**પશ્ચિમ રેલવે - અમદાવાદ મંડળ**

**પાર્સલ લીઝિંગ કરારો માટે ઇ-નીલામી**

અમદાવાદ મંડળમાંથી પ્રારંભ થતી મુસાફર ગાડીઓમાં પાર્સલ જગ્યા લીઝ પર આપવા માટે ઈ-નીલામી આમંત્રિત કરવામાં આવી છે. તેનો કેટલોગ પહેલેથી જ IREPS વેબસાઈટ પર પ્રકાશિત કરવામાં આવ્યો છે. વિગતો નીચે મુજબ આપવામાં આવે છે.

| કેટલોગ નંબર | કરારનો પ્રકાર | શ્રેણી | ઈ-હરાજીની તારીખ અને સમય |
|---|---|---|---|
| Lease-ADI-06-26 | પાર્સલ | Parcel-SLR અને Parcel-Van | લોટ તારીખ 08.05.2026 ના રોજ 10:00 કલાકે શરૂ થશે |

નોંધ: સંભવિત બિડરોને વિનંતી કરવામાં આવે છે કે તેઓ IREPS વેબસાઈટ (www.ireps.gov.in) પર ઉપલબ્ધ ઈ-ઓક્શન લીઝિંગ મોડ્યુલની મુલાકાત લે. લોટ મુજબની વિગતો ઉપર દર્શાવેલ કેટલોગ નં. હેઠળ ઉપલબ્ધ છે. પ્રારંભિક કૂલિંગ ઓફ સમય 30 મિનિટ રહેશે। દરેક લોટના ક્લોઝિંગ વચ્ચેનો સમયાંતર 10 મિનિટ રહેશે. લોટ મુજબનો ક્લોઝિંગ સમય IREPS ના ઈ-ઓક્શન મોડ્યુલમાં જોઈ શકાય છે

ADI 011

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

# 29 એપ્રિલ સુધી રાજ્યભરમાં ગરમીનું યલો એલર્ટ

## રાજકોટ-અમરેલીમાં પારો 42°Cને પાર, અમદાવાદમાં 'રિયલ ફીલ'ની અસર, 26મીએ મતદારોની બેવડી કસોટી

**અમદાવાદ, તા.24**

એપ્રિલના અંતમાં ઉનાળો આકરો બની રહ્યો છે. ગુરુવારે રાજકોટ 42.7 ડિગ્રી મહત્તમ તાપમાન સાથે રાજ્યનું સૌથી ગરમ શહેર નોંધાયું છે. જ્યારે અમદાવાદમાં 41.5 ગરમી સાથે 'રિયલ ફીલ'ની અસર જોવા મળી રહી છે. લોકોને 41.5Cમાં 43Cનો અનુભવ થઈ રહ્યો છે.



બપોરે 12થી 4 શહેરના મુખ્ય રસ્તાઓ પર 'કર્ફ્યૂ' જેવો માહોલ જોવા મળી રહ્યો છે. કાળઝાળ ગરમીને કારણે બપોરના સમયે લોકો બહાર નીકળવાનું ટાળી રહ્યા છે. અનિવાર્ય સંજોગોમાં બહાર નીકળતા ટૂ-વ્હીલર ચાલકો મોઢે રૂમાલ, હેલ્મેટ અને ચશ્મા પહેરીને 'લૂ'થી બચવા મથામણ કરી રહ્યા છે.

હવામાન વિભાગે 29 એપ્રિલ સુધી સમગ્ર રાજ્યમાં ભારે ગરમીની આગાહી સાથે 'યલો એલર્ટ' જાહેર કર્યું છે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસર ઓછી થતા અને પશ્ચિમી સૂકા પવનો ફૂંકાવાને કારણે વાતાવરણ વધુ શુષ્ક બનશે, જેનાથી લોકોએ હજી વધુ શેકાવું પડશે. આગામી 26મી એપ્રિલે જ્યારે રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનું મતદાન થવાનું છે, ત્યારે કુદરત પણ કસોટી કરશે. હવામાન વિભાગના મતે 26 તારીખે વાતાવરણ એકદમ શુષ્ક રહેશે અને પારો 40થી 43 ડિગ્રી વચ્ચે રહેવાની પૂરી શક્યતા છે.

રાજ્યમા પવનની દિશા બદલાઈને શરૂ થયેલાં ગરમ-સુકા પવનોની અસરથી ગુરુવારે અમદાવાદનું મહત્તમ તાપમાન સામાન્યથી 1.3 ડિગ્રી વધીને 41.5 ડિગ્રી અને લઘુત્તમ તાપમાન 25.6 ડિગ્રી નોંધાયું હતું. જ્યારે ભેજનું પ્રમાણ સવારે 8.30 કલાકે 59 ટકા અને સાંજે 5.30 કલાકે 18 ટકા નોંધાયું હતું. દિવસ દરમિયાન આકાશ સ્વચ્છ રહેતાં ગરમીની સાથે બફારો વધતાં લોકોએ 41.0 ડિગ્રીએ 43 ડિગ્રી ગરમીનો અનુભવ કર્યો હતો.

હવામાન વિભાગના ડાયરેક્ટર ડૉ. એ. કે. દાસના જણાવ્યા અનુસાર, 24થી 30 એપ્રિલ સુધી રાજ્યમાં હવામાન મુખ્યત્વે શુષ્ક રહેવાની શક્યતા છે. આગામી 3 દિવસ દરમિયાન મહત્તમ તાપમાનમાં 2થી 3 ડિગ્રી સેલ્સિયસનો વધારો જોવા મળી શકે છે. જોકે, ત્યારબાદના દિવસોમાં તાપમાનમાં ફરી 2થી 3 ડિગ્રીનો ઘટાડો થવાની સંભાવના છે.

24 અને 25 એપ્રિલ દરમિયાન ગુજરાતના દરિયાકાંઠાના વિસ્તારો, ખાસ કરીને ઉત્તર ગુજરાત અને અન્ય તટીય ભાગોમાં મહત્તમ તાપમાન અને ભેજનું પ્રમાણ સામાન્ય કરતા વધુ રહેવાની શક્યતા છે. હવામાં ભેજ વધુ હોવાને કારણે લોકોને બફારો અને ડિસ્કમ્ફર્ટ જેવો અનુભવ થઈ શકે છે. શરૂઆતના ત્રણ દિવસ ગરમી વધ્યા બાદ તાપમાનમાં આંશિક ઘટાડો નોંધાશે.

હવામાન વિભાગના પૂર્વાનુમાન મુજબ, આજે અમદાવાદમાં 42C, રાજકોટમાં 42C, સુરતમાં 40C, ગાંધીનગરમાં 40C, અમરેલીમાં 42C, ભાવનગરમાં 39C, ભૂજમાં 40C, દાહોદમાં 38C, દમણમાં 35C, દાહોદમાં 38C, ડીસામાં 39C, દ્વારકામાં 33C, હિંમતનગરમાં 42C, જામનગરમાં 34C, કંડલામાં 38C, નલિયામાં 35C અને પોરબંદરમાં 35 C મહત્તમ તાપમાન રહેવીની સંભાવના છે.

'રિયલ ફીલ' (RealFeel) એ હવામાન વિજ્ઞાનનો શબ્દ છે જે દર્શાવે છે કે, બહારનું વાતાવરણ વાસ્તવમાં તમારા શરીરને કેવું અનુભવાય છે. ઘણીવાર તાપમાન ઓછું હોય, છતાં આપણને ગરમી વધુ લાગતી હોય છે, આ સ્થિતિને 'રિયલ ફીલ' કહેવામાં આવે છે.

ઉદાહરણ તરીકે, માની લો કે અમદાવાદમાં આજે તાપમાન 42C છે, પરંતુ હવામાં ભેજનું પ્રમાણ 60% છે. આ સ્થિતિમાં તમારા શરીરને એવું લાગશે કે જાણે બહાર 46C ગરમી છે. આ 46Cએ 'રિયલ ફીલ' તાપમાન છે. જ્યારે રિયલ ફીલ વધારે હોય ત્યારે શરીરમાં પાણીનું પ્રમાણ (Hydration) જાળવવું ખૂબ જરૂરી બને છે.

ભેજ: જો હવામાં ભેજ વધુ હોય, તો શરીરનો પરસેવો જલ્દી સુકાતો નથી, જેના કારણે આપણને ગરમી વધુ લાગે છે. પવનની ગતિ: શિયાળામાં જો પવન ઝડપી હોય, તો તાપમાન કરતા પણ વધુ ઠંડી લાગે છે (જેને 'વિન્ડ ચિલ' કહેવાય છે). સૂર્યપ્રકાશની તીવ્રતા: સીધો સૂર્યપ્રકાશ ચામડી પર પડે ત્યારે તે છાંયડા કરતા વધુ ગરમ અનુભવાય છે. વાદળોનું પ્રમાણ: વાદળછાયા વાતાવરણમાં ભેજ ઉમટતા 'બફારો' અનુભવાય છે.

# પોતાની કાર લઈને જતો ચોરી કરવા જતો ચોર ઝડપાયો: ગાંધીનગરમાં NRIના ઘરમાંથી 1 કરોડ ચોરનારને નારોલ પોલીસે રાતે પેટ્રોલિંગમાં દબોચ્યો

**અમદાવાદ, તા.24**

ગાંધીનગરમાં સેક્ટર 2માં રહેતાં NRIના ઘરમાં સોના-ચાંદીના દાગીના, યુએસ ડોલર સહિત કુલ 99.55 લાખની મત્તાની ચોરી કરનાર આરોપીને નારોલ પોલીસે ઝડપી પાડ્યો છે. પોલીસે આરોપી પાસેથી કુલ રૂ. 1 કરોડથી વધુનો મુદ્દામાલ કબ્જે કર્યો છે. નારોલ પોલીસે પેટ્રોલિંગ દરમિયાન આરોપીને ઝડપ્યો ત્યારે તેણે કબુલાત કરી હતી કે ગાંધીનગરમાં ખૂબ મોટી ચોરી કરી છે. આરોપી પોતાની કાર લઈને જ ચોરી કરવા જતો હતો. આરોપી સામે કુલ 21 ગુના પોલીસ ચોપડે નોધાયેલા છે. આ અંગે પોલીસે વધુ તપાસ શરૂ કરી છે.



આફ્રિકાના કોંગોમાં પરેશભાઈ શર્મા પરિવાર સાથે રહે છે. તેમનું એક મકાન ગાંધીનગર સેકટર-2માં છે. જ્યારે તેઓ લગ્નપ્રસંગમાં ભારત આવે ત્યારે તે મકાનમાં રોકાય છે. ગત 14 માર્ચે તેઓ ઘરને લોક મારીને આફ્રિકા ગયા હતા ત્યારે ચાવી તેમના પિતરાઈભાઈને આપી હતી. બુધવારે રાત્રે નારોલ પોલીસે પેટ્રોલિંગ દરમિયાન એક ચોર માલાભાઈ સમેચા(દેવીપૂજક)ને પકડ્યો હતો. પોલીસે પૂછપરછ કરતા તેને ગાંધીનગરમાં પરેશભાઈના ઘરમાંથી સોના-ચાંદીના દાગીના, યુએસ ડોલર સહિતની મત્તા ચોરી હોવાનું જણાવ્યું હતું.

નારોલ પોલીસે પરેશભાઈનો સંપર્ક કરીને સમગ્ર બાબતે જાણ થતા પરેશભાઈને ચોરીની જાણ થઈ હતી. જેની કિંમત તપાસ કરતા 99.55 લાખ રૂપિયા ની મતાની ચોરી થઈ હતી. પોલીસે આરોપી પાસેથી કુલ રૂ. 1 કરોડનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. આરોપીની પૂછપરછ કરતા તે કારમાં તમામ ડોક્યુમેન્ટ સાથે લઈને ફરતો હતો જેથી પોલીસ રોકે તો તમામ ડોક્યુમેન્ટ બતાવી દેતો હતો. આટલું જ નહિ શંકા ન જાય તે માટે પર્સનાલિટી એવી પાડતો હતો કે કોઈ ઓફિસર હોય તેમ ફરતો હતો. તેમજ ચોરીનો મુદ્દામાલ ગ્રામ્ય વિસ્તારોમાં સસ્તા ભાવે વેચતો હતો.આરોપી સામે ગાંધીધામ, ગાંધીનગર, પાટણ, સુરેન્દ્રનગર સહિત 21 ગુના પોલીસ ચોપડે નોધાયે હોવાનું સામે આવ્યુ છે તેમજ એક વખત પાસા પણ ભોગવી ચૂક્યો છે. નારોલ પોલીસે પેટ્રોલિંગ દરમિયાન આરોપીને ઝડપ્યો ત્યારે તેણે કબુલાત કરી હતી કે ગાંધીનગરમાં ખૂબ મોટી ચોરી કરી છે. આરોપી પોતાની કાર લઈને જ ચોરી કરવા જતો હતો. આરોપી સામે કુલ 21 ગુના પોલીસ ચોપડે નોધાયેલા છે. આ અંગે પોલીસે વધુ તપાસ શરૂ કરી છે.

# નિવૃત RPF જવાનનું 50 હજારનું બંડલ ચોરનાર ઝડપાયો: રસ્તો પૂછવાના બહાને વૃદ્ધને રિક્ષામાં બેસાડી પૈસા સેરવી લીધા, આરીપી સામે 15 ગુના દાખલ

**વડોદરા, તા.24**

શહેરના અલકાપુરી વિસ્તારમાં બેંકમાંથી રૂપિયા ઉપાડીને જઈ રહેલા એક નિવૃત RPF જવાનની નજર ચૂકવી ખિસ્સામાંથી 50,000ની ચોરી કરનાર શાતિર રિક્ષા ચાલકને સયાજીગંજ પોલીસે ગણતરીના કલાકોમાં ઝડપી પાડ્યો છે. પકડાયેલ આરોપી સામે અગાઉ અલગ-અલગ જિલ્લાઓમાં 15 જેટલા ગુનાઓ નોંધાયેલા હોવાનું બહાર આવ્યું છે. મૂળ ઉત્તરપ્રદેશના અને વડોદરાના સોખડા રોડ પર રહેતા 60 વર્ષીય પ્રહલાસિંગ જાટવ તાજેતરમાં જ RPFમાંથી નિવૃત થયા છે. ગત 21 એપ્રિલના રોજ તેઓ પોતાની ભત્રીજીના લગ્ન હોવાથી અલકાપુરીની SBI શાખામાંથી 1.50 લાખ ઉપાડીને રેલવે સ્ટેશન તરફ પગપાળા જઈ રહ્યા હતા. આ દરમિયાન એક રિક્ષા ચાલકે તેમને અટકાવી પોતે નવો હોવાનું કહી રેલવે સ્ટેશનનો રસ્તો પૂછ્યો હતો. રસ્તો બતાવવાના બહાને રિક્ષા ચાલકે



તેમને ડ્રાઈવર સીટની બાજુમાં બેસાડ્યા હતા. સ્ટેશન ઉતરીને જોયું તો તેમના ખિસ્સામાંથી 50,000નું એક બંડલ ગાયબ હતું. ઘટના અંગે સયાજીગંજ પોલીસમાં ફરિયાદ નોંધાતા PI એસ. જે. પંડ્યા અને ટીમે તપાસ હાથ ધરી હતી. પોલીસે સીસીટીવી ફૂટેજ ચેક કરીને રિક્ષાનો નંબર (GJ 23 X 7791) શોધી કાઢ્યો હતો. બાતમીના આધારે પોલીસે સ્ટેશન પાછળ ફરામજીની ચાલી પાસેથી આરોપી શાહરૂખમીયા ઉર્ફે એમ.ડી. ઉર્ફે શાહરૂખલાલા આબાદમીયા મલેક (રહે. પેટલાદ, જી. આણંદ)ને ઝડપી પાડ્યો હતો. પોલીસે આરોપી પાસેથી 19,000 રોકડા અને 50,000ની કિંમતની રિક્ષા મળી કુલ 69,000નો મુદ્દામાલ કબજે કર્યો છે. તપાસમાં જાણવા મળ્યું છે કે આરોપી શાહરૂખ સામે અગાઉ આણંદ, વિદ્યાનગર, પેટલાદ, તારાપુર, રાવપુરા અને અકોટા પોલીસ સ્ટેશનમાં ચોરી સહિતના 15 ગુનાઓ નોંધાયેલા છે અને તે પાસા (PASA) હેઠળ જેલની હવા પણ ખાઈ ચૂક્યો છે. હાલ પોલીસે આરોપીની વધુ પૂછપરછ હાથ ધરી છે.

# CMના રોડ શો બાદ તે રૂટ પર કોંગ્રેસના ઉમેદવારોની રેલી: બાપુનગર વોર્ડમાં કોંગ્રેસની પેનલ જીતશે.....

**અમદાવાદ, તા.24**

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી માટે ઉમેદવારોએ અંતિમ ઘડીએ એડી ચોટીનું જોર લગાવી દીધું હતું. મતદારોને આકર્ષવા મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે બાપુનગરમાં રોડ શો કર્યો હતો. જે બાદ બાપુનગર વોર્ડના કોંગ્રેસના ઉમેદવાર દ્વારા તેજ રૂટ પર રેલી યોજી પ્રચાર પ્રસાર કરવામાં આવ્યો હતો. બાપુનગર વોર્ડના કોંગ્રેસના ઉમેદવારોની બાઈક રેલીમાં મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ જોડાયા હતા તેમજ અમદાવાદ શહેર પ્રમુખ સોનલ પટેલ પણ રેલીમાં હાજર રહ્યા હતા. જોકે, બાપુનગર વોર્ડના કોંગ્રેસના ઉમેદવારોએ પેનલ જીતશે એવો વિશ્વાસ પણ વ્યક્ત કર્યો છે.



કોંગ્રેસ દ્વારા આ વખતે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીમાં રેલી અને મોટી સભા કરવાના બદલે ઘરે ઘરે જઈને પ્રચાર કર્યો હતો. ઉમેદવારો મતદારોને આકર્ષવા મતદારોના ઘરે જઈને તેમની સમસ્યાનો નિરાકરણ લાવવા માટે ખાતરી આપી હતી. પરંતુ અંતિમ ઘડીએ મતદારોને આકર્ષવા માટે કોંગ્રેસના ઉમેદવારોએ રેલી યોજી હતી. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે ભાજપના ઉમેદવારો માટે જે જગ્યાએ રોડ શો કર્યો હતો તે જ રૂટ પર બાપુનગર વોર્ડના કોંગ્રેસના ઉમેદવારોએ રેલી યોજી હતી. જો કે રેલી દરમિયાન કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના ઉમેદવારો આમને સામને આવી જતા કાર્યકર્તાઓએ ઉગ્ર નારેબાજી પણ કરી હતી. બાપુનગર વોર્ડના કોંગ્રેસના ઉમેદવાર નાગજી દેસાઈએ જણાવ્યું કે, 4 હજાર કરતા વધુ મતથી બાપુનગર વોર્ડની જનતા અમને જીતાડશે. નાગરિકો પણ કહી રહ્યા છે કે, આ લડાઈ અમારી અને ભાજપની છે જેથી અમે કોંગ્રેસને જીતાડીશું. ભાજપના ઉમેદવારોને અમે પાડી દઈશું એવું અમને વિશ્વાસ આપવામાં આવ્યો છે. CM કે PM બાપુનગરની ગટર સાફ કરવા માટે આવવાના નથી. આ બધા લોકો ભાજપનું માર્કેટિંગ કરવા માટે આવે છે. બાપુનગરને નગર સેવક જોઈએ છે. જેથી CM ના રોડ શો કરવાથી કોઈ ફરક પડવાનો નથી. બાપુનગરની જનતા આખી પેનલને જીતાડશે. કોંગ્રેસ દ્વારા આ વખતે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીમાં રેલી અને મોટી સભા કરવાના બદલે ઘરે ઘરે જઈને પ્રચાર કર્યો હતો. ઉમેદવારો મતદારોને આકર્ષવા મતદારોના ઘરે જઈને તેમની સમસ્યાનો નિરાકરણ લાવવા માટે ખાતરી આપી હતી. પરંતુ અંતિમ ઘડીએ મતદારોને આકર્ષવા માટે કોંગ્રેસના ઉમેદવારોએ રેલી યોજી હતી. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે ભાજપના ઉમેદવારો માટે જે જગ્યાએ રોડ શો કર્યો હતો તે જ રૂટ પર બાપુનગર વોર્ડના કોંગ્રેસના ઉમેદવારોએ રેલી યોજી હતી. જો કે રેલી દરમિયાન કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના ઉમેદવારો આમને સામને આવી જતા કાર્યકર્તાઓએ ઉગ્ર નારેબાજી પણ કરી હતી.

# ડુમસના કરોડોના પ્લોટ પચાવી પાડવાનું કૌભાંડ: બોગસ સહી અને નકલી સોદાચીઠ્ઠી બનાવી છેતરપિંડી આચરનાર મોહશીન પઠાણ જેલના સળિયા પાછળ

**સુરત, તા.24**

ડુમસ સુલતાનાબાદ વિસ્તારમાં આવેલી કરોડોની કિંમતની જમીન પચાવી પાડવાના પેંતરાનો સુરત આર્થિક ગુના નિવારણ શાખાએ પર્દાફાશ કર્યો છે. ફરિયાદીના પ્લોટની બોગસ સોદાચીઠ્ઠી બનાવી, નકલી સહીઓ કરી અને જમીન અન્યને વેચાણ કરવાના ઈરાદે છેતરપિંડી આચરનાર રીઢા આરોપી મોહશીન કાદરમીયા પઠાણની ધરપકડ કરવામાં આવી છે.

આ કેસમાં પોલીસે ટેકનિકલ સર્વેલન્સ અને દસ્તાવેજી પુરાવાઓના આધારે તપાસ તેજ કરીને આરોપીને કોર્ટમાં રજૂ કરી રિમાન્ડ મેળવ્યા છે.

આ સમગ્ર મામલાની વિગત મુજબ, ફરિયાદી મોહમદ નઝીર અબ્દુલહય ખાન નાઓએ આર્થિક ગુના નિવારણ શાખામાં ફરિયાદ નોંધાવી હતી. જેમાં જણાવ્યું હતું કે, તેમની સુલતાનાબાદ ખાતે આવેલી કિંમતી જમીન અને પ્લોટ હડપવા માટે આરોપી મોહશીન પઠાણ અને ઐયુબ સામીયા મલેકે એક વ્યવસ્થિત કાવતરું ઘડ્યું હતું. આરોપીઓએ ફરિયાદી અને સાહેદોની જાણ બહાર તેમની બોગસ સહીઓ કરી નકલી



સોદાચીઠ્ઠી તૈયાર કરી હતી.

આ સોદાચીઠ્ઠીના આધારે પ્લોટો અન્ય ત્રાહિત વ્યક્તિઓને વેચાણ કરવાના પ્રયાસો હાથ ધરવામાં આવ્યા હતા, જેની જાણ ફરિયાદીને થતા તાત્કાલિક પોલીસનો સંપર્ક સાધવામાં આવ્યો હતો.

આરોપીઓની ગુના કરવાની પદ્ધતિ અત્યંત ચાલાકીભરી હતી. મુખ્ય આરોપી મોહશીન પઠાણ ફરિયાદીના જમાઈ મહેદી હશન પાસે મુંબઈ ખાતે ગયો હતો. ત્યાં વિશ્વાસમાં લઈને ફરિયાદી તથા અન્ય પ્લોટ માલિકોના ઓળખના પુરાવાના ફોટા પોતાના મોબાઈલમાં પાડી લીધા હતા.

ત્યારબાદ આ ફોટાનો દુરુપયોગ કરી પાસપોર્ટ સાઈઝના ફોટા તૈયાર કર્યા હતા અને તેનો ઉપયોગ ઐયુબ સામીયા મલેકના નામે બનાવેલી બોગસ સોદાચીઠ્ઠીમાં કર્યો હતો. આ રીતે ડિજિટલ ડેટાનો દુરુપયોગ કરી આખું કૌભાંડ રચવામાં આવ્યું હતું.

જમીન કાયદેસર રીતે વેચાણ થઈ રહી છે એવું સાબિત કરવા માટે આરોપીઓએ અખબારોનો પણ સહારો લીધો હતો. આરોપીઓએ તારીખ 08/02/2025 ના રોજ દૈનિક પેપરમાં મિલકત વેચાણ અંગેની જાહેર નોટિસ પ્રસિદ્ધ કરાવી હતી. આ નોટિસના આધારે અન્ય પાર્ટીઓ પાસે જઈ વિશ્વાસ કેળવી પ્લોટો વેચવા માટેના સોદા કરી પૈસા મેળવ્યા હોવાનું પણ પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે. ફરિયાદીએ વર્ષ 2012માં જે એસ એમ હોટલ્સ પ્રા. લી. પાસેથી દસ્તાવેજ કરી આ પ્લોટો ખરીદ્યા હતા, જેની ઉપર આરોપીઓએ નજર બગાડી હતી. ડી.સી.બી. પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુનાની ગંભીરતા જોતા તપાસ પો.સ.ઈ. વાય.જી. ગીરનારને સોંપવામાં આવી હતી.

**ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત**
**આપે છે તક...**
**બનો સોશિયલ જર્નાલિસ્ટ**
આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.
વોટ્સએપ નંબર - 8980070599

